અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
શ્લોકા અંબાણીએ દેરાણી રાધિકાની જૂની સાડી પહેરી

પેજ-09
મેદાન પર ભારે ડ્રામા વચ્ચે તિલક વર્માની ભૂલ ચર્ચામાં, અમ્પાયરનો નિર્ણય



હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	32.00	18.00
વડોદરા	32.00	18.00
સુરત	33.00	21.00

પેજ 5



4 એવા કારણો જેના લીધે કૂડ ઓઈલમાં ભયંકર કડાકાના સંકેત, યુદ્ધ...

24 NOVEMBER-2026 TUESDAY

ચીને ગુપ્ત રીતે તફડાવી એડવાન્સ એઆઈ ટેક્નોલોજી



પેજ 10

શેરબજાર

સેન્સેક્સ	82435.99 ▼	1483.72
નિફ્ટી	25349.65 ▼	450.95
સોનું	126402.00 ▲	4624.0
ચાંદી	154601.00 ▲	6788.0

વર્ષ-16 । અંક-010 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ - 15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

₹15 હજાર કરોડ મદદની જાહેરાત; બાલેને કહ્યું- ભારત-નેપાળના સંબંધો હિમાલયની જેમ મજબૂત

નેપાળ વિના અમારા ધામ અને રામ અધૂરા



(એજન્સી) નવી દિલ્હી | તા.23

પીએમ નરેન્દ્ર મોદીએ સોમવારે નેપાળ સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે 15 હજાર કરોડ ભારતીય રૂપિયાની મદદની જાહેરાત કરી. બાલેન શાહની ભારતની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાતને બંને દેશોની ગાઢ મિત્રતાનું પ્રતીક ગણાવતા મોદીએ સહિયારા ઈતિહાસ, સંસ્કૃતિ અને આસ્થાનો ઉલ્લેખ કર્યો.પીએમ મોદીએ કહ્યું કે ભગવાન રામ અને માતા સીતા ભારત-નેપાળની સહિયારી સભ્યતાના પ્રતીક છે. 2018ની જનકપુર યાત્રાને યાદ કરતાં મોદીએ કહ્યું કે નેપાળ વિના અમારા ધામ અને અમારા રામ પણ અધૂરા છે.પીએમ મોદીએ નેપાળમાં આવેલી પૂર હોનારતમાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સાથે જ, પીએમ મોદીએ નેપાળ માટે 24,000 કરોડ નેપાળી રૂપિયા (15 હજાર કરોડ ભારતીય રૂપિયા)ના વિકાસ પેકેજની જાહેરાત કરી. પીએમ મોદીએ કહ્યું કે ભારત-નેપાળના સંબંધો સહિયારા ઈતિહાસ, આસ્થા, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના ગાઢ જોડાણથી બંધાયેલા છે.

'ભગવાન રામ અને માતા સીતા સહિયારી સભ્યતાના પ્રતીક' - PM મોદી : ભારત નેપાળ સંબંધો PM મોદી બાલેન શાહ ૨૦૨૬ સંદર્ભે સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ નેપાળમાં આવેલી પૂર હોનારતમાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. ૨૦૧૮ની પોતાની જનકપુર યાત્રાને યાદ કરતા મોદીએ ભાવુકતાપૂર્વક જણાવ્યું હતું કે, 'ભગવાન રામ અને માતા સીતા ભારત-નેપાળની સહિયારી સભ્યતાના પ્રતીક છે. નેપાળ વિના અમારા ધામ અને અમારા રામ પણ અધૂરા છે.'સામે પક્ષે નેપાળના વડાપ્રધાન બાલેન શાહે જણાવ્યું હતું કે, 'ભારત અને નેપાળના સંબંધો હિમાલય જેવા મજબૂત અને સમુદ્ર જેવા વિશાળ છે.' તેમણે નેપાળમાં રોકાણ કરવા માટે ભારતીય રોકાણકારોને આમંત્રણ આપ્યું હતું.

કંડલા-પારાદીપ બંદરો સુધી પહોંચ અને 'સરયૂ-કમલા એક્સપ્રેસ'નો પ્રારંભ : નેપાળ વિકાસ પેકેજ ૧૫ હજાર કરોડ કંડલા બંદર અને કનેક્ટિવિટી ક્ષેત્રે બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતા:
બંદરો સુધી પહોંચ: ભારત નેપાળને ગુજરાતના કંડલા અને ઓડિશાના પારાદીપ બંદરો સુધી પહોંચ આપશે, જેનાથી નેપાળનો અન્ય દેશો સાથેનો દરિયાઈ વેપાર સરળ બનશે.
ધાર્મિક રેલ સેવા: અયોધ્યા જનકપુર સરયૂ કમલા એક્સપ્રેસ ભારત નેપાળ MoU અંતર્ગત, ભગવાન રામની નગરી અયોધ્યા અને માતા સીતાના જન્મસ્થળ જનકપુર વચ્ચે સીધી ટ્રેન 'સરયૂ-કમલા એક્સપ્રેસ' ને બંને વડાપ્રધાનોએ લીલી ઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો હતો.સરહદી પરિયોજનાઓ: ઉત્તરાખંડ અને નેપાળ વચ્ચે ધારચૂલા ખાતે પુલનું ઉદ્ઘાટન કરાયું છે તથા બનબસા ખાતે સંકલિત તપાસ ચોકી (ICP) નો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. બિહાર અને ઉત્તર પ્રદેશ સાથે જોડાયેલા માર્ગ અને રેલવે પ્રોજેક્ટ્સને પણ ઝડપથી આગળ ધપાવવામાં આવશે.

News Brief

અરૂણાચલ સરહદે સંઘર્ષ દૂર કરવા ભારત-ચીનની કમાન્ડર સ્તરની બેઠક

નવી દિલ્હી : અરૂણાચલ પ્રદેશ સરહદ નજીક ભારત અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સંઘર્ષના અહેવાલો આવી રહ્યા છે ત્યારે શિયાળાની ઠંડી શરૂ થાય તે પહેલાં આ તણાવ દૂર કરવા માટે ભારત અને ચીન વચ્ચે બીજા તબક્કાની કોર કમાન્ડર સ્તરની બેઠક યોજાઈ હતી. બીજીબાજુ અરૂણાચલમાં સિયાંગ ઝેમના વિરોધ વચ્ચે સરકારે દાવો કર્યો કે ચીન સરહદ નજીકના ૪૦ ગામોમાં પલાયન અટકી ગયું છે અને સ્થાનિક વસતી વધી છે.

અરૂણાચલ પ્રદેશમાં સરહદ નજીક ચીના સૈનિકો ઘૂસણખોરી કરતા હોવાના અહેવાલો વચ્ચે બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. આવા સમયે દિવાળી પછી ૮ નવેમ્બરે ભારત અને ચીન વચ્ચે બીજા તબક્કાની કોર કમાન્ડર સ્તરની બેઠક યોજાઈ હતી. આ બેઠક લગભગ ૧૦ દિવસ સુધી ચાલી હતી. આ બેઠકમાં ભારતનું નેતૃત્વ સેનાની ત્રીજી કોર (સ્પીયર કોર)ના જનરલ ઓફિસર કમાન્ડિંગ લેફ્ટનન્ટ જનરલ ગિરીશ કાલિયાએ કર્યું હતું.

40 જેસીબી અને 1,000 પોલીસ જવાનો તૈનાત કરાયા

ભોપાલમાં 600 જેટલા EWS ક્વાર્ટર પર તંત્રનું બુલડોઝર, 3000થી વધુ બેઘર થવાની આશંકા

(એજન્સી) ભોપાલ | તા.23

ભોપાલના એશબાગ વિસ્તારમાં હાઉસિંગ બોર્ડના આશરે 600 EWS મકાનો ધ્વસ્ત કરાયા. 40-50 વર્ષ જૂના અને જર્જરિત મકાનો તોડી પડાયા છે. 3,000 લોકો પ્રભાવિત થયા, 110 પાત્ર પરિવારોને નવી યોજના હેઠળ ફ્લેટ અપાશે. હાઈકોર્ટે પણ સામૂહિક સ્ટે આપવાનો ઈનકાર કર્યો. કાર્યવાહી માટે 40 જેસીબી અને 1,000 પોલીસ જવાનો તૈનાત કરાયા હતા.મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલના એશબાગ વિસ્તારમાં આવેલા હાઉસિંગ બોર્ડના લગભગ 600 EWS મકાનો આજે ધ્વસ્ત કરવામાં આવી રહ્યા છે. અહીં રહેતા લોકોને 10 વર્ષથી નોટિસ આપવામાં આવી રહી છે, પરંતુ સ્થાનિક લોકોની માગ છે કે તેમને પહેલાં મકાનના બદલે મકાન આપવામાં આવે. કાર્યવાહી દરમિયાન કોઈ પણ અપ્રિય ઘટનાને પહોંચી વળવા માટે વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ બળ તહેનાત કરવામાં આવ્યું છે. સમગ્ર એશબાગ વિસ્તારમાં બેરિકેડિંગ કરીને લગભગ 40 જેસીબી, 10 પોકલેન મશીન અને 1,000 જેટલા પોલીસ જવાનો તહેનાત કરાયા છે. વહીવટીતંત્રની હાજરીમાં બુલડોઝરની કાર્યવાહી ચાલુ છે. લોકોમાં વહીવટીતંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે.પ્રાપ્ત માહિતી પ્રમાણે મધ્ય



પ્રદેશ હાઉસિંગ બોર્ડ અને મ્યુનિસિપલ કોર્પોરેશને લગભગ 40 થી 50 વર્ષ પહેલાં બનેલા આ EWS ક્વાર્ટરને અત્યંત જર્જરિત અને રહેવા માટે જોખમી જાહેર કર્યા હતા. આ કાર્યવાહીથી લગભગ 3,000 લોકો પ્રભાવિત થઈ રહ્યા છે. વહીવટીતંત્રનું કહેવું છે કે, મોટાભાગના કબજેદારો પાસે માન્ય રજિસ્ટ્રી દસ્તાવેજો નથી, જ્યારે લગભગ 110 પાત્ર પરિવારોને નવી યોજના હેઠળ ફ્લેટ આપવાની યોજના છે.બીજી તરફ મધ્ય પ્રદેશ હાઈકોર્ટે આ ડિમોલિશન ઝુંબેશ પર સામૂહિક સ્ટે આપવાનો ઈનકાર કરી દીધો છે. જોકે, કોર્ટે ક્વાર્ટર નંબર 465ના ફાળવણીદાર મોહમ્મદ હફીઝ ખાનની અરજી પર ભાડાના વળતરનો મામલો નક્કી ન થાય ત્યાં સુધી 25 નવેમ્બર સુધીની વચગાળાની રાહત આપી છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ બાંધકામો તોડી પાડ્યા બાદ એમપી હાઉસિંગ બોર્ડ આ જમીન પર બહુમાળી ઈમારતો બનાવશે, જેમાં 110 માન્ય મૂળ ફાળવણીદારોને 20% મોટા નવા ફ્લેટ અને બાંધકામના સમયગાળા દરમિયાન ભાડું આપવાની વાત કહેવામાં આવી છે.સ્થાનિક લોકોમાં આ કાર્યવાહીને લઈને ભારે આક્રોશ છે. તેમના મતે હવે તેમની પાસે કોઈ છત નથી અને કોઈ વ્યવસ્થા વિના આ ઠંડીમાં ઉજાડવામાં આવી રહ્યા છે, જે બિલકુલ યોગ્ય નથી.

45 બાળકો હોસ્પિટલમાં દાખલ

મધ્ય પ્રદેશમાં ચાઈનીઝ ફાસ્ટફૂડ ખાધા પછી 118 બાળકોની તબીયત લથડી

(એજન્સી) બાલાઘાટ | તા.23

મધ્યપ્રદેશના બાલાઘાટ જિલ્લામાં મડઈ મેળા દરમિયાન ફૂડ પોઇઝનિંગની ઘટના સામે આવી છે. હિરી ગામમાં શનિવારે રાત્રે 'હર્ષિત ફાસ્ટ ફૂડ' નામના સ્ટોલ પરથી ચાઉમીન અને મંચુરિયન ખાધા બાદ 118 બાળકો બીમાર પડી ગયા હતા. તબિયત બગડતાં તમામને કિરનાપુરના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ 45 બાળકો અને 12 પુખ્તોને જિલ્લા હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યા હતા, જ્યારે બાકીના 61 બાળકોને સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી. રાત્રે એક વાગ્યા બાદ જિલ્લા હોસ્પિટલમાં દર્દીઓ પહોંચતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. CMHO ડૉ. શત્રુઘ્ન સિંહ દાહિયાએ જણાવ્યું હતું કે તમામ દર્દીઓ હાલ ખતરાથી બહાર છે અને તેમની તબિયત સ્થિર છે. હાલ બાળ વિભાગમાં 45 બાળકો અને મેડિકલ વિભાગમાં 12 પુખ્તોની સારવાર ચાલી રહી છે. ડૉક્ટરોની ટીમ તમામ દર્દીઓ પર વિશેષ નજર રાખી રહી છે. રવિવારે સવારે કલેક્ટર આદિત્ય સિંહ અને SP મલય જૈન પણ જિલ્લા હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે બીમાર બાળકો અને તેમના પરિવારજનોની મુલાકાત લઈને તેમની તબિયત અંગે માહિતી મેળવી હતી. ફૂડ સેફ્ટી અધિકારી યોગેશ ડોંગરેએ જણાવ્યું હતું કે કિરનાપુર પોલીસે કાંદ્રીકલાંના રહેવાસી સ્ટોલ સંચાલક ચંદ્રકુમાર ભોંગાડેને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવ્યો છે. ખાદ્ય વિભાગે સ્ટોલમાંથી નૂડલ્સ, ચાઉમીન, તેલ, મરચાં-મસાલા અને સોસ સહિતની સામગ્રીના સેમ્પલ એકત્ર કરીને લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યા છે. ચંદ્રકુમાર છેલ્લા લગભગ 12 વર્ષથી 'હર્ષિત ફાસ્ટ ફૂડ'ના નામે મેળા



અને બજારોમાં સ્ટોલ લગાવીને ચાઉમીન અને નૂડલ્સ વેચતો હતો. જોકે, તેની પાસે ફૂડ લાઇસન્સ ન હોવાનું પણ સામે આવ્યું છે. મધ્યપ્રદેશ બાલાઘાટ ચાઉમીન મંચુરિયન ફૂડ પોઇઝનિંગ પ્રકરણમાં વહીવટી તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. ફૂડ સેફ્ટી અધિકારી યોગેશ ડોંગરે એ જણાવ્યું હતું કે, કિરનાપુર પોલીસે કાંદ્રીકલાંના રહેવાસી સ્ટોલ સંચાલક ચંદ્રકુમાર ભોંગાડે ને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવ્યો છે.હર્ષિત ફાસ્ટ ફૂડ ફૂડ સેફ્ટી વિભાગ તપાસ દરમિયાન ચોંકાવનારી વિગત સામે આવી છે કે સંચાલક ચંદ્રકુમાર છેલ્લા લગભગ ૧૨ વર્ષથી વિવિધ મેળા અને બજારોમાં સ્ટોલ લગાવીને ચાઉમીન અને નૂડલ્સ વેચતો હતો, પરંતુ તેની પાસે ફૂડ લાઇસન્સ નહોતું. ખાદ્ય વિભાગની ટીમે સ્ટોલ પરથી નૂડલ્સ, ચાઉમીન, ખાદ્ય તેલ, મરચાં-મસાલા અને સોસ સહિતની સામગ્રીના નમૂના (સેમ્પલ) એકત્ર કરીને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

જમ્મુના કુપવાડામાં એલઓસી નજીક 6 કરોડનું ડ્રગ્સ જપ્ત

(એજન્સી) જમ્મુ કાશ્મીર | તા.23

જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લામાં વાસ્તવિક અંકુશ રેખા નજીકથી હેરોઈન જેવો પદાર્થ મળી આવ્યો છે. જેની બજાર કિંમત અંદાજે ૬ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ રવિવારે જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે નશીલા પદાર્થોને લગતી પ્રવૃત્તિઓ સામેની એક મોટી કાર્યવાહીમાં કુપવાડા પોલીસે આશરે ૮૨૭ ગ્રામ હેરોઈન જેવો પદાર્થ જપ્ત કર્યો છે. આ જપ્તી શનિવારે કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન ઉત્તર કાશ્મીરના કર્નાહ વિસ્તારમા આવેલી અમરોહીમાં હાથ ધરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે આ અભિયાન દરમિયાન કર્નાહના અમરોહીના



રહેવાસી ઝમીર અહેમદ ટુંયના રહેઠાણની તપાસ કરવામાં આવી હતી. જ્યાં એક કાળી પોલીથીન બેગ મળી આવી હતી. જેમાં આ શંકાસ્પદ માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે એનડીપીએસ કાયદા હેઠળ ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજસ્થાન, તમિલનાડુ, ઝારખંડ અને બિહારમાં અકસ્માતો : 27નાં મોત

નવી દિલ્હી : રાજસ્થાન, તમિલનાડુ, ઝારખંડ અને બિહારમાં થયેલા અલગ અલગ માર્ગ અકસ્માતોમાં કુલ ૨૭ લોકોનાં મોત થયા છે. રાજસ્થાનમાં ૯, તમિલનાડુમાં ૮, ઝારખંડમાં ૬ અને બિહારમાં ૪ લોકોનાં મોત થયા છે.રાજસ્થાનમાં ઉદયપુર નેશનલ હાઈવે પર ખાટુ શ્યામજી મંદિરની તીર્થયાત્રા પરત ફરી રહેલા એક પરિવારનાં ૯ સભ્યોનાં મોત થયા હતાં. તે જે કારમાં સવાર હતાં તે કાર સડક કિનારે ઉભેલી એક ટ્રક સાથે અથડાઈ ગઈ હતી.આ અકસ્માત રાતે ૧ વાગ્યે સર્જાયો હતો. પીડિતો મહારાષ્ટ્રનાં ધુલે જિલ્લામાં પોતાના ઘરે પરત ફરી રહ્યાં હતાં. સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ તેજસ્વી ગૌતમે જણાવ્યું હતું કે ૯ લોકો ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હતાં. જ્યારે અન્ય આઠ લોકો ઘાયલ થયા હતાં.આ કારમાં એક જ પરિવારનાં ૧૬ સભ્યો સવાર હતાં. પ્રાથમિક તપાસમાં કારનાં ડ્રાઈવરને ઝોકું આવી જતાં આ અકસ્માત સર્જાયો હતો. વડાપ્રધાન મોદીએ મૃતકોનાં પરિવારજનોને બે-બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.તમિલનાડુનાં તિરુચિરાલ્લી જિલ્લામાં એક કાર લીમડાનાં ઝાડ સાથે અથડાતાં આઠ લોકોનાં મોત થયા છે અને અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઝારખંડનાં ખુંટી અને લાતેહાર જિલ્લામાં થયેલા બે અલગ અલગ માર્ગ અકસ્માતોમાં કુલ છ લોકોનાં મોત થયા છે અને અન્ય બે લોકો ઘાયલ થયા છે.

CJPએ ભાજપની દુઃખતી નસ દબાવી, કહ્યું- કોકરોચ ક્યારેય નહીં મરે, કલમ 39A હટાવો

(એજન્સી) ગોવા | તા.23

ગોવામાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)એ ભાજપ સરકાર સામે મોરચો ખોલ્યો છે. પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ સ્પષ્ટ કર્યું છે કે હવે તેમની પાર્ટી ગોવાથી



ક્યાંય જવાની નથી, પરંતુ અહીં જ રહીને એક પ્રેશર ગ્રુપ તરીકે કામ કરશે અને સરકારને સવાલો પૂછશે. દીપકેએ જણાવ્યું કે, 'અમે વિધાનસભા ચૂંટણી નહીં લડીએ, પરંતુ ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો (મેનિફેસ્ટો) જરૂર જાહેર કરીશું અને યુવાનોના હક માટે તેમનો સાથ આપીશું.' અભિજિત દીપકેએ જણાવ્યું કે તેમની સૌથી મોટી પ્રાથમિકતા રાજ્યમાંથી કલમ 39-A નાબૂદ કરાવવાની છે. સ્થાનિક લોકોના ભારે વિરોધને કારણે આ કલમ ભાજપ માટે દુખતી નસ સમાન બની ગઈ છે અને CJPએ આ જ મુદ્દાને આગળ ધર્યો છે. પાર્ટીના નેતા આશુતોષ રાંકાએ કહ્યું કે, 'અમે ગોવામાં લાંબી ઈનિંગ રમવા આવ્યા છે અને દેશનું ભવિષ્ય 75 વર્ષના કોઈ મહામાનવ નહીં પરંતુ યુવાનો છે. દિવાળીના તહેવારને કારણે સભ્યો થોડા સમય માટે બ્રેક પર હતા, પરંતુ હવે અહીં લાંબી લડાઈ ચાલશે અને 'કોકરોચ' ક્યારેય મરશે નહીં.'ગોવા નગર અને ગ્રામીણ આયોજન બિલ 1974માં વર્ષ 2024 દરમિયાન સુધારો કરીને કલમ 39-A ઉમેરવામાં આવી હતી. આ જોગવાઈ હેઠળ બોર્ડની મંજૂરી બાદ કોઈ પણ જમીનનો ઝોન બદલી શકાય છે, જેના માટે જનતા પાસેથી વાંધા મંગાવવા માત્ર 30 દિવસનો સમય આપવામાં આવે છે. આ કાયદાથી ખેતીલાયક અને જંગલની જમીનોનો ઉપયોગ પણ બાંધકામ કે શહેરી વિકાસ માટે થઈ શકે છે. સ્થાનિક લોકો આ કલમ હટાવવા આંદોલન કરી રહ્યા છે, કારણ કે તેમનું માનવું છે કે આનાથી પર્યાવરણને મોટું નુકસાન થશે અને ઉદ્યોગપતિઓ તેમજ વગદાર લોકોને ફાયદો થશે.અભિજિત દીપકેએ આરોપ લગાવ્યો છે કે ગોવાની મૂળ સંસ્કૃતિને ખતમ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે ખાતરી આપી કે હવે CJP સ્થાનિક લોકોની ઓળખ અને તેમની જમીન બચાવવા માટે લડત ચલાવશે અને પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં પણ કલમ 39-A વિરુદ્ધની લડાઈને જ પ્રથમ સ્થાન આપવામાં આવશે.

160 કરોડનું હાઈ-ટેક SSC પરીક્ષા કૌભાંડ! 4 લાખમાં સરકારી પરીક્ષા પાસ, ઉમેદવાર ફક્ત માઉસ હલાવે અને હેકર પ્રશ્નોના જવાબ આપે

(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા.23

ઉત્તર પ્રદેશ STF એ સ્ટાફ સિલેક્શન કમિશન (SSC) ની ઓનલાઈન પરીક્ષામાં 160 કરોડનું હાઈ-ટેક કૌભાંડ ઝડપી પાડ્યું છે. મે 2026 માં ગ્રેટર નોઈડાના પરીક્ષા કેન્દ્રો પર દરોડા પાડી 7 આરોપીઓની ધરપકડ કરાઈ હતી. નવેમ્બર 2026 માં ફોરેન્સિક રિપોર્ટ બાદ 7 રાજ્યોના 30 કેન્દ્રો અને 3,777 ઉમેદવારો સંડોવાયા હોવાનું ખુલ્યું. આરોપીઓ રિમોટ એક્સેસ દ્વારા ઉમેદવારોના પેપર સોલ્વ કરાવતા હતા.

SSC Online Exam Scam 2026: દેશના લાખો યુવાનો સરકારી નોકરીના સપના સાથે રાત-દિવસ એક કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે. આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પણ તેઓ કોચિંગ અને પુસ્તકો પાછળ ખર્ચ કરે છે. પરંતુ કલ્પના કરો કે પરીક્ષા ખંડમાં તમારી બાજુમાં બેઠેલો ઉમેદવાર માત્ર CCTV કેમેરાને છેતરવા માટે કમ્પ્યુટરનું માઉસ આમ-તેમ ફેરવતો હોય, અને તેના પ્રશ્નોના જવાબ ક્યાંક દૂર બેઠેલો કોઈ હેકર આપી રહ્યો હોય તો! ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (UP STF)ની તપાસમાં સ્ટાફ સિલેક્શન કમિશન (SSC) ની ઓનલાઈન ભરતી પરીક્ષાઓમાં આવું જ એક 160 કરોડનું હાઈ-ટેક કૌભાંડ સામે આવ્યું છે. મે 2026 માં એક સામાન્ય દરોડાથી શરૂ થયેલી આ તપાસ નવેમ્બર 2026 માં ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ દેશના સૌથી મોટા ડિજિટલ પરીક્ષા કૌભાંડ તરીકે બહાર આવી છે.આ સમગ્ર કૌભાંડના પર્દાફાશની શરૂઆત 22 અને 23 મે, 2026 ના રોજ થઈ હતી. UP STF ના નોઈડા યુનિટે ગ્રેટર નોઈડાના નોલેજ પાર્ક વિસ્તારમાં આવેલા 'બાલાજી ડિજિટલ ઝોન' પરીક્ષા કેન્દ્ર, બોધી તારુ ઈન્ટરનેશનલ સ્કૂલ અને અન્ય એક કેન્દ્ર પર ચાલુ પરીક્ષાએ દરોડા પાડ્યા હતા. તે સમયે CAPF, SSF કોન્સ્ટેબલ (GD), SSC CPO અને આસામ રાઈફલ્સની ઓનલાઈન ભરતી પરીક્ષાઓ ચાલી રહી હતી.દરોડામાં STF એ બે ઉમેદવારો સહિત 7 લોકોની ધરપકડ કરી હતી, જેમાં કેન્દ્રના સંચાલક પ્રદીપ ચૌહાણ અને ટેકનિકલ માસ્ટરમાઈન્ડ અમિત રાણાનો સમાવેશ થતો હતો. તેમની પાસેથી 50 લાખ રોકડા, 10 મોબાઈલ ફોન, 5 લેપટોપ, રાઉટર, ઉમેદવારોની યાદી, એડમિટ કાર્ડ અને નકલી ઓળખપત્રો (ID કાર્ડ) જપ્ત કરવામાં આવ્યા હતા. મે મહિનામાં આ મામલો માત્ર એક કેન્દ્ર અને 7 આરોપીઓ પૂરતો મર્યાદિત લાગતો હતો. પરંતુ જપ્ત કરાયેલા લેપટોપ અને સર્વર ડેટાની ફોરેન્સિક તપાસ પૂર્ણ થતાં 21-22 નવેમ્બર, 2026 ના રોજ ચોંકાવનારા ખુલાસા થયા. તપાસમાં 7 રાજ્યોના 30 કેન્દ્રોની સિસ્ટમ હેક થઈ હોવાના નક્કર પુરાવા મળ્યા બાદ ગાઝિયાબાદના વેવ સિટી પોલીસ સ્ટેશનમાં આ તમામ 30 પરીક્ષા કેન્દ્રો અને અંદાજે 30 મુખ્ય આરોપીઓ સામે નવી FIR નોંધવામાં આવી છે. અત્યાર સુધીમાં આ કેસમાં કુલ 15 લોકોની ધરપકડ થઈ ચૂકી છે.STF ની તપાસમાં સ્પષ્ટ થયું છે કે આ નેટવર્ક 2025 થી સક્રિય હતું અને અત્યાર સુધીમાં યોજાયેલી લગભગ 16 જેટલી પરીક્ષાઓમાં (જેમાં 4 ફેબ્રુઆરી, 2026 થી શરૂ થયેલી SSC MTS પરીક્ષાનો પણ સમાવેશ થાય છે) ગેરરીતિ આચરવામાં આવી હતી.પ્રભાવિત રાજ્યો: ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, અરુણાચલ પ્રદેશ અને ઝારખંડ.ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ અસર: માત્ર UP ના આગ્રા, ઝાંસી, કાનપુર, મેરઠ, પ્રયાગરાજ અને ગ્રેટર નોઈડાના કેન્દ્રો પર જ 1,248 કમ્પ્યુટર સિસ્ટમ સાથે છેડછાડ કરવામાં આવી હતી.

સરકાર -પોલીસના દમન સામે તમામ સમાજોને સાથે મળી સંઘર્ષની લડવા આહ્વાન: પ્રવીણ રામ

બ્રિજરાજભાઈ સોલંકી સહિત અન્ય લોકો પર નોંધાયેલા ખોટા કેસ તાત્કાલિક ધોરણે પરત ખેંચવામાં આવે : પ્રવીણ રામ

(એજન્સી) અમદાવાદ । તા. 23

આમ આદમી પાર્ટીના પ્રદેશ કિસાન મોરચા અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યુ હતુ કે ધોળકા તાલુકાના સરગવાળા ગામ મુકામે ભાજપ સરકાર અને તેના પોલીસ તંત્ર દ્વારા કોળી સમાજના ખેડૂતો ઉપર દમન ગુજારવામાં આવ્યું છે અને કોળી સમાજ તથા આમ આદમી પાર્ટીના યુવા નેતા બ્રિજરાજ સોલંકી સહિત અન્ય સાત લોકો ઉપર 307 જેવી ગંભીર કલમો લગાવવામાં આવી છે. ગુજરાતમાં દુષ્કાળ, હડદડ કે થાંભલાઓ જેવી દરેક ઘટનામાં ખેડૂતો પર પોલીસ અને સરકાર દ્વારા સતત દમન થઈ રહ્યું છે, તેમજ દરેક જ્ઞાતિઓ પર પણ દમન ગુજારવાનું ભાજપ સરકારે બાકી રાખ્યું નથી. ચૈતર વસાવાને જેલમાં નાખી આદિવાસી સમાજ પર અને હડદડમાં ખેડૂતોને જેલમાં નાખી કોળી સમાજ પર દમન કરાયું હતું. હવે સરગવાળામાં ફરીથી કોળી સમાજના લોકો પર દમન ગુજારી 307 જેવી ગંભીર કલમો નાખવામાં આવી છે, ત્યારે આમ આદમી પાર્ટી માંગ કરે છે કે બ્રિજરાજભાઈ સહિત અન્ય લોકો પર થયેલા ખોટા કેસ તાત્કાલિક પરત ખેંચવામાં આવે.

'આપ' નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે આ ઉપરાંત જીએસપીએલ કંપનીની પાઈપલાઈન દ્વારકા સુધી જેટલા પણ જિલ્લાઓ અને વિસ્તારોમાંથી પસાર થાય છે, ત્યાં આવતા તમામ ખેડૂતોને યોગ્ય વળતર આપવામાં આવે અને તેમની માંગણીઓનું નિરાકરણ કરવામાં આવે. આ તમામ માંગણીઓ સાથે આવનારી 29 તારીખે રવિવારે ધોળકા મુકામે આમ આદમી પાર્ટી દ્વારા વિશાળ કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાપંચાયતમાં ગુજરાતના તમામ ખેડૂતો, કોળી સમાજ, અન્ય સમાજો તથા પાઈપલાઈન પસાર થતી હોય તે વિસ્તારના ખેડૂતોને ઉપસ્થિત રહી અવાજ બુલંદ કરવા અને સંઘર્ષની લડાઈમાં સાથે જોડાવા પ્રવીણ રામે આહ્વાન કર્યું છે.

સરગવાળામાં કોળી સમાજના ખેડૂતો પર પોલીસ દમન અને બ્રિજરાજભાઈ સોલંકી સહિત ૭ લોકો પર ૩૦૭ની કલમ લગાવાઈ

દ્વારકા સુધી જીએસપીએલ પાઈપલાઈન પસાર થતી હોય તે તમામ જિલ્લાઓના ખેડૂતોને યોગ્ય વળતર આપવામાં આવે

પાઈપલાઈન મુદ્દે ખેડૂતોની માંગણીઓનું નિરાકરણ લાવવા ૨૯ તારીખે રવિવારે ધોળકામાં વિશાળ કિસાન મહાપંચાયતનું આયોજન



ખંભાળિયામાં AAPના નૂતન વર્ષ સ્નેહમિલનમાં ઈસુદાન ગઢવી અને ધારાસભ્ય હેમંત ખવા સહિત આગેવાનો-કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા

રાજનીતિમાં પદ નહીં, ગરીબ, વંચિત, ખેડૂત, માલધારી, નાના વેપારી-કર્મચારી અને માતા-બહેન-દીકરીઓના ઉત્થાન તથા વ્યવસ્થા બદલવાના સપના હોવા જોઈએ: 30-35 વર્ષથી મત લેનારાઓએ હોસ્પિટલ ન આપી અને ખંભાળિયામાં પાસ થયેલી મેડિકલ કોલેજ પણ ચાલુ કરાતી નથી : જામજોધપુરમાં હેમંતભાઈ ખવા ધારાસભ્ય બન્યા બાદ પાણીની તકલીફ નથી, રસ્તા, ડેમો અને હોસ્પિટલના કામો થયા: ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ | તા. 21



દ્વારકાના ખંભાળિયા ખાતે આમ આદમી પાર્ટી દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય હેમંત ખવા સહિત પક્ષના અગ્રણીઓ, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સૌએ એકબીજાને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવા, આગામી રાજકીય રણનીતિ, પક્ષની આગામી કામગીરી અને જનતાના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ કાર્યકરોને સંબોધિત કરતા પાર્ટીની વિચારધારા, સંગઠનની જવાબદારીઓ અને જનહિતના મુદ્દાઓને પ્રાથમિકતા આપી લોકો વચ્ચે સક્રિય રહી કામ કરવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન 'આપ' પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે 14 માંથી 13 ગામોમાં પ્રજાએ ભારે લીડથી જીતાડ્યા છે અને જ્યારે જનતાને કંઈક કરવું હોય ત્યારે ચોક્કસ થાય છે. ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે રાજનીતિમાં ધારાસભ્ય, મંત્રી કે મુખ્યમંત્રી બનવાને બદલે ગરીબ, વંચિત, શોષિત, ખેડૂત, માલધારી, નાના વેપારી, નાના કર્મચારી, દીકરા અને માતા-બહેન-દીકરીઓના ઉત્થાન તથા વ્યવસ્થા બદલવાના સપના હોવા જોઈએ. તેમણે મોબાઈલ પર ઈઝરાયેલ, અમેરિકા અને ન્યુઝીલેન્ડના ગામડાઓની સમૃદ્ધિ અને કામગીરી જોવા જણાવીને કહ્યું કે ત્યાં ખેડૂતો સમૃદ્ધ છે, જ્યારે અહીં 20-30 વીઘાના માલિક ખેડૂતો પણ લાચાર છે અને રાત્રે કડકડતી ઠંડીમાં ટોર્ચ લઈ પાણી વાળવા જતા ખેડૂતો તથા મજૂર-શ્રમિકોની સ્થિતિ જોઈ દયા આવે છે. જામજોધપુરમાં ધારાસભ્ય તરીકે હેમંતભાઈ ખવા ચૂંટાયા બાદ ખેડૂતોને પાણીની તકલીફ પડી નથી, રસ્તાઓ, ડેમો અને હોસ્પિટલના કામો થયા છે, જ્યારે 30-35 વર્ષથી મત લઈ જનારાઓએ હોસ્પિટલ નથી આપી અને ખંભાળિયામાં પાસ થયેલી મેડિકલ કોલેજ પણ ચાલુ કરાતી નથી.

મહાલક્ષ્મી અને માતૃવંદના સોસાયટીના રહેશો સામેથી રી-ડેવલપમેન્ટ માટે અનેકવાર માંગણી કરી ચૂક્યા છે: ડો. કરન બારોટ

(એજન્સી) અમદાવાદ | તા. 23



આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડોક્ટર કરન બારોટની આગેવાનીમાં ઓઢવ વોર્ડ પ્રમુખ ગૌરવ દેસાઈ, નિકોલ વિધાનસભા પ્રભારી જીગર કાછડીયા, નિશાંત ઠક્કર સહિત આમ આદમી પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓની સાથે સાથે નિકોલ વિધાનસભાના વિરાટનગર વોર્ડની માતૃવંદના અને મહાલક્ષ્મી સોસાયટીના 150 થી પણ વધારે રહીશો કોર્પોરેશન ખાતે એક ગંભીર મુદ્દા પર રજૂઆત કરવા ગયા હતા. આ મુદ્દે આમ આદમી પાર્ટીના નેતા ડોક્ટર કરન બારોટે જણાવ્યું હતું કે, આજે અમે નિકોલ વિધાનસભાના વિરાટનગર વોર્ડમાં કોર્પોરેશન ખાતે આવ્યા છીએ. અમારી સાથે માતૃવંદના અને મહાલક્ષ્મી સોસાયટીઓના 150 થી પણ વધારે રહીશો હાજર છે, અહીંયા આવવાનું કારણ એ છે કે આ બંને સોસાયટીઓ 50 વર્ષથી વધારે જૂની છે અને જર્જરિત હાલતમાં છે, જેના કારણે ગમે ત્યારે કોઈ મકાન પડી શકે એમ છે, જેનાથી લોકોને જાનમાલનું નુકસાન થઈ શકે એમ છે. તો અહીંયા કોઈપણ અઘટિત ઘટના ઘટે તો તેનું જવાબદાર કોણ? અમે એ સવાલ કોર્પોરેશનને પૂછવા માંગીએ છીએ.

વધુ આમ આદમી પાર્ટીના નેતા ડોક્ટર કરન બારોટે જણાવ્યું હતું કે, વારંવાર જર્જરિત મકાનના નામે અમદાવાદમાં અને ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ લોકોને હેરાન પરેશાન કરવામાં આવે છે, પરંતુ જ્યારે લોકો સામેથી આવીને કહી રહ્યા છે કે એમના મકાનો જર્જરિત હાલતમાં છે અને એ લોકો રી-ડેવલોપમેન્ટ કરાવવા માંગે છે પરંતુ ક્યાંકને ક્યાંક એફએસઆઈનો પ્રશ્ન ઉદ્ભવિત થાય છે અને એના માટે પણ વારંવાર રજૂઆત કરવામાં આવી છે, કોઈપણ બિલ્ડર કામ કરે એમાં ક્યાંકને ક્યાંક અડચણ ઊભી થાય છે. જેથી આજે અમે રહીશોની સાથે સાથે આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ ડીવાયએમસી ખાતે રજૂઆત કરવા માટે આવ્યા છીએ, અમારી માંગ છે કે યોગ્ય એફએસઆઈ મળે, જો કોઈના મકાન પડી જાય તો તેમને રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવે, આવી તમામ માંગણી સાથે અમે કોર્પોરેશન ખાતે આવ્યા છીએ.

AMTS ચેરમેનનો વિવાદાસ્પદ નિર્ણય

AMCએ વૃક્ષો કાપવા મામલે પોલીસ ફરિયાદ કરવા પત્ર લખ્યો



અમદાવાદ | 'કોમનવેલ્થ ગેમ્સ-2030' તેમજ 'અમદાવાદ વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ-2029' જેવા આંતરરાષ્ટ્રીય રમતગમતના આયોજનોની યજમાનીને ધ્યાનમાં રાખીને અમદાવાદમાં જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સુવિધાજનક અને આધુનિક બનાવવા AMTSના કુલ અંદાજે 800 મુખ્ય બસ સ્ટોપને સ્માર્ટ બસ સ્ટોપ તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર ખબરને બતાવવા માટે વૃક્ષોનું નિકંદન કરનારા અને જેની સામે ખુદ કોર્પોરેશનના જ ગાર્ડન વિભાગ દ્વારા પોલીસ ફરિયાદ નોંધવા માટે પત્ર લખવામાં આવ્યો છે એવા કોન્ટ્રાક્ટરને સ્માર્ટ બસ સ્ટોપ બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) ના ચેરમેન પરાગ નાઈક દ્વારા આપવામાં આવતા વિવાદ ઉભો થયો છે.

AMTS કમિટીના ચેરમેન પરાગ નાઈકે જેને પેનલ્ટી કરવામાં આવી છે અને પોલીસ ફરિયાદ માટે પત્ર લખવામાં આવ્યો છે એવા કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપવા બાબતે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સ્માર્ટ બસ સ્ટોપ બનાવવા માટે તે જે ટેન્ડર કરવામાં આવ્યું હતું તેમાં ત્રણ વખત ટેન્ડર કર્યું તેમ છતાં પણ કોઈ કંપનીએ રસ દાખવ્યો નહીં અને છેવટે આ કંપની આવી હતી જેથી તેમને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. કોર્પોરેશનમાં પેનલ્ટી ભરવાની છે જે બાબતે તેમણે પેનલ્ટી ભરવા માટે કહ્યું છે અને બે કરોડની તેમની ડિપોઝિટ પણ છે. તેમ છતાં પણ આ બાબતે અમે ફરી એકવાર તપાસ કરીશું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વાયએમસીએ ક્લબથી લઈ અને રીંગરોડ તરફ જવાના રોડ ઉપર વૃક્ષોનું નિકંદન કરવામાં આવ્યું હતું. જેના પગલે ગાર્ડન વિભાગ દ્વારા ચિત્રા કંપનીને નોટિસ ફટકારી અને 50 લાખ રૂપિયાનો દંડ પણ કર્યો હતો. ગાર્ડન વિભાગ દ્વારા સરખેજ પોલીસ સ્ટેશનના પી.આઈને પત્ર લખી અને ફરિયાદ કરવા માટે પણ જાણ કરી હતી. એક તરફ કોર્પોરેશન દ્વારા પોલીસ ફરિયાદ માટે જાણ કરવામાં આવે છે તો બીજી તરફ સ્માર્ટ બસ સ્ટોપ ના નામે કરોડો રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપી અને કંપનીને જાહેર ખબર માટેના હકો પણ આપી દેવામાં આવ્યા છે જેને લઈને એમટીએસ કમિટીના ચેરમેન પરાગ નાઈક અને અધિકારીઓ સામે સવાલ ઊભા થયા છે. માત્ર કંપનીના ફાયદા માટે જ આ કંપનીને જ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે ?

શહેરમાં દરેક સ્માર્ટ બસ શેલ્ટરમાં મુસાફરોની સુવિધા માટે ETA (Estimated Time of Arrival) ડિસ્પ્લે, રૂટ મેપ, સેન્સરથી સંચાલિત LED લાઇટિંગ અને બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત પસંદગીના બસ શેલ્ટર પર મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ અને Wi-Fiની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. મુસાફરોની સુવિધા અને સુગમતા માટે બસ સ્ટેન્ડ પર ચા-કોફી જેવી રિફ્રેશમેન્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જો નહીં જાગીએ તો આવનારા સમયમાં ગંભીર બીમારીઓ વધુ ભયજનક રીતે જોવા મળશે: હિમાંશુ ઠક્કર

(એજન્સી) અમદાવાદ | તા. 23



આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે ખાલી મીટર સ્માર્ટ થયા અને લોકોના ખિસ્સા ખાલી થયા છે, બાકી સ્માર્ટ સિટી અમદાવાદ ખરેખર સ્માર્ટ રહ્યું નથી કે સ્વસ્થ પણ રહ્યું નથી. તાજેતરમાં જ ન્યૂઝપેપરમાં આવેલા એક ગંભીર અને ચિંતાજનક રિપોર્ટ મુજબ એર ક્વોલિટી ઈન્ડેક્સ ખૂબ જોખમી સ્તરે આગળ વધી રહ્યો છે, જ્યારે શાસકો દ્વારા કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. એર પ્યુરીફાયર ટાવર, કેનલ મશીનો કે અન્ય યોજનાઓ બધું માત્ર કાગળ ઉપર જ રહે છે; આટલા રૂપિયા ખર્ચ કર્યા પછી એર ક્વોલિટી ઈન્ડેક્સ અને લોકોનું સ્વાસ્થ્ય સુધરવાને બદલે હવાના ઝેરી રજકણો વધતા જાય છે, હોસ્પિટલો ઉભરાઈ રહી છે અને શ્વાસ તથા લીવરની અનેક તકલીફો ઊભી થઈ રહી છે.

આપ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે વધુમાં જણાવ્યું હતું કે માત્ર કાગળ ઉપરની યોજનાઓથી હવાના ઝેરી રજકણો દૂર થતા નથી અને વધુને વધુ અસ્વસ્થ વાતાવરણ પેદા થઈ રહ્યું છે, તેથી તંત્રએ આ બાબતે ખરેખર ગંભીર થવાની જરૂર છે. તેમણે સરકાર અને શાસનને વિનંતી કરી હતી કે સ્માર્ટ કશું રહ્યું નથી અને સ્વસ્થતા પણ ધીમે ધીમે લાચાર બની રહી છે, ત્યારે સૌએ જાગવાની, પોતપોતાના વિસ્તારના કોર્પોરેટરો અને શાસકોને જાગૃત કરવાની જરૂર છે; જો નહીં જાગીએ તો આવનારા સમયમાં ગંભીર બીમારીઓ વધુ ભયજનક રીતે જોવા મળશે, તેથી સૌએ જાગૃત થવું પડશે.

આદિવાસી લોકો હવે તમને સમજી ગયા છે કે તમે ફક્ત આદિવાસી લોકોની મજાક ઉડાવો છો, તમે અમને કોઈ માન સન્માન નથી આપતા: રાધિકા રાઠવા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકા રાઠવાએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, તારીખ 27, 28 અને 29 નવેમ્બરના રોજ પાવી જેતપુર વિધાનસભામાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પધારી રહ્યા છે. આ પહેલા ડેડીયાપાડામાં એમનો પ્રોગ્રામ હતો પરંતુ ત્યાં કોઈ મેળ પડશે નહીં એમ જોઈને એમણે છોટાઉદેપુરનો રૂખ કર્યો. તો અમે તેમને આવકાર આપીએ છીએ પરંતુ અમારી માંગ છે કે તમે આવતી વખતે પેસા એક્ટ કાનૂન લેતા આવજો. તમે અમારા આદિવાસી લોકોના હક અને અધિકાર લેતા આવજો. તમે આદિવાસી



લોકોની મજાક ઉડાવવા માટે અમારા વિસ્તારમાં ન આવતા.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રાધિકા રાઠવાએ જણાવ્યું હતું કે, સમસ્ત ભાજપ સરકાર અલગ અલગ વિસ્તારોમાં ફરે છે અને દેખાડે છે કે તેઓ આદિવાસી લોકોના મસીહા છે પરંતુ એક આદિવાસી નેતા ધારાસભ્ય ચૈતર વસાવાને તમે ખોટા કેસમાં જેલમાં મોકલી દીધા છે, તો હવે તમને આદિવાસી વિસ્તાર કેમ યાદ આવે છે? આદિવાસી લોકો હવે તમને સમજી ગયા છે કે તમે ફક્ત આદિવાસી લોકોની મજાક ઉડાવો છો, તમે અમને કોઈ માન સન્માન નથી આપતા. તો હવે તમારા બધાને ઘરભેગા થવાનો સમય આવી ગયો છે. તમે આવતી વખતે પેસા એક્ટ લેતા આવજો અને અમે આ મુદ્દે જવાબ લેવા માટે આવવાના છીએ.

રાજ્યના વિવિધ સફારી પાર્કમાં એશિયાઈ સિંહ દર્શન માટે ૮૦ હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા

(એજન્સી) ગાંધીનગર | તા. 23

ગુજરાતના ગૌરવ અને ઘરેણાં સમાન એશિયાઈ સિંહોના કુદરતી નિવાસસ્થાન એવા સૌરાષ્ટ્રના વિવિધ સફારી પાર્કમાં વર્ષ ૨૦૨૬ના દિવાળી વેકેશન દરમિયાન દેશ-વિદેશના પ્રવાસીઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો છે.વન વિભાગ દ્વારા પ્રાપ્ત આંકડાકીય વિગતો મુજબ દિવાળી પર્વમાં એટલે કે તા. ૯થી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સૌરાષ્ટ્રના વિવિધ સફારી પાર્કમાં એશિયાઈ સિંહ દર્શન માટે અંદાજે કુલ ૮૦ હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા હતા,જેના પરિણામે ગુજરાત વન વિભાગને રૂ.૧.૫૯ કરોડથી વધુની માતબર આવકની સાથે સ્થાનિક રોજગારીમાં પણ વધારો થયો છે. જેમાં દિવાળીના વેકેશન દરમિયાન સૌથી વધુ ગીર અને દેવળિયામાં જીપ્સી અને બસ સફારી દ્વારા કુલ ૬૦,૬૬૧ પ્રવાસીઓએ સિંહ દર્શન કર્યા હતા જેના થકી આશરે રૂ.૧.૨૧ કરોડની આવક થઈ છે. ગત વર્ષ કરતાં પ્રવાસીઓની સંખ્યા વધતાં કુલ આવક પણ ૨૦૨૫ના આશરે રૂ.૧.૧૫ કરોડથી વધીને ૨૦૨૬માં આશરે રૂ.૧.૨૧ કરોડ પર પહોંચી છે. આ ઉપરાંત, જૂનાગઢના ગિરનાર નેચર સફારી, અમરેલીના આંબરડી સફારી પાર્ક અને પોરબંદરના બરડા સફારી ખાતે ગત વર્ષ ૨૦૨૫ની સરખામણીએ વર્ષ ૨૦૨૬માં પ્રવાસીઓની સંખ્યા તેમજ વન વિભાગની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. વર્ષ ૨૦૨૬ના દિવાળી વેકેશન દરમિયાન એટલે કે તા. ૯ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન આ ત્રણેય સફારી સ્થળો પર કુલ ૨૦,૨૮૨ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

જિયો વાઈ-ફાઈ બંધની ફરિયાદના અડધા કલાકમાં 67 હજારની સાયબર ઠગાઈ કરી

કસ્ટમર કેરના નામે વાત કરી રિફંડના બહાને વૃદ્ધ પાસે પૈસા ટ્રાન્સફર કરાવ્યા, એરપોર્ટ પોલીસે ગુનો નોંધ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 23

અમદાવાદ શહેરના ઈન્દિરાબ્રિજ સર્કલ પાસે રહેતા 65 વર્ષીય વૃદ્ધ સાથે જિયો ફાઈબર કસ્ટમર કેરની ખોટી ઓળખ આપીને 67 હજારની ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી. જેમાં વાઈ-ફાઈ ચાલુ કરવાના અને ત્યારબાદ કપાયેલી રકમ રિફંડ આપવાના બહાને અજાણ્યા શખ્સે UPI મારફતે પૈસા પડાવ્યા હતા. આ મામલે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઈન્દિરાબ્રિજ સર્કલ પાસે રાજરત્ન રેસિડેન્સીમાં એકલા રહેતા 65 વર્ષીય ગોપાલભાઈ દોલતરાય મોટવાણીના ઘરનું જિયો વાઈ-ફાઈ ફાઈબર 5 નવેમ્બરે બંધ થઈ ગયું હતું. બીજા દિવસે 6 નવેમ્બરે રાત્રે તેમણે કસ્ટમર કેરમાં ફરિયાદ નોંધાવી હતી. તેના અડધા કલાક બાદ રાત્રે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. સામેવાળી વ્યક્તિએ જિયો ફાઈબર કસ્ટમર કેરમાંથી વાત કરતો હોવાની ઓળખ આપી નેટ ચેક કરવાના બહાને OTP મેળવી લીધો હતો.

ત્યારબાદ આરોપીએ પેટીએમમાંથી 5 મોકલવાનું કહી, રકમના ખાનામાં 'OTP 48,502' લખીને UPI આઈડી પર પેમેન્ટ કરવા જણાવ્યું હતું. વૃદ્ધે આ મુજબ કરતા તેમના એક્સિસ બેંકના ખાતામાંથી અજાણ્યા ખાતામાં 48,502 ટ્રાન્સફર થઈ ગયા હતા. પૈસા કપાયા હોવાનું કહેતા ઠગે આ રકમ રિફંડ કરવાની પ્રોસેસના નામે UPI આઈડી પર વધુ 18,999 ટ્રાન્સફર કરાવ્યા હતા. એટલે કે ગઠિયાએ 67,501 કપાયા બાદ પણ ઠગે વધુ પૈસાની માંગણી ચાલુ રાખતા વૃદ્ધને શંકા ગઈ હતી અને તેમણે ફોન કાપી નાખ્યો હતો. જે બાદ વૃદ્ધે તેમના મિત્ર ભાવેશ રામચંદાણીને જાણ કરી હતી અને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. જે બાદ આ મામલે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ડિસમિસ પોલીસકર્મી આકાશ પટેલ સામે વધુ એક FIR : ટિકિટના નામે છેતરવાનો પ્રયાસ કર્યો

(એજન્સી) ગાંધીનગર | તા. 23

ગાંધીનગરના સેક્ટર-21 વિસ્તારમાં સેવાભાવીના સ્વાંગમાં વેપારી પાસેથી છરીની અણીએ રૂ. 50 લાખની ખંડણી વસૂલવા મામલે ગુનો નોંધાયા બાદ હવે ડિસમિસ પોલીસકર્મી આકાશ લલિતભાઈ પટેલની વધુ એક ઠગાઈની મોડસ ઓપરેન્ડી સામે આવી છે. ચૂંટણીમાં રાજકીય મદદ અને ટિકિટ અપાવવાના બહાને પોરબંદર APMCના ચેરમેન પાસેથી પણ રૂપિયા 50 લાખ પડાવવાનો પ્રયાસ કર્યાનીની ફરિયાદ ગાંધીનગરના સેક્ટર-21 પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પોરબંદર જિલ્લાના બોરીચા ગામના રહેવાસી અને ખેતી તથા વેપાર સાથે જોડાયેલા 42 વર્ષીય લખમણભાઈ ભીમાભાઈ ઓડેદરા પોરબંદર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન તરીકે કાર્યરત છે. ગત 30 ઓક્ટોબરના રોજ તેઓ આદિત્યાણા ગામે સામાજિક પ્રસંગમાં હાજર હતા, ત્યારે બપોરના સમયે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વ્હોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાને સિનિયર નેતાના પી.એ. તરીકે ઓળખાવી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા હોવાથી 2027ની ચૂંટણીમાં રાજકીય મદદ કરવાની ખાતરી આપી હતી અને બીજા દિવસે ગાંધીનગર આવી આકાશ પટેલને મળવા જણાવ્યું હતું.

આ વાતચીત બાદ 31 ઓક્ટોબરના રોજ લખમણભાઈએ ગાંધીનગર આવીને આકાશ પટેલને વ્હોટ્સએપ કોલ કર્યો હતો. આકાશે તેમને નવા એમએલએ ક્વાર્ટરની બહાર બોલાવ્યા હતા, નંબર પ્લેટ વગરની ફોર-વ્હીલર કારમાં આવેલા શખ્સે પોતાની ઓળખ આકાશ પટેલ તરીકે આપી હતી. લખમણભાઈને કારમાં બેસાડીને તેણે પોતાને સિનિયર નેતાના પી.એ.નો માણસ ગણાવ્યો હતો. બાદમાં પી.એ.નું નામ આપી વિશ્વાસ કેળવી 2027નું ઈલેક્શન લડવું હોય તો હાલમાં રૂપિયા 50 લાખ આપવા પડશે, તેમજ ટૂંક સમયમાં પી.એ. સાથે મુલાકાત કરાવી આપશે તેમ જણાવ્યું હતું.

જોકે લખમણભાઈ હાલ આટલી મોટી રકમ ન હોવાથી ચાર-પાંચ દિવસમાં સગવડ કરીને મોકલી આપવાની વાત કરી ત્યાંથી નીકળી ગયા હતા. પોરબંદર પરત ફર્યા બાદ આકાશ પટેલે ફરીથી વ્હોટ્સએપ કોલ કરીને રૂપિયા 50 લાખની ઉઘરાણી કરી આંગડિયા મારફતે રકમ મોકલી આપવાનું કહેતા લખમણભાઈને શંકા ઉપજી હતી. તેમણે જે સિનિયર નેતાના પી.એ.નું નામ અપાયું, તેમનો સંપર્ક કરતા જાણવા મળ્યું કે, તેઓ આવા કોઈ આકાશ પટેલને ઓળખતા નથી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654



પ્રથમ શીખ ગુરુ

શ્રી ગુરુ નાનક દેવ જી ના

પ્રકાશ પર્વ

ની

હાર્દિક શુભકામનાઓ

1092/13/2026-27/17284

“ શ્રી ગુરુ નાનક દેવ જીના પપ૭મા પ્રકાશ પર્વના પાવન અવસર પર આપ સૌને હાર્દિક વધાઈ અને શુભકામનાઓ. આવો, ગુરુ સાહિબના 'કિરત કરો, નામ જપો, વંડ છકો' અને 'સરબત દા ભલા'ના શાશ્વત સિદ્ધાંતને પોતાના જીવનમાં આત્મસાત કરીએ તથા આપસી ભાઈચારા, પ્રેમ અને સામાજિક સદભાવની ભાવનાને વધુ મજબૂત બનાવીએ. ”

ભગવંત સિંહ માન

મુખ્યમંત્રી, પંજાબ



માહિતી અને લોક સંપર્ક વિભાગ, પંજાબ

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો.

વૃષભ : બ. વ. ઉ.

તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે.

મિથુન : ક. છ. ઘ.

સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

કર્ક : ડ. હ.

તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની ક્સોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ.

સિંહ : મ. ટ.

લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે.

કન્યા : પ. ઠ. ણ.

તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો.

તુલા : ર. ત.

તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો.

વૃશ્ચિક : ન. ય.

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો! જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે.

ધન : ભ. ધ. ફ. ઢ.

હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો.

મકર : ખ. જ.

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

કુંભ : ગ. સ. શ. ષ.

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

મીન : દ.ચ. ઝ. થ.

તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ષ્ણ રાખવી જોઈઓ પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

એશિયાઈ સિંહ દર્શન

દિવાળી વેકેશનમાં એશિયાઈ સિંહ દર્શન માટે 80 હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા, વન વિભાગને રૂ. 1.59 કરોડથી વધુની આવક



(એજન્સી) આંબરડી | તા.23

ગુજરાતના ગૌરવ અને ઘરેણાં સમાન એશિયાઈ સિંહોના કુદરતી નિવાસસ્થાન એવા સૌરાષ્ટ્રના વિવિધ સફારી પાર્કમાં વર્ષ 2026ના દિવાળી વેકેશન દરમિયાન દેશ-વિદેશના પ્રવાસીઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો છે. વન વિભાગ મળતી આંકડાકીય વિગતો મુજબ દિવાળી પર્વમાં એટલે કે તા. 9થી 15 નવેમ્બર, 2026 દરમિયાન સૌરાષ્ટ્રના વિવિધ સફારી પાર્કમાં એશિયાઈ સિંહ દર્શન માટે અંદાજે કુલ 80 હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા હતા,જેના પરિણામે ગુજરાત વન વિભાગને રૂ.1.59 કરોડથી વધુની માતબર આવકની સાથે સ્થાનિક રોજગારીમાં પણ વધારો થયો છે.જેમાં દિવાળીના વેકેશન દરમિયાન સૌથી વધુ ગીર અને દેવળિયામાં જીપ્સી અને બસ સફારી દ્વારા કુલ 60,661 પ્રવાસીઓએ સિંહ દર્શન કર્યા હતા જેના થકી આશરે રૂ. 1.21 કરોડની આવક થઈ છે. ગત વર્ષ કરતાં પ્રવાસીઓની સંખ્યા વધતાં કુલ આવક પણ 2025ના આશરે રૂ.1.15 કરોડથી વધીને 2026માં આશરે રૂ.1.21 કરોડ પર પહોંચી છે.આ ઉપરાંત, જૂનાગઢના ગિરનાર નેચર સફારી, અમરેલીના આંબરડી સફારી પાર્ક અને પોરબંદરના બરડા સફારી ખાતે ગત વર્ષ 2025ની સરખામણીએ વર્ષ 2026માં પ્રવાસીઓની સંખ્યા તેમજ વન વિભાગની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. વર્ષ 2026ના દિવાળી વેકેશન દરમિયાન એટલે કે તા. 9 થી 15 નવેમ્બર, 2026 દરમિયાન આ ત્રણેય સફારી સ્થળો પર કુલ 20,282 પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

સતર્કતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ

ભાવનગર મંડળના લોકોપાયલટોએ 03 એશિયાઈ સિંહોનો જીવ બચાવ્યો

| નરેન્દ્ર દવે | ભાવનગર તા.23.

પશ્ચિમ રેલવે દ્વારા એશિયાઈ સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સંવેદનશીલ વન્યજીવ વિસ્તારોમાં ટ્રેનોનું સંચાલન અત્યંત સતર્કતા અને નિર્ધારિત ગતિમર્યાદા સાથે કરવામાં આવી રહ્યું છે. મંડળ રેલવે પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ તથા વરિષ્ઠ મંડળ વિદ્યુત ઈજનેર (ટ્રેક્શન) શ્રી વિજેન્દ્ર કુમાર મીણા ના નેતૃત્વમાં લોકોપાયલટોને વન્યજીવ વિસ્તારોમાં વિશેષ સાવચેતી રાખવા માટે સતત જાગૃત અને માર્ગદર્શિત કરવામાં આવે છે.આ સતર્કતાનું એક પ્રશંસનીય ઉદાહરણ 20 નવેમ્બર, 2026ના રોજ સામે આવ્યું, જ્યારે પીપાવાવ-સાવરકુંડલા-લીલિયા મોટા રેલખંડ પર ત્રણ એશિયાઈ સિંહો રેલવે ટ્રેક ઓળંગતા જોવા મળ્યા હતા. ટ્રેન નંબર 19256નું સંચાલન કરી રહેલા લોકોપાયલટ શ્રી રાકેશ બી. મારુ (ભાવનગર) અને વરિષ્ઠ સહાયક લોકોપાયલટ શ્રી પ્રકાશ ચંદ મીણાએ કિલોમીટર નંબર 53/8 પાસે ટ્રેક પર સિંહોને જોતાં જ તાત્કાલિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું અને ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી. તેમની ત્વરિત કાર્યવાહી અને સતર્કતાને કારણે ત્રણેય એશિયાઈ સિંહો સંભવિત રેલ અકસ્માતનો ભોગ બનતાં બચી ગયા. ઘટનાની જાણ થતાં જ લોકોપાયલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ)ને માહિતી આપવામાં આવી હતી. માહિતી મળતાં જ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરશ્રી રાહુલભાઈ ઘટના સ્થળે પહોંચ્યા અને સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર કર્યા.પરિસ્થિતિ સામાન્ય થયા બાદ પેસેન્જર ટ્રેનને સાવચેતીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી હતી.ભાવનગર મંડળમાં રેલવે અને વન વિભાગ વચ્ચેના અસરકારક સંકલન તથા લોકોપાયલટોની સતર્કતાના પરિણામે અનેક એશિયાઈ સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી બચાવવામાં આવ્યા છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 159, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 129 તથા ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધી 114 એશિયાઈ સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.મંડળ રેલવે પ્રબંધકશ્રી દિનેશ વર્મા તથા અપર મંડળ રેલવે પ્રબંધકશ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓએ લોકોપાયલટોની સતર્કતા, ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા, સંવેદનશીલતા અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરીને તેમને અભિનંદન પાઠવ્યા હતા.ભાવનગર મંડળ, પશ્ચિમ રેલવે, વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ને સતત મજબૂત બનાવતાં રેલવે અને વન વિભાગના સંકલિત પ્રયાસો દ્વારા એશિયાઈ સિંહો સહિત અન્ય વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘા એવં રંગબેરંગી ઓર્કિડ વિગેરે મિક્સ ફૂલોનો શણગાર અને વિવિધ પ્રકારની મીઠાઈઓનો અન્નકૂટ ધરાવાયો



| નરેન્દ્ર દવે | જૂનાગઢ સારંગપુર

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તા.23-11-2026 ને સોમવારના રોજ દાદાને દિવ્ય શણગાર કરાયો હતો.શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજને મોર પીંછની કલગીથી સુશોભિત પાઘ, વાદળી રંગના મોતી જડિત વાઘા અને અલંકારો ધારણ કરાવવામાં આવ્યા હતા. રંગબેરંગી ઓર્કિડ વિગેરે મિક્સ ફૂલોનો શણગાર સાથે વિવિધ મીઠાઈઓનો ભવ્ય અન્નકૂટ ધરાવામાં આવ્યો હતો. સવારે મંગળા આરતી 5:45 કલાકે પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ દર્શન અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

એસ.ટી.બસમાં રૂ.1.45 લાખનો વિદેશી દારૂ લઈ જવાના કેસમાં બસ ડ્રાઈવરની જામીન અરજી નામંજૂર

(એજન્સી) જામનગર | તા.23

કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં એસ.ટી. બસ મારફતે વિદેશી દારૂની હેરાફેરી કરતા ઝડપાયેલા બસ ડ્રાઈવરની જામીન અરજી જામનગરની સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. આરોપી પાસેથી રૂ.1,45,600ની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની 620 બોટલો મળી આવી હતી. ગુનાની ગંભીરતા, દારૂનો મોટો જથ્થો તથા તપાસ પ્રાથમિક તબક્કામાં હોવાની બાબતોને ધ્યાને લઈ અદાલતે આરોપીને જામીન આપવાનો ઈનકાર કર્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, આરોપી રાજેશકુમાર ઉર્ફે પાકો ભીમસિંહ પટેલિયા (ઉંમર 44, રહે. ડાંગરીયા, તા. મોરવા હડફ, જિ. પંચમહાલ) સરકારી કર્મચારી તરીકે એસ.ટી. બસના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ પોતાના કબજાની એસ.ટી. બસ નંબર જીજે-18-ઝેડટી-2943માં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 620 બોટલો, જેની કિંમત રૂ.1,45,600 થાય છે, તેની હેરાફેરી કરતા ઝડપાયા હતા. આ બનાવ અંગે કાલાવડ (ગ્રામ્ય) પોલીસ સ્ટેશનમાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ 65(એ)(ઈ) તથા 116(બી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેણે જામનગરની સેશન્સ કોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી. આ જામીન અરજીનો રાજ્ય સરકાર તરફથી વિરોધ કરતાં જિલ્લા સરકારી વકીલે અદાલતમાં રજૂઆત કરી હતી કે આરોપી પાસેથી મોટી માત્રામાં પ્રતિબંધિત વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે અને ગુનાની તપાસ હજુ પ્રાથમિક તબક્કામાં ચાલી રહી છે.

જોડીયા નજીક 3 દિવસ પહેલા સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં સલાયાના બે યુવાનોના કરણ મૃત્યુના બનાવમાં પોલીસ ફરિયાદ

(એજન્સી) જામનગર | તા.23

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના તારાણા ગામ નજીક ધ્રોલ-માળિયા હાઈવે પર ગત તા.19 નવેમ્બરના વહેલી સવારે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં સલાયા ગામના બે યુવાનોના કરુણ મૃત્યુ નીપજ્યાં હતા. માળિયા ખાતે આવેલી સુડતાલીસ પીરની દરગાહે દર્શન કરીને મોટરસાઈકલ પર પરત ફરી રહેલા બંને મિત્રો તારાણા ગામનો બ્રીજ પસાર કર્યા બાદ હોકળાના પુલ પર પહોંચ્યા ત્યારે મોટરસાઈકલચાલકે કાબૂ ગુમાવતાં બાઈક પુલની લોખંડની રેલીંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં પાછળ બેઠેલા શાબીરભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ થયું હતું, જ્યારે મોટરસાઈકલચાલક મકદૂમભાઈ ગજીયાનું પણ ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું.આ બનાવ અંગે મૃતક શાબીરભાઈના પિતા અલીમોહમ્મદભાઈ હુસેનભાઈ ભોકલ વાઘેર (ઉંમર 60, રહે. સલાયા, તા. ખંભાળિયા)એ ત્રણ દિવસ બાદ તા.22 નવેમ્બરના રોજ જોડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર થયેલી વિગતો મુજબ, ફરિયાદીનો પુત્ર શાબીરભાઈ પોતાના મિત્રો સાથે સલાયા ગામેથી મોટરસાઈકલો લઈને મોરબી જિલ્લાના માળિયા ખાતે આવેલી સુડતાલીસ પીરની દરગાહે દર્શન કરવા ગયો હતો. દર્શન કર્યા બાદ બીજા દિવસે વહેલી સવારે તેઓ સલાયા પરત ફરી રહ્યા હતા. દરમિયાન શાબીરભાઈ તેના મિત્ર મકદૂમભાઈ બિલાલભાઈ ગજીયાની હોન્ડા યુનિકોર્ન મોટરસાઈકલ નંબર જીજે-37-એન-4706 પર પાછળ બેઠા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

જામનગરમાં સોયલ ટોલનાકા પાસે દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ : વિદેશી દારૂની 1,500 પેટીઓ સાથે 82.05 લાખનો મુદ્દામાલ જપ્ત



(એજન્સી) જામનગર | તા.23

જામનગર જિલ્લામાં દારૂબંધીના કાયદાનો ભંગ કરી વિદેશી દારૂની હેરાફેરી કરતા તત્વો સામે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ દરમિયાન ધ્રોલ પોલીસે સોયલ ટોલનાકા પાસેથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી રૂ.82,05,500નો મુદ્દામાલ કબજે કર્યો છે. ટ્રકમાંથી વિદેશી દારૂની નાની બોટલોની 1,500 પેટીઓ, કુલ 72 હજાર બોટલનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રકચાલકને ઝડપી લીધો છે, જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર બે શખ્સો અને મોકલનાર એક શખ્સ સહિત ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી શોધખોળ હાથ ધરી છે. રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીની સૂચના અને જામનગર ગ્રામ્ય વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક મિત રૂદલાલના માર્ગદર્શન હેઠળ ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન.ખાચર સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન રાજકોટ તરફથી એક ટ્રકમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ભરી જામનગર તરફ લઈ જવાતો હોવાની સંયુક્ત બાતમી મળતાં પોલીસ દ્વારા સોયલ ટોલનાકા પાસે વોચ ગોઠવવામાં આવી હતી.બાતમીના આધારે શંકાસ્પદ ટ્રકને અટકાવી તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની બોટલો ભરેલી કુલ 1,500 પેટીઓ મળી આવી હતી. પેટીઓમાં કુલ 72,000 બોટલ વિદેશી દારૂનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે દારૂ ઉપરાંત ટ્રક, મોબાઈલ ફોન અને અન્ય સામગ્રી મળી કુલ રૂ.82,05,500નો મુદ્દામાલ કબજે કર્યો હતો.કબજે કરાયેલા મુદ્દામાલમાં વિદેશી દારૂની 72,000 બોટલ, કિંમત રૂ.72 લાખ, ટાટા કંપનીનો ટ્રક નંબર જીજે-25-યુ-8811, કિંમત રૂ.10 લાખ, એક મોબાઈલ ફોન તેમજ બે તાલપત્રી અને દોરડુંનો સમાવેશ થાય છે. આ પ્રકરણમાં પોલીસે ભગીરથ ઉર્ફે ભગો નાથાભાઈ કટારા (ઉંમર 23, ધંધો ડ્રાઈવિંગ, રહે. બાવળવાવ ગામ, તા. જિ. પોરબંદર)ને ઝડપી લીધો છે.

હપ્તા ખોરીના આરોપ સાથે કલેક્ટરને આવેદન

સરકારી તિજોરીને કરોડોના નુકસાન વચ્ચે તંત્રની શંકાસ્પદ ભૂમિકા સામે કડક તપાસની માંગ



(એજન્સી) કચ્છ | તા.23

કચ્છ માં ખનિજ ચોરી મુદ્દે બહુજન આર્મીના લખન ધુવા સહિતના આગેવાનો આક્રમક: ખાણ-ખનિજ વિભાગ પર હપ્તા ખોરીના આરોપ સાથે કલેક્ટરને આવેદન કચ્છમાં ગેરકાયદેસર ખનિજ ખનન અને પરિવહન સામે હવે અવાજ વધુ બુલંદ બન્યો છે. આગેવાન બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવા સહિતના કચ્છના આગેવાનોએ ખનિજ માફિયાઓ સામે લાલ આંખ કરતા કચ્છ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક અને કડક પગલાં ભરવાની માંગ કરી છે.આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, અબડાસા તાલુકાના મિયાણી, ખીરસરા તેમજ લખપત તાલુકાના વિવિધ વિસ્તારોમાં ખનિજ માફિયાઓ બેફામ બનીને કુદરતી સંપત્તિની લૂંટ ચલાવી રહ્યા છે. લખન ધુવા અને અન્ય આગેવાનોએ ખાણ-ખનિજ વિભાગની કામગીરી પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, વિભાગ દ્વારા 'હપ્તા લેવામાં' આવતા હોવાથી માફિયાઓને છૂટો દોર મળી રહ્યો છે. અને તંત્ર દ્વારા તેમને છાવરવામાં આવી રહ્યા છે.આગેવાનોએ વધુમાં જણાવ્યું કે, ગેરકાયદેસર ખનિજ ચોરીના કારણે સરકારને મોટી મહેસૂલી ખોટ જઈ રહી છે. અને સ્થાનિક વિસ્તારોમાં પર્યાવરણ તથા રસ્તાઓને પણ નુકસાન પહોંચી રહ્યું છે. જો વહીવટી તંત્ર અને ખાણ-ખનિજ વિભાગ દ્વારા આ મામલે નિષ્પક્ષ તપાસ કરી તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં જનહિતમાં ઉગ્ર લડત ચલાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

મનફાવે તેવા ભાડા વસૂલી સામે રોષ જોતાં ભવનાથ રુટમાં રિક્ષાઓ સામે પ્રતિબંધ

ગિરનાર: ગિરનારની પવિત્ર લીલી પરિક્રમામાં શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉમટેલા લાખો યાત્રિકોની મજબૂરીનો ગેરલાભ ઉઠાવી ઉઘાડી લૂંટ ચલાવતા રિક્ષાચાલકો સામે અંતે તંત્રએ લાલ આંખ કરી છે. શ્રદ્ધાળુઓ પાસેથી મનફાવે તેવા ભાડા વસૂલીને પરિક્રમાની ગરિમાને લજવતા તત્વો પર લગામ કસતા વહીવટી તંત્રએ ભવનાથ રૂટ પર રિક્ષાઓની અવરજવર પર સંપૂર્ણપણે પ્રતિબંધ ફરમાવી દીધો છે અને યાત્રિકોની સુવિધા માટે એસ.ટી. તંત્ર દ્વારા સસ્તા દરે મિનિ બસ સેવા તાત્કાલિક શરૂ કરવામાં આવી છે.લીલી પરિક્રમા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર દ્વારા ગિરનાર દરવાજાથી ભવનાથ તરફ જતા માર્ગો પર ખાનગી વાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવી હતી.

ગ્રામજનોએ રસ્તો નહીં બને તો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપી

| કમલેશ પટેલ. સંખેડા



સંખેડા પંચાયતના પેટાપરા વાઘપુર, છાપરીયા અને નૂરપુરને જોડતો મુખ્ય રસ્તો 20 વર્ષથી ખરાબ હાલતમાં છે. ગ્રામજનોએ રસ્તો નહીં બને તો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપી છે.20 વર્ષ પહેલાં બનેલો આરસીસી રસ્તો તૂટી ગયો છે અને તેમાં ઠેરઠેર ખાડા પડ્યા છે. આ રસ્તા પરથી રોજ અવરજવર કરતા આશરે 1,100 લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.સંખેડાની શાળાએ જતા બાળકો અને ગર્ભવતી મહિલાઓને રસ્તા પરથી પસાર થવામાં મુશ્કેલી પડે છે. રસ્તાની હાલતને કારણે રિક્ષાચાલકો અહીં આવવા આનાકાની કરે છે અને વધુ ભાડું લે છે. તેનો બોજ ગ્રામજનો અને વિદ્યાર્થીઓ પર પડે છે. ખાડાઓને કારણે અકસ્માતનો ભય પણ રહે છે.ગ્રામજનો આ રસ્તા પર નવો ડામર રોડ બનાવવાની માંગ કરી રહ્યા છે. તેમણે 2024માં સંખેડાના ધારાસભ્ય અભેસિંહભાઈ તડવી અને તાલુકા વિકાસ અધિકારીને લેખિત અરજી આપી હતી. જોકે, અત્યાર સુધી કોઈ કાર્યવાહી થઈ નથી.વારંવાર રજૂઆત છતાં રસ્તો ન બનતા ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી છે. તેઓ વહેલી તકે નવો ડામર રોડ બનાવવાની માંગ કરી રહ્યા છે.

પત્રકાર મિત્રોનું પણ મોમેન્ટો આપી વિશેષ સન્માન કરાયું

શિક્ષણના સન્માનથી સમાજના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ! નખત્રાણામાં તેજસ્વી વિદ્યાર્થીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

સમાજમાં શૈક્ષણિક જાગૃતિ વધે, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને નવી પેઢી શિક્ષણના માધ્યમથી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે તેવા ઉમદા હેતુ સાથે નખત્રાણા તાલુકા સુન્ની મુસ્લિમ હિત રક્ષક સમિતિના ઉપક્રમે નખત્રાણા ખાતે ભવ્ય 'શિક્ષણ સન્માન સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમિતિના પ્રમુખ ઈકબાલભાઈ સોઢાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા મીડિયા પ્રવક્તા ઈકબાલભાઈ જત, જિલ્લા કક્ષાના ટ્રસ્ટીઓ, સમાજના આગેવાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કલામે પાકની તિલાવતથી કરવામાં આવી હતી. સમારોહમાં દીની અને દુનિયાવી બંને પ્રકારનું શિક્ષણ મેળવી શાળા-કોલેજ સહિત વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને મહાનુભાવોના હસ્તે શિલ્ડ, સન્માનપત્ર અને પ્રોત્સાહક ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માનથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો સંચાર થયો હતો.અધ્યક્ષસ્થાનેથી



સંબોધન કરતાં સમિતિના પ્રમુખ ઈકબાલભાઈ સોઢાએ જણાવ્યું હતું કે શિક્ષણ માત્ર રોજગાર મેળવવાનું સાધન નથી, પરંતુ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસની મુખ્ય ચાવી છે. આજના સ્પર્ધાત્મક યુગમાં સંતાનો ઉચ્ચ શિક્ષણ, કૌશલ્ય અને સંસ્કારો સાથે આગળ વધે તે સમયની માંગ છે. સમિતિ આગામી સમયમાં પણ શૈક્ષણિક માર્ગદર્શન, કારકિર્દી સેમિનાર અને જરૂરી સહાય દ્વારા વિદ્યાર્થીઓની પડખે ઊભી રહેશે.જિલ્લા મીડિયા પ્રવક્તા ઈકબાલભાઈ જતે પોતાના માર્ગદર્શક ઉદબોધનમાં જણાવ્યું હતું કે શિક્ષણ વ્યક્તિના વ્યક્તિત્વનું ઘડતર કરી સમાજને સાચી દિશા આપે છે. વિદ્યાર્થીઓએ પુસ્તકીય જ્ઞાનની સાથે આધુનિક ટેકનોલોજી, સંશોધન અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે સમિતિના આ પ્રેરણાદાયી આયોજનને બિરદાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કક્ષાએથી ઉપસ્થિત ટ્રસ્ટીઓએ પણ વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, શિસ્ત અને કઠિન પરિશ્રમ દ્વારા ઉચ્ચ શિખરો સર કરવા પ્રેરણા આપી હતી. સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રશ્નોને વાચા આપતા પત્રકાર મિત્રોનું પણ મોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.સમારોહમાં મોલાના અલીફ નકશબંદી, અબ્દુલભાઈ રાયમા, સૈયદ અશરફશા, હનીફ બાવા પડયાર, સાલેમામદ પડયાર, સલીમ ચાકી, ખત્રી સબીર એહમદ, કુંભાર મજીદ સાહેબ, કુંભાર હાજી મુસા, સોઢા સોહેબ (શિક્ષક), જત જરાર, ફારૂક લંગાય, ગુલામશા, સંગાર ઈશાક, ઉમર ગુલફામ, સુમરા ઓસમાણ, જુસબ બાફણ, રમજાન સુમરા, હારુન લુહાર, અબ્બાસ બાવા, રાયમા રમજાન, મકવાણા ગુલામ, ઈદ્રીશ સમેજા, ઈસ્માઈલ કુંભાર, હારુન કુંભાર, અનવરભાઈ ચાકી, ઉમરભાઈ ખત્રી, સોરા આચાર અને ઓસમાણ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માઇનોર કેનાલમાં પાણી ન આવતા ખેડૂતોએ વિરોધ કર્યો



| કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના વાઘપુર-છાપરીયા પાસેથી પસાર થતી માઈનોર કેનાલમાં પાણી ન આવતા ખેડૂતોએ વિરોધ કર્યો. તેમણે 'પાણી આ

સોનામાં કડાકા વચ્ચે ચીનની મોટી રમત, ગોલ્ડની ખરીદીમાં બનાવ્યો રેકોર્ડ, જાણો કેટલે પહોંચ્યો જથ્થો

(એજન્સી) નવી દિલ્હી | તા.23



વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજારોમાં સોનાના ભાવમાં ભારે કડાકો બોલાઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ ચીન પીળી ધાતુને લઈને એક મોટો ખેલ કરી રહ્યું છે. દુનિયાભરમાં સોનાના ભાવ તૂટવા છતાં ચીનની સેન્ટ્રલ બેંક સતત 24મા મહિને દનાદન સોનાની ખરીદી કરીને પોતાનો ગોલ્ડ રિઝર્વ વધારી રહી છે.વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC) ના અક્ટોબર 2026 ના રિપોર્ટ અનુસાર, પીપલ્સ બેંક ઓફ ચાઈના (People's Bank of China) એ ઓક્ટોબર મહિનામાં જ આશરે 26 ટન સોનું ખરીદ્યું છે. ઓક્ટોબર 2023 પછી ચીનની આ સૌથી મોટી મંથલી ગોલ્ડ ખરીદી છે. આ સાથે જ ચીનનો ઓફિશિયલ ગોલ્ડ રિઝર્વ ઉછળીને 2,435 ટન પર પહોંચી ગયો છે, જે તેના કુલ ફોરેન એક્સચેન્જ રિઝર્વના 8.1% હિસ્સો ધરાવે છે.આંતરરાષ્ટ્રીય બજારમાં LBMA ગોલ્ડ પ્રાઈઝ ડોલરના હિસાબે 6.3% અને શંઘાઈ બેન્ચમાર્ક યુઆનના હિસાબે 5.9% ગગડ્યો છે. આ ઘટાડા છતાં ચીની ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (Gold ETF) માં સતત ચોથા મહિને 6.3 ટન ($784 Million) સોનું ઠાલવવામાં આવ્યું છે, જેથી ચીનની કુલ મેટલ ઈટીએફ હોલ્ડિંગ્સ રેકોર્ડ 310 ટન પર પહોંચી ગઈ છે.સોનું સસ્તું થઈ રહ્યું હોવા છતાં ચીન આટલા મોટા પાયે ભંડાર વધારી રહ્યું છે તેની પાછળ તેની લાંબા ગાળાની આર્થિક વ્યૂહરચના છે:ડોલર પર નિર્ભરતા ઘટાડવી: ચીન વૈશ્વિક અર્થતંત્રમાં પોતાની પકડ મજબૂત કરવા અને અમેરિકી ડોલર પરની નિર્ભરતા ઘટાડવા માટે પોતાના ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં સોના જેવા સેફ એસેટ્સ ઉમેરી રહ્યું છે.જિયોપોલિટિકલ કટોકટીમાં સુરક્ષા: કોઈપણ વૈશ્વિક કટોકટી કે યુદ્ધની સ્થિતિમાં સોનું 'સેફ હેવન' ગણાય છે, જેના પર અન્ય કોઈ દેશનું નિયંત્રણ હોતું નથી.માત્ર ચીન જ નહીં પરંતુ વિશ્વભરની કેન્દ્રીય બેંકો પણ નીચા ભાવે સોનું એકઠું કરી રહી છે. જેફરીઝના રિપોર્ટ મુજબ, 2026 ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં વૈશ્વિક સેન્ટ્રલ બેંકોએ નેટ 321.2 ટન સોનાની ખરીદી કરી છે, જે 2024 ના ચોથા ત્રિમાસિક ગાળા પછી સૌથી વધુ છે. બદલાતી વૈશ્વિક અને આર્થિક પરિસ્થિતિઓમાં પોતાની અનામત સંપત્તિને વૈવિધ્યસભર (Diversify) રાખવા માટે બેંકો આ પગલું ભરી રહી છે.

વીમો ધરાવતા એનઆરઆઈમાંથી 90 ટકા લોકો નાણાંકીય સુરક્ષાને મહત્વ આપતા હોવા છતાં તેમનું

લાઈફ ઈન્શ્યોરન્સ કવર વાર્ષિક આવકના 10 ગણા કરતાં ઓછું: એક્સિસ મેક્સ લાઈફના 'ભરોસા ટોક્સઃ બિયોન્ડ બોર્ડર્સ' રિપોર્ટનું વિશ્લેષણ



(એજન્સી) ગાંધીનગર | તા.23

એક્સિસ મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ લિમિટેડ ("Axis Max Life" / "Company"), જે અગાઉ મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ તરીકે ઓળખાતી હતી, તેણે આજે પોતાના જાણીતા પ્લેટફોર્મ 'ભરોસા ટોક્સ'નો એનઆરઆઈ માટેનો વિશેષ રિપોર્ટ 'ભરોસા ટોક્સઃ બિયોન્ડ બોર્ડર્સ' રજૂ કર્યો હતો. આ અભ્યાસ YouGov ના સહયોગથી હાથ ધરવામાં આવ્યો હતો. તેનો હેતુ વિદેશમાં રહેતા ભારતીયો (એનઆરઆઈ)ની બદલાતી નાણાંકીય વર્તણૂંક, જરૂરિયાતો અને આકાંક્ષાઓને સમજવાનો હતો. અભ્યાસના તારણો દર્શાવે છે કે નવી પેઢીના ભારતીયો નાણાંકીય શિસ્ત જાળવીને વૈશ્વિક સ્તરે કારકિર્દી બનાવી રહ્યા છે અને વિદેશમાં સંપત્તિ એકત્ર કરી રહ્યા છે. સાથે જ તેઓ ભારત સાથે નાણાંકીય અને ભાવનાત્મક સંબંધો પણ મજબૂત રીતે જાળવી રહ્યા છે.એક્સિસ મેક્સ લાઈફ દ્વારા આ રિપોર્ટનું ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં એક કાર્યક્રમ દરમિયાન વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આઈએફએસસીએના ચેરમેન શ્રી કે. રાજારમન, આ ઈ એ ફ એ સ સ ી એ ન । એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી મહિપાલ રેડ્ડી, એક્સિસ મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી સુમિત મદન, એક્સિસ મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી રાહુલ તલવાર અને ગ્રોથ વર્ટિકલ્સના હેડ શ્રી ઉદ્દભવ ગુપ્તા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભારતના નાણાંકીય અને નિયમનકારી ક્ષેત્રના અગ્રણી પ્રતિનિધિઓ એકત્ર થયા હતા. તેમણે વૈશ્વિક નાણાંકીય કેન્દ્ર તરીકે ગિફ્ટ સિટીની વધતી ભૂમિકા અને વિદેશમાં વસતા ભારતીય સમુદાય માટે તેના મહત્વ અંગે ચર્ચા કરી હતી. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે એનઆરઆઈ પરિવારને આર્થિક સહાય પૂરી પાડવા માટે સંપત્તિ ઊભી કરવા અને નિવૃત્તિનું આયોજન કરવા જેવા મુખ્ય નાણાંકીય લક્ષ્યાંકો ધરાવે છે. 54 ટકા એનઆરઆઈ પોતાની વ્યક્તિગત આવકના 20 ટકાથી વધુ નાણાં બચાવે છે અથવા રોકાણ કરે છે. આ ઉપરાંત, 72 ટકા એનઆરઆઈ પાસે આવકનો વધારાનો સ્ત્રોત છે, જેમાં રોકાણમાંથી મળતી આવક સૌથી સામાન્ય સ્ત્રોત તરીકે સામે આવી છે. તેમની આ નાણાંકીય શિસ્ત તેમના આયોજનમાં પણ જોવા મળે છે. 78 ટકા એનઆરઆઈ ઓછામાં ઓછા દર ત્રણ મહિને પોતાની નાણાંકીય યોજનાઓની સમીક્ષા કરે છે, જ્યારે 65 ટકા લોકો નાણાંકીય આયોજન કરતી વખતે મોંઘવારી, કરવેરા અને રોકાણ પર મળતા વળતર જેવા મુદ્દાઓને ધ્યાનમાં લે છે. જોકે, એનઆરઆઈ વૈશ્વિક સ્તરે પોતાની કારકિર્દી અને સંપત્તિનું નિર્માણ કરી રહ્યા હોવા છતાં ભારત તેમના નાણાંકીય જીવન અને ભવિષ્યના આયોજનનો મહત્વનો હિસ્સો બની રહ્યું છે.

News Brief

ડિપફેક સાયબર સ્કેમ શિક્ષિત અને બુદ્ધિશાળી લોકો કેવી રીતે થાય છે શિકાર, બચવાના ઉપાય

(એજન્સી) નવી દિલ્હી | તા.23

નાણાં પ્રધાનના ડીપફેક વીડિયોથી કોઝિકોડના ઉદ્યોગપતિ સાથે 1.45 કરોડની છેતરપિંડી. જાણો AI કૌભાંડ કેવી રીતે કામ કરે છે, નકલી વીડિયો કેવી રીતે ઓળખશો અને 1930 હેલ્પલાઈન સહિતના બચાવના નિયમો.

કેરળના કોઝિકોડમાંથી ડીપફેક છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ત્યાંના એક ઉદ્યોગપતિએ ફેસબુક પર કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણનો એક વીડિયો જોયો, જેમાં ઓનલાઈન રોકાણ પ્લેટફોર્મ પર ઊંચા વળતરનું વચન અપાયું હતું. દેશના નાણાં પ્રધાન પોતે બોલી રહ્યા હોવાનું માનીને ઉદ્યોગપતિએ વીડિયોની લિંક પર ક્લિક કર્યું અને છેતરપિંડી કરનારાઓના કહેવાથી 30 વ્યવહારોમાં આશરે 1.45 કરોડ ટ્રાન્સફર કરી દીધા. કરોડો રોકાણ કરવા છતાં તેમને કોઈ વળતર મળ્યું નહીં અને મૂડી પણ ગુમાવવી પડી. શું ખરેખર આ સ્કીમ હતી કે ફ્રોડ..જાણો હકીકત. સ્કેમર્સ માત્ર એક નકલી વીડિયો બનાવીને અટકી જતા નથી, પરંતુ તે વીડિયો એક મોટી જાળમાં ફસાવવાની શરૂઆત હોય છે. Helo.ai ના સ્થાપક અને એમડી વિક્રમ રાયચુરાના જણાવ્યા અનુસાર, AI-જનરેટેડ ડીપફેક વીડિયો એટલા વાસ્તવિક લાગે છે કે ઘણા લોકોને તેની જાણ પણ નથી હોતી. જાણીતા નેતાઓ કે સેલિબ્રિટીઓના ચહેરા અને અવાજની નકલ જોઈને લોકો સહેલાઈથી વિશ્વાસ કરી લે છે. લિંક પર ક્લિક કર્યા બાદ પીડિતોને નકલી વેબસાઈટ અથવા વોટ્સએપ ગ્રુપમાં જોડવામાં આવે છે.

$78 પ્રતિ બેરલ રહી જશે તેલની કિંમત: ઓઈલ માર્કેટમાં આવશે સરપ્લસ

4 એવા કારણો જેના લીધે ક્રૂડ ઓઈલમાં ભયંકર કડાકાના સંકેત, યુદ્ધ ચાલુ રહેશે તો પણ ફેર નહીં પડે!



(એજન્સી) નવી દિલ્હી | તા.23

રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ હોય કે પછી અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલો ભીષણ સંઘર્ષ–આ તમામ ભૂ-રાજકીય તણાવની સૌથી મોટી અસર વૈશ્વિક સ્તરે કાચા તેલ પર જોવા મળી છે. તેલની કિંમતો ટોચ પર પહોંચવાને કારણે ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકાથી લઈને સાઉથ કોરિયા, બ્રિટન અને ખુદ અમેરિકા સુધી તેલ-ગેસ સંકટ ઊભું થયું હતું. જોકે, અમેરિકા-ઈરાન યુદ્ધ હજુ ખતમ થયું નથી અને દરરોજ હુમલાના સમાચારો સામે આવી રહ્યા છે, તેમ છતાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો કડાકો આવવાનો છે તેવું મોટું એલર્ટ વિદેશી નાણાકીય સંસ્થા ગોલ્ડમેન સૈશના નિષ્ણાતોએ આપ્યું છે.2027ના અંત સુધીમાં મોટો ઘટાડો: ગોલ્ડમેન સૈશે પોતાના તાજા રિપોર્ટમાં અનુમાન વ્યક્ત કર્યું છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ છતાં વર્ષ 2027ના અંત સુધીમાં કાચા તેલની કિંમત ઘટીને $78 પ્રતિ બેરલ પર આવી જશે.બ્રેન્ટ ક્રૂડના ભાવનું અનુમાન: ગોલ્ડમેન રિસર્ચ અનુસાર, બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડનો ભાવ ડિસેમ્બર 2027ની શરૂઆત સુધીમાં $93 પ્રતિ બેરલ થી ઘટીને $78 થઈ શકે છે, જ્યારે સમગ્ર વર્ષ માટે તેની સરેરાશ કિંમત $88 પ્રતિ બેરલ આસપાસ રહેવાની અપેક્ષા છે.યુદ્ધ છતાં સપ્લાય ચેઈનમાં ઝડપી ફેરફાર: વિશ્લેષકોનું કહેવું છે કે ઓક્ટોબર 2026માં જ ઓઈલ માર્કેટ સરપ્લસમાં જતું રહેશે, કારણ કે પર્શિયન ગલ્ફમાંથી થતી ક્રૂડ નિકાસ પાછલા મહિના કરતાં 2 મિલિયન બેરલ પ્રતિ દિવસ વધીને વર્ષ 2025ની સરેરાશ પર પહોંચી જશે. રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે અમેરિકા-ઈરાન યુદ્ધમાં કોઈ નક્કર રાજદ્વારી સફળતા નહીં મળે, પરંતુ ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લાંબા સમય સુધી કોઈ મોટું નુકસાન થતું દેખાઈ રહ્યું નથી.ગ્લોબલ કોમોડિટી રિસર્ચના કો-હેડ અને ઓઈલ રિસર્ચ પ્રમુખ ડેન સ્ટુઈવેને જણાવ્યું કે સપ્લાય ચેઈન અને વપરાશમાં ઝડપી પરિવર્તનને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં શિપિંગ અવરોધો હોવા છતાં તેલની કિંમતો અપેક્ષા કરતાં ઘણી ધીમી ગતિએ વધી છે.

કેશ એલર્ટની સાથે નિષ્ણાતોની આ ચેતવણી પણ સમજો

ટૂંકા ગાળાના જોખમો યથાવત: ગોલ્ડમેન સૈશે 2027ના અંતમાં ભાવ ઘટવાનું અનુમાન લગાવ્યું હોવા છતાં વિશ્લેષકો ચેતવણી આપી રહ્યા છે કે ટૂંકા ગાળામાં તેલની કિંમતોમાં ઉતાર-ચઢાવ સક્રિય રહેશે, જેમાં શિપિંગ હુમલાઓમાં વધારો, તેલના માળખાને નુકસાન અને ભૂ-રાજકીય જોખમ સામેલ છે. હેજિંગ તરીકે ગોલ્ડમેને 2027ના ઉનાળા માટે યુરોપિયન ગેસોલિનમાં લોંગ પોઝિશન લેવાની સલાહ આપી છે.

IEAની ચેતવણી અને OPEC+ પર નજર: ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ફાતિહ બિરોલે ચેતવણી આપી છે કે આ તેલ સંકટ જેટલા લાંબા સમય સુધી ચાલશે, તેટલા જ ઊંડા ઘા છોડશે. હવે સમગ્ર બજાર અને નિષ્ણાતોની નજર 29 નવેમ્બર પર ટકેલી છે, જ્યારે OPEC+ના મંત્રીઓ વર્ષ 2027ની ઉત્પાદન નીતિ પર વિચાર કરવા માટે એક ટેબલ પર બેસશે.

ગોલ્ડમેન સૈશના કેશ અનુમાન પાછળના 4 મુખ્ય કારણો

1. વર્ષ 2027માં વધતું ઓઈલ વધારાનો પુરવઠો:

ગોલ્ડમેન સૈશને અપેક્ષા છે કે વર્ષ 2027માં ગ્લોબલ ઓઈલ સરપ્લસ 2 મિલિયન બેરલ પ્રતિ દિવસ સુધી પહોંચી જશે, જેના કારણે બ્રેન્ટ ક્રૂડની ફેર વેલ્યુ વર્તમાન $90 પ્રતિ બેરલથી ઘટીને $70ના સ્તર પર આવી જશે.

2. ગલ્ફ એક્સપોર્ટ અને બાયપાસ રૂટમાં મોટો સુધારો:

ગલ્ફ દેશોના નિકાસકારોએ પાઈપલાઈન, ડાર્ક એક્સપોર્ટ, US નેવી એસ્કોર્ટ્સ અને શિપ-ટુ-શિપ ટ્રાન્સફર દ્વારા સપ્લાયને રી-ડાયરેક્ટ કરી દીધો છે. નિષ્ણાતોના મતે, 2027 સુધીમાં ગલ્ફ ઓઈલ પ્રોડક્શન 2025ની સરેરાશ કરતાં 1.4 મિલિયન બેરલ પ્રતિ દિવસ વધુ રહી શકે છે અને તેને આગામી વર્ષ સુધીમાં સીધા ઓમાનની ખાડી, રેડ સી અથવા ભૂમધ્ય સમુદ્ર સુધી પહોંચાડવા માટે 3.8 મિલિયન બેરલ પ્રતિ દિવસની વધારાની બાયપાસ પાઈપલાઈન ક્ષમતા તૈયાર થવાની અપેક્ષા છે.

3. ગલ્ફની બહારથી વધતો સપ્લાય અને અમેરિકી સ્ટોકમાં વધારો:

ગલ્ફ દેશોની બહાર, ખાસ કરીને બ્રાઝિલમાં મજબૂત તેલ ઉત્પાદને વૈશ્વિક આંચકાને ઓછો કરવામાં મોટી મદદ કરી છે. બીજી તરફ, US એનર્જી ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન (EIA)ના ડેટા દર્શાવે છે કે અમેરિકાનો કોમર્શિયલ ક્રૂડ સ્ટોક 3.4 મિલિયન બેરલ વધીને 417.8 મિલિયન બેરલ પર પહોંચી ગયો છે, જે સતત બીજા અઠવાડિયે થયેલો વધારો દર્શાવે છે.

4. ચીનમાં નબળી પડેલી ઓઈલ ડિમાન્ડ:

કિંમતોમાં આવેલી જોરદાર તેજીને કારણે વિશ્વના સૌથી મોટા આયાતકાર ચીનમાં તેલનો વપરાશ ઘટ્યો છે, જેનાથી તેની એનર્જી ડિમાન્ડ વીજળી અને કોલસા તરફ વળી ગઈ છે. ટ્રાન્સપોર્ટ ફ્યુઅલના ઓછા વપરાશને કારણે દરરોજ અંદાજે 400,000 બેરલનું નુકસાન થયું છે, જેમાંથી અડધો ઘટાડો કાયમી ધોરણે જળવાઈ રહેવાની શક્યતા છે.

બિસલેરીના પાણીનો નમૂનો અસુરક્ષિત, FSSAIએ કંપની સામે કેસ ચલાવવાની આપી મંજૂરી, કંપનીએ કરી સ્પષ્ટતા

(એજન્સી) નવી દિલ્હી | તા.23

દેશમાં પેકેજ્ડ પીવાના પાણીના મોટા બ્રાન્ડમાં સામેલ બિસલેરીની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. જે બિસલેરીના પાણી પર લોકો વિશ્વાસ રાખે છે, તેના એક નમૂનાને તપાસ દરમિયાન અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યો છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણે બિસલેરી ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ સામે કેસ ચલાવવાની મંજૂરી આપી છે.બિસલેરીના પેકેજ્ડ પીવાના પાણીના એક નમૂનામાં બ્રોમેટનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા મુજબ નહોતું. આથી ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ, 2006 હેઠળ તેને અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું.કંપનીએ તપાસના અહેવાલ સામે અપીલ કરતાં નમૂનાને રેફરલ ફૂડ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. ત્યાં કરવામાં આવેલી તપાસમાં પણ પોલિસાયક્લિક એરોમેટિક હાઈડ્રોકાર્બન (PAH) મળી આવતાં નમૂનાને અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યો હતો. પ્રયોગશાળાના અહેવાલમાં નિયમોના ઉલ્લંઘનની પુષ્ટિ થયા બાદ પ્રાધિકરણે કંપની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાની મંજૂરી આપી છે. બિસલેરી ઉપરાંત વસંત મસાલા પ્રાઈવેટ લિમિટેડ, ટિટ બિટ ફૂડ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, મીમાંસા ઈન્ડસ્ટ્રીઝ અને આશા કન્ફેક્શનરી સામે પણ કેસ ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે.વસંત મસાલાના મરચાના પાઉડરમાં ડિફેનોકોનાઝોલ નામના જંતુનાશક અવશેષનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધારે મળ્યું હતું. ટિટ બિટ ફૂડ્સના મરચાના પાઉડરમાં જંતુનાશક અવશેષો અને હળદરના પાઉડરમાં ટીનનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધારે હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.મીમાંસા ઈન્ડસ્ટ્રીઝના અખરોટની ગીરી હલકી ગુણવત્તાની અને અસુરક્ષિત મળી આવી હતી. જ્યારે આશા કન્ફેક્શનરીનાં ચોકલેટ ભરેલાં બિસ્કિટમાં ખાંડના પ્રમાણ અંગે આપવામાં આવેલી માહિતી ખોટી હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં આ બિસ્કિટ પણ હલકી ગુણવત્તાનાં અને અસુરક્ષિત જાહેર થયાં હતાં.ખાદ્ય સુરક્ષા પ્રાધિકરણે સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન અને ફરીથી પેકિંગ સંબંધિત સમસ્યાઓને પગલે ઉર્મિ લાઈફસાયન્સિસ એલએલપી અને ગૌર આયુર્વેદિક સ્ટોરનાં લાઇસન્સ પણ સસ્પેન્ડ કર્યા છે.

ઉજ્જીવન સ્મોલ ફાઇનાન્સ બેંકનો હાઉસિંગ અને માઇક્રો માર્ગેજીસમાં રૂ. 12,000 કરોડનું સીમાચિહ્ન સર કર્યું

(એજન્સી) બેંગાલુરુ | તા.23

ઉજ્જીવન સ્મોલ ફાઇનાન્સ બેંકે ("બેંકે") પોતાના હાઉસિંગ અને માઇક્રો મોર્ગેજ પોર્ટફોલિયોમાં રૂ. 12,000 કરોડનું સીમાચિહ્ન સર કર્યું છે. બેંક ગ્રામીણ બજારોમાં પોતાની કામગીરી વધારવા અને ઔપચારિક હાઉસિંગ ધિરાણ સુધી મર્યાદિત પહોંચ ધરાવતા પરિવારો સુધી પહોંચવાની તક જુએ છે. આ સીમાચિહ્નની ઉજવણી કરવાના પ્રસંગે બેંકે ઔદ્યોગિક કોન્ક્લેવ 'બિલ્ડિંગ ભારત - બ્રિક બાય બ્રિક'નું આયોજન કર્યું હતું, જેમાં ભારતમાં વાજબી કિંમત ધરાવતા મકાનોના ધિરાણના ભવિષ્ય પર ચર્ચા થઈ હતી. ગત એક દાયકામાં ભારતમાં વાજબી કિંમત ધરાવતા મકાનોની માગમાં ઝડપથી વધારો થયો હોવાથી આ કોન્ક્લેવમાં મકાનની ખેંચને દૂર કરવામાં ધિરાણસંસ્થાઓ અને ઉદ્યોગ સાથે ભાગીદારીઓની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો.આ કોન્ક્લેવમાં કીનોટ સંબોધન નેશનલ હાઉસિંગ બેંક (એનએચબી)ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય શુક્લાએ કર્યું હતું, જે પછી એક પેનલ ચર્ચા થઈ હતી. પેનલમાં શામેલ લોકોમાં ઉજ્જીવન એસએફબીના પાર્ટ-ટાઇમ ચેરમેન અને સ્વતંત્ર ડિરેક્ટર શ્રી બી. એ. પ્રભાકર, ઉજ્જીવન એસએફબીના વચગાળાના સીઈઓ અને પૂર્ણકાલિન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુશ્રી કેરોલ ફુર્તાદો, ઈક્રાના ગ્રૂપ હેડ અને સીનિયર વાઇસ પ્રેસિડન્ટ શ્રી આશિષ મોદાણી, ટીલ ઈન્ડિયાના સહ-સ્થાપક અને સીઓઓ શ્રી રોહન શ્રીધર, ગ્રૃહ કાઉન્સિલના ડેપ્યુટી જનરલ મેનેજર અને ટ્રેઝર શ્રી આકાશ દીપ, નેશનલ હાઉસિંગ બેંકના જનરલ મેનેજર શ્રી વિશાલ ગોયલ અને ઉજ્જીવન એસએફબીના સ્વતંત્ર ડિરેક્ટર સુશ્રી મોના કછવાહ (સંચાલક) શામેલ હતા.આ ચર્ચાના મુદ્દામાં ભારતના વાજબી કિંમત ધરાવતા મકાનોનાં ક્ષેત્રમાં નવા પડકારો અને નવી તકો શામેલ હતી. તેમાં મુખ્યત્વે હાઉસિંગ ધિરાણ સુધી પહોંચ વધારવી, ગ્રામીણ ક્ષેત્રોમાં વિસ્તરણ, પહેલી વાર ઘર ખરીદતા લોકોની મદદ, ટેકનોલોજી પર આધારિત સમાધાન, નીતિગત પીઠબળ અને સતત નિર્માણ જેવા મુદ્દા શામેલ હતા.

ફૂડલિંક એફએન્ડબી હોલ્ડિંગ્સનો રૂ.361 કરોડનો આઈપીઓ 26 નવેમ્બરે ખુલશે, પ્રાઇઝ બેન્ડ રૂ. 181થી 191 નક્કી કરાયો

(એજન્સી) નવી દિલ્હી | તા.23

લક્ઝરી ફૂડ સર્વિસીસ ક્ષેત્રે કાર્યરત કંપની ફૂડલિંક એફએન્ડબી હોલ્ડિંગ્સ (ઈન્ડિયા) લિમિટેડ તેના પ્રથમ આઈપીઓ મારફતે રૂ. 361 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ આઈપીઓ માટે સબ્સ્ક્રીપ્શન 26 નવેમ્બરે શરૂ થશે. કંપનીએ શેર દીઠ રૂ. 181થી 191ની પ્રાઇઝ બેન્ડ નક્કી કર્યો છે. સોમવારે જાહેર કરવામાં આવેલી જાહેરાત અનુસાર, આ આઈપીઓ 30 નવેમ્બરે બંધ થશે, જ્યારે એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડીંગ 25 નવેમ્બરે યોજાશે.આ આઈપીઓમાં રૂ. 192 કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ અને કંપનીના હાલના શેરધારકો દ્વારા રૂ. 168.76 કરોડના મૂલ્યના કુલ 88,35,382 ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ)નો



સમાવેશ થાય છે. શેરની પ્રાઇઝ બેન્ડની ઉપરની મર્યાદા એટલે કે રૂ. 191ના ભાવે ગણતરી કરવામાં આવે તો આઈપીઓનું કુલ કદ રૂ. 360.76 કરોડ થાય છે.રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (આરએચપી) અનુસાર, ફ્રેશ ઇશ્યૂમાંથી મળનારી રકમનો ઉપયોગ એક નવી સેન્ટ્રલાઇઝ્ડ કિચન અને બે નવા બેન્ક્વેટ હોલ શરૂ કરવા માટે કરવામાં આવશે.આ ઉપરાંત, આ રકમનો એક હિસ્સો કંપનીની મટીરિયલ સબસિડિયરી ફૂડલિંક ગ્લોબલ રેસ્ટોરન્ટ્સ એન્ડ કેટરિંગ સર્વિસીસ એલએલપીમાં રોકવામાં આવશે. આ રોકાણનો ઉપયોગ ચાર નવી કેઝ્યુઅલ ડાઇનિંગ રેસ્ટોરન્ટ શરૂ કરવા માટે કરવામાં આવશે.એકત્ર કરવામાં આવેલી રકમનો ઉપયોગ કંપનીના બાકી લેણાંની ચૂકવણી અથવા સમય પહેલાં લોનની ચુકવણી કરવા તેમજ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે પણ કરવામાં આવશે.

SpiceJetની મુશ્કેલીઓમાં વધારો! હવે નાણાકીય સ્થિતિ અને સુરક્ષા પર ઉઠ્યા સવાલ, FIP એ કરી તપાસની માગ

(એજન્સી) નવી દિલ્હી | તા.23

એસોસિએશને વધુમાં વિનંતી કરી કે એરલાઈનની નાણાકીય મુશ્કેલીઓ તેના સ્ટાફ, ખાસ કરીને ક્રૂ સભ્યોના સુખાકારી અને સંચાલન પ્રદર્શનને કેવી રીતે અસર કરી રહી છે તેની તપાસ કરવામાં આવે. ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઇલોટ્સ (FIP) એ માંગ કરી હતી કે ઉડ્ડયન નિયમનકાર, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA), એરલાઇન સ્પાઇસજેટના નાણાકીય સ્થિતિ અને સલામતી વ્યવસ્થાનું તાત્કાલિક મૂલ્યાંકન કરે. એસોસિએશને વધુમાં વિનંતી કરી કે એરલાઈનની નાણાકીય મુશ્કેલીઓ તેના સ્ટાફ, ખાસ કરીને ક્રૂ સભ્યોના સુખાકારી અને સંચાલન પ્રદર્શનને કેવી રીતે અસર કરી રહી છે તેની તપાસ કરવામાં આવે.નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુને સંબોધિત પત્રમાં, ભારતીય પાઇલોટ્સ ફેડરેશનએ સ્પાઇસજેટની પરિસ્થિતિ અંગે મંત્રાલયના હસ્તક્ષેપની વિનંતી કરી છે. FIP એ એવો પણ પ્રસ્તાવ મૂક્યો હતો કે તમામ સુનિશ્ચિત એરલાઇન્સની નાણાકીય સ્થિતિની વ્યાપક વાર્ષિક સમીક્ષા કરવામાં આવે. 17 નવેમ્બરના રોજ, DGCA એ સ્પાઇસજેટને કારણ બતાવો નોટિસ જારી કરી, જેમાં ફ્લાઇટ રદ કરવાની વધતી સંખ્યા, ચુકવણીમાં વિલંબને કારણે કામગીરીમાં વિક્ષેપો અને ચોક્કસ નિયમોના ઉલ્લંઘન અંગે વિગતવાર પ્રતિભાવ માંગવામાં આવ્યો. હાલમાં નાણાકીય કટોકટીનો સામનો કરી રહેલી સ્પાઇસજેટને DGCAની નોટિસનો જવાબ આપવા માટે 7 દિવસનો સમય આપવામાં આવ્યો છે.

360 વન પ્રસ્તુત કરે છે ટ્રેસીસ ઓફ અસ, જયપુરની સ્થાપનાનાં 300 વર્ષ પૂર્ણ થાય એ અગાઉ મહેલમાં સમકાલીન કળાનું પ્રદર્શન

જયપુર | જ્યારે જયપુર પોતાની સ્થાપના 300 વર્ષ પૂરાં થવાની ઉજવણીની તડામાર તૈયારી કરી રહ્યું છે, ત્યારે 360 વન અને જયપુર સેન્ટર ફોર આર્ટ ભારતીય કળાજગતની છ હસ્તીઓના કામને એકબીજા સાથે અને મહેલની જીવંત વાસ્તુકળા સાથે સંવાદ કરતું ભવ્ય પ્રદર્શન ટ્રેસીસ ઓફ અસ પ્રસ્તુત કરે છે. 18 નવેમ્બર, 2026થી શરૂ થયેલું અને 18 જાન્યુઆરી, 2027 સુધી ચાલનારું આ પ્રદર્શન જયપુર સેન્ટર ફોર આર્ટ અને સિટી પેલેસના વિવિધ ભાગોમાં જોવા મળશે. આ પ્રદર્શન મહેલની અંદર જયપુરની સ્થાપના 300 વર્ષ પૂર્ણ થવાની (2027માં) ઉજવણીની શરૂઆતસમાન પ્રથમ પહેલ છે. સાથે સાથે, આ જયપુર સેન્ટર ફોર આર્ટની બીજી એનિવર્સરી પણ છે. મુંબઈ સ્થિત કલેક્ટર ઉદિત ભાભ્બરીનો આ વિચાર એટલે કે પ્રદર્શનમાં અર્પિતા સિંહ, ભારતી ખેર, કુલપ્રીત સિંહ, એમ. એફ. હુસૈન, એન. એસ. હર્ષા અને શિલ્પા ગુપ્તાની કળાકૃતિઓને એકસાથે લાવે છે. વિવિધ પેઢીઓ અને કળાશૈલીઓ સાથે સંબંધિત આ પ્રદર્શનમાં કલાકારો માનવીય સંબંધો અને લોકોએ એકબીજા પર છોડેલી છાપને રજૂ કરે છે. આ પ્રદર્શનની કલ્પના કરનાર ઉદિત ભાભ્બરીએ કહ્યું હતું, "જ્યારે આપણે એકબીજા સાથે તાત્કાલિક જોડાઈ શકીએ છીએ એવા યુગમાં જીવીએ છીએ, ત્યારે આપણા ઘરો, આપણા સમુદાયો અને આપણી અંદર પણ હજુ અંતર છે. ટ્રેસીસ ઓફ અસ એક સરળ પ્રશ્ન સાથે શરૂ થાય છે - આપણે એકબીજાની પાછળ શું છોડીએ છીએ? દરેક મુલાકાત એક છાપ છોડીને જાય છે, ભલે એ ગમે એટલી સૂક્ષ્મ કે નાની કેમ ન હો

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 15

કુદરતી હોનારત - ગ્લોબલ વોર્મિંગ : માનવજાત પર અનિશ્ચિતતાના વાદળ

દેશમાં ૧૯૯૮માં ગુજરાતમાં ત્રાટકેલું વિનાશક વાવાઝોડું હોય કે ૧૯૯૯માં ઓડિશાને ઘમરોળી નાખનારું મહાચક્રવાત, ૨૦૧૪માં આવેલું હુદહુદ વાવાઝોડું હોય કે ૨૦૨૦માં બંગાળ અને ઓડિશામાં તબાહી મચાવનારું અમ્ફાન ચક્રવાત, આ દરેક તોફાને વિકાસના દાવાઓને પોકળ સાબિત કર્યા છે : બીજી તરફ છેલ્લા ૩૦ વર્ષમાં સમગ્ર વિશ્વમાં આશરે ૧૦,૦૦૦ જેટલી કુદરતી આપત્તીઓ આવી છે, જેમાં ૯ લાખથી વધુ લોકોના કરુણ મોત નિપજ્યા છે. વૈશ્વિક અર્થતંત્રને આ કુદરતી આફતોના કારણે ૪.૭ ટ્રિલિયન ડોલરથી વધુનું સીધું આર્થિક નુકસાન થયું છે. તે ઉપરાંત વિશ્વના ૫.૫ અબજ લોકો આ આપત્તિઓથી પ્રભાવિત થયા છે : જળવાયુ સંકટમાંથી બચવું હશે, તો સૌથી વધુ કાર્બન ઉત્સર્જન કરતા દેશો અને મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓએ પોતાની લાલચ પર લગામ લગાવવી પડશે. કોલસો, ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ જેવા ફોસિલ ફ્યુઅલ પરની નિર્ભરતા યુદ્ધના ધોરણે ઘટાડવી પડશે. પર્યાવરણના ભોગે થતો વિકાસ એ વિકાસ નથી, પરંતુ માનવ અસ્તિત્વ સાથેની રમત છે. ઊર્જાના વૈકલ્પિક અને સ્વચ્છ સ્ત્રોતો તરફ વળવું એ હવે કોઈ વિકલ્પ નથી, પરંતુ અનિવાર્યતા છે. દેશમાં ૧૯૯૮માં ગુજરાતમાં ત્રાટકેલું વિનાશક વાવાઝોડું હોય કે ૧૯૯૯માં ઓડિશાને ઘમરોળી નાખનારું મહાચક્રવાત, ૨૦૧૪માં આવેલું હુદહુદ વાવાઝોડું હોય કે ૨૦૨૦માં બંગાળ અને ઓડિશામાં તબાહી મચાવનારું અમ્ફાન ચક્રવાત, આ દરેક તોફાને વિકાસના દાવાઓને પોકળ સાબિત કર્યા છે : બીજી તરફ છેલ્લા ૩૦ વર્ષમાં સમગ્ર વિશ્વમાં આશરે ૧૦,૦૦૦ જેટલી કુદરતી આપત્તીઓ આવી છે, જેમાં ૯ લાખથી વધુ લોકોના કરુણ મોત નિપજ્યા છે. વૈશ્વિક અર્થતંત્રને આ કુદરતી આફતોના કારણે ૪.૭ ટ્રિલિયન ડોલરથી વધુનું સીધું આર્થિક નુકસાન થયું છે. તે ઉપરાંત વિશ્વના ૫.૫ અબજ લોકો આ આપત્તિઓથી પ્રભાવિત થયા છે : જળવાયુ સંકટમાંથી બચવું હશે, તો સૌથી વધુ કાર્બન ઉત્સર્જન કરતા દેશો અને મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓએ પોતાની લાલચ પર લગામ લગાવવી પડશે. કોલસો, ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ જેવા ફોસિલ ફ્યુઅલ પરની નિર્ભરતા યુદ્ધના ધોરણે ઘટાડવી પડશે. પર્યાવરણના ભોગે થતો વિકાસ એ વિકાસ નથી, પરંતુ માનવ અસ્તિત્વ સાથેની રમત છે. ઊર્જાના વૈકલ્પિક અને સ્વચ્છ સ્ત્રોતો તરફ વળવું એ હવે કોઈ વિકલ્પ નથી, પરંતુ અનિવાર્યતા છે. વિશ્વભરમાં જળવાયુ પરિવર્તન હવે માત્ર પર્યાવરણવિદોની ચર્ચાનો વિષય નથી રહ્યો, પરંતુ તે માનવજાતના અસ્તિત્વ સામે સૌથી મોટો અને ભયાનક પડકાર બનીને ઊભો છે. જર્મનીની પ્રતિષ્ઠિત પર્યાવરણ અને વિકાસ સંસ્થા જર્મનવોચ દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સ ૨૦૨૭ના રિપોર્ટે સમગ્ર વિશ્વની ઊંઘ ઉડાડી દીધી છે. તેમાંય ભારત માટે તો મોટી ચેતવણી આવી છે. તુર્કીયેના અંતાલ્યા શહેરમાં ૯ થી ૨૦ નવેમ્બર દરમિયાન આયોજિત સંયુક્ત રાષ્ટ્રના ૩૧મા જળવાયુ પરિવર્તન સંમેલન એટલે કે ભૈં૩૧માં આ ચોંકાવનારો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ મુજબ, જળવાયુ પરિવર્તન અને કુદરતી આફતોથી સૌથી વધુ પ્રભાવિત થયેલા વિશ્વના ટોપ-૧૦ દેશોની ભયાનક યાદીમાં ભારતનો સમાવેશ થયો છે. આ અહેવાલ ભારત માટે ખતરાની એવી ઘંટડી છે જેનો અવાજ જો આજે સાંભળવામાં નહીં આવે, તો આવનારી પેઢીઓ માટે પૃથ્વી પર શ્વાસ લેવો પણ મુશ્કેલ બની જશે. છેલ્લા ત્રણ દાયકાના આંકડાઓ પર નજર નાખીએ તો ભારતની સ્થિતિ અત્યંત વિસ્ફોટક અને ચિંતાજનક દેખાઈ રહી છે. ૧૯૯૬થી ૨૦૨૫ સુધીના ૩૦ વર્ષના સમયગાળામાં ભારતે પૂર, અસહ્ય ગરમી અને લૂ, વિનાશક ચક્રવાત અને ભીષણ દુષ્કાળ જેવી ૪૩૬ જેટલી મોટી કુદરતી આફતોનો સામનો કર્યો છે. આ કુદરતી તાંડવમાં ભારતના ૭૮,૦૦૦થી વધુ નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. માત્ર જાનહાનિ જ નહીં, પરંતુ દેશના અર્થતંત્રની કમર તોડી નાખે તેવું ૧૭૦ અબજ ડોલરથી વધુનું આર્થિક નુકસાન ભારતે વેઠવું પડ્યું છે. આ ૪૩૬ ઘટનાઓએ દેશની ૧.૨ અબજથી વધુ વસ્તીને સીધી કે આડકતરી રીતે પ્રભાવિત કરી છે. લાખો પરિવારો રાતોરાત બેઘર બન્યા છે, તેઓને પોતાના વતન છોડીને હિજરત કરવાની ફરજ પડી છે, ખેતીલાયક ફળદ્રુપ જમીનો બંજર બની રહી છે અને દેશના વિશાળ દરિયાકિનારાના વિસ્તારોનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે.ભારતના ઈતિહાસમાં આ ૩૦ વર્ષ દરમિયાન એવી ભયાનક આપત્તિઓ આવી છે જેમના નામ માત્રથી આજે પણ લોકોના રૂંવાડા ઊભા થઈ જાય છે.

વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી બહેનોની જુડો સ્પર્ધામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની વિદ્યાર્થિની કુ.તન્વીબેન બારડે સુવર્ણચંદ્રક મેળવી યુનિ.નું નામ રોશન કર્યું



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ડેસર (ગુજરાત) ખાતે આયોજીત વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી બહેનોની જુડો સ્પર્ધામં ૪૮, ૫૨, ૫૭, ૬૩, ૭૦, ૭૮ કીલો થી ઓછા અને ૭૮ કીલોથી વધુ વજનભાર ધરાવતા સ્પર્ધકોની સ્પર્ધાનાં થયેલ આયોજન માં વેસ્ટ ઝોનની કુલ ૧૧૭ યુનિવર્સિટીએ ભાગ લીધેલ હતો, ઉલ્લેખનિય છે કે જુડોમાં સન્માનને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવે છે, જુડોનો મૂળ સિદ્ધાંત એ છે કે હરીફના બળ અને ગતિનો જ ઉપયોગ કરીને તેને હરાવવો. તેમાં માત્ર શારીરિક તાકાતને બદલે સંતુલન, સમય અને યોગ્ય તકનીક વધુ મહત્ત્વની છે. ત્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ડેસર (ગુજરાત) ખાતે વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી જુડો (બહેનો)ની સ્પર્ધા નાં થયેલ આયોજનમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની વિદ્યાર્થી કે જેઓ કોડીનાર સ્થિત શ્રી સોમનાથ આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી કુ.તન્વી બારડે ૬૩ કિલોથી ઓછા વેઈટ કેટેગરીમાં શ્રેષ્ઠ દેખાવ કરી ફાઈનલમાં વિજેતા બની ગોલ્ડ મેડલ હાંસલ કરેલ છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં વાઈસ ચાન્સેલર પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે કુ.તન્વીબેન બારડને શુભકામનાં પાઠવતા જણાવ્યુ હતુ કે આંતર યુનિવર્સિટી વેસ્ટ ઝોન રમત-ગમત સ્પર્ધા અંતર્ગત આયોજિત જુડો (Judo) સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક (Gold Medal) પ્રાપ્ત કરીને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢનું નામ સમગ્ર પશ્ચિમ ઝોનમાં રોશન કર્યું છે, તે જાણીને અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. તન્વીબેનની સિદ્ધિ સખત મહેનત, અડગ નિશ્ચય, શિસ્ત અને રમત પ્રત્યેના સમર્પણનું ઉત્તમ પરિણામ છે. તમારી આ સફળતા યુનિવર્સિટીના અન્ય વિદ્યાર્થીઓ અને રમતવીરો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે. આ ભવ્ય વિજય બદલ યુનિ.નાં સ્પોર્ટ્સ સેલનાં કો-ઓર્ડીનેટર ડો.જયસિંહ ઝાલા એ સમગ્ર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પરિવાર વતી કુ. તન્વીબેન બારડનાં કોચ અને પરિવારજનોને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવી કહ્યુ હતુ કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં પણ તન્વીબેન આપ આ જ રીતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી યુનિવર્સિટી અને દેશનું ગૌરવ વધારતા રહો તેવી શુભેચ્છાઓ.

સ્પોર્ટ્સ સેલનાં કન્સલ્ટન્ટ સલીમભાઈ સીડાએ કહ્યુ હતુ કે જાન્યુઆરી-૨૦૨૭ દરમિયાન ગુરુ નાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર ખાતે યોજાનાર ઓલ ઈન્ડિયા આંતર ઝોનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે. સુવર્ણ ચંદ્રક મેળવી યુનિવર્સિટીનું નામ ગૌરવવંતુ કરનાર વિદ્યાર્થીનીઓની સિધ્ધીને બિરદાવી યુની.નાં રજીસ્ટ્રાર ડો.આર.જી. પરમારે કહ્યુ હતુ કે આવનારા સમયમાં અન્ય વિદ્યાર્થીઓ અને યુવા ખેલાડીઓ માટે પણ આપની જીત પ્રેરણાસ્ત્રોત બની રહેશે. ભવિષ્યમાં પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આવી જ અવિરત સફળતા મેળવે તેવો આશાભાવ વ્યક્ત

નર્મદા જિલ્લામાં પલ્સ પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ



રાજપીપલા | નર્મદા જિલ્લામાં આજ થી રાષ્ટ્રીય પલ્સ પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં જન્મથી પાંચ વર્ષ સુધીનાં તમામ બાળકોને પોલિયો વિરોધી રસીના બે ટીપાં પીવડાવવામાં આવી રહ્યા છે. નર્મદા જિલ્લાના અર્બન હેલ્થ સેન્ટર વિસ્તારમાં આવેલા ટેકરા ફળિયાની આંગણવાડી કેન્દ્ર-૩ ખાતે નાંદોદ ધારાસભ્ય ડો. દર્શના દેશમુખના હસ્તે નાના બાળકોને પોલિયો વિરોધી રસીના બે ટીપાં પીવડાવી આ રાષ્ટ્રીય આરોગ્ય અભિયાનનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો.જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જનક કુમાર માઢકના માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લામાં આ ત્રિદિવસીય અભિયાનને સફળ બનાવવા આરોગ્ય વિભાગ દ્વારા તમામ તાલુકાઓમાં વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. અભિયાનના પ્રથમ દિવસે જિલ્લામાં કુલ ૨૨૭ પોલિયો રસીકરણ બુથ કાર્યરત કરવામાં આવ્યા છે. ત્યારબાદ આરોગ્ય વિભાગની ૪૫૪ ટીમો દ્વારા ઘરે-ઘરે મુલાકાત લઈને રસીકરણથી બાકી રહી ગયેલાં બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.આ અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લામાં જન્મથી પાંચ વર્ષ સુધીનાં કુલ ૫૬,૭૧૭ બાળકોને પોલિયો વિરોધી રસીના બે ટીપાં પીવડાવવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ, આશા વર્કર બહેનો અને આંગણવાડી કાર્યકરોના સંકલિત પ્રયાસો દ્વારા જિલ્લાના એકપણ બાળક રસીકરણથી વંચિત ન રહી જાય તે માટે વિશેષ તકેદારી રાખવામાં આવશે.

એસ. એસ. માહલા કોલેજ તરફથી 48 વિધવા અને વડીલ બહેનોને પોઇચા અને પાવાગઢ માતાજીનાં દર્શન નો લાભ ..



ડાંગ | દિવાળીના પવિત્ર તહેવાર અને નૂતન વર્ષના પ્રારંભ નિમિત્તે સેવા, સ્નેહ અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા એસ.એસ. માહલા કોલેજ કેમ્પસના સંચાલક શ્યામભાઈ માહલા દ્વારા ડાંગ જિલ્લાની 48 જેટલી વિધવા અને વડીલ બહેનો માટે ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ પ્રવાસ અંતર્ગત બહેનોને પોઇચા સ્વામિનારાયણ મંદિર તથા પાવાગઢ ખાતે માતાજીનાં દર્શન કરાવવામાં આવ્યાં હતા.દિવાળી અને નૂતન વર્ષનો તહેવાર નવી આશા, ઉમંગ અને શુભ શરૂઆતનું પ્રતીક છે. આ પવિત્ર અવસરે સમાજની એવી બહેનો, જેઓ પારિવારિક જવાબદારીઓ અને આર્થિક પરિસ્થિતિને કારણે લાંબા સમયથી ધાર્મિક સ્થળોનાં દર્શન કરવા જઈ શકી ન હતી, તેમની લાગણીઓને સમજીને શ્યામભાઈ માહલા દ્વારા આ સરાહનીય સેવાકીય પહેલ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે પણ શ્યામભાઈ માહલા દ્વારા ડાંગ જિલ્લાની 70 જેટલી વિધવા અને વડીલ બહેનોને દેવમોગરા માતાજીનાં દર્શન કરાવવા માટે ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ, સતત બીજી વખત તેમણે બહેનોના જીવનમાં ખુશીની પળો ઉમેરવાનો અને તેમને ધાર્મિક સ્થળોનાં દર્શન કરાવવાનો સેવાભાવી પ્રયાસ કર્યો છે.આ ધાર્મિક પ્રવાસ દરમિયાન બહેનોએ પોઇચા સ્વામિનારાયણ મંદિર અને પાવાગઢ ખાતે માતાજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. માતાજીના આશીર્વાદ મેળવી બહેનોએ નૂતન વર્ષની શરૂઆત શ્રદ્ધા, ભક્તિ અને આનંદના માહોલમાં કરી હતી. પ્રવાસ દરમિયાન બહેનોએ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ઘર-પરિવારની જવાબદારીઓ અને આર્થિક પરિસ્થિતિને કારણે અમને આવા ધાર્મિક પ્રવાસે જવાની તક મળતી નથી. શ્યામભાઈ માહલાના સેવાભાવી પ્રયાસથી અમને પોઇચા અને પાવાગઢનાં દર્શન કરવાનો અવસર મળ્યો છે, જે અમારા માટે નૂતન વર્ષની અમૂલ્ય ભેટ સમાન છે.આમ, દિવાળીના નૂતન વર્ષ નિમિત્તે ડાંગની વિધવા અને વડીલ બહેનો માટે યોજાયેલો આ ધાર્મિક પ્રવાસ માત્ર યાત્રા પૂરતો સીમિત ન રહેતાં સમાજની એકલ અને વડીલ બહેનો પ્રત્યેના સ્નેહ, સન્માન, સંવેદના અને સેવાભાવનાનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યો છે. શ્યામભાઈ માહલાની આ પહેલ સમાજના અન્ય સેવાભાવી લોકો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે..

પક્ષ પલટો ની મોસમ આવી ,ગ્રામ પંચાયતની ચૂંટણી પૂર્વે ડાંગના રાજકારણમાં ગરમાવો



ડાંગ | ડાંગ જિલ્લામાં આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પૂર્વે રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ સુરેશભાઈ ચૌધરીની આગેવાનીમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી કોંગ્રેસ સાથે જોડાયેલા ૧૫૦થી વધુ આગેવાનો અને કાર્યકર્તાઓએ વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કર્યો છે.આ પક્ષપલટામાં આહવા તાલુકાના ગડદ ગ્રામ પંચાયતના સરપંચ સહિત અન્ય આગેવાનો અને પાંચ સભ્યો તેમજ ગાડવીહિર ગ્રુપ ગ્રામ પંચાયતના ત્રણ સભ્યોએ કોંગ્રેસનો સાથ છોડી ભાજપમાં પ્રવેશ મેળવ્યો છે.

વિશેષ નોંધનીય બાબત એ છે કે, ડાંગ જિલ્લાના કોંગ્રેસનાં પૂર્વ ધારાસભ્ય મંગળભાઈ ગાવીતના માદરે વતન ગણાતા સિલોટમાળ ગામના અંદાજે ૭૦ જેટલા આગેવાનો અને કાર્યકર્તાઓએ પણ પંજાનો સાથ છોડી કેસરિયો ધારણ કર્યો છે.આ સભ્યપદ ગ્રહણ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ તેમજ ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીત ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવા જોડાયેલા કાર્યકર્તાઓને આવકાર્યા હતા. સ્થાનિક રાજકીય વર્તુળોના મતે, ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પહેલાં ડાંગ ભાજપ સંગઠન પ્રમુખ સુરેશભાઈ ચૌધરીની વ્યૂહાત્મક કામગીરી અને જિલ્લામાં વિકાસના કાર્યોને વેગ આપવાના હેતુથી થયેલા આ જોડાણને કારણે સ્થાનિક સ્તરે કોંગ્રેસના સંગઠન પર માઠી અસર પડી છે અને જિલ્લાના રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે..

સંવિધાન ગૌરવ દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગર જીલ્લાની પ્રેસ કોન્ફરન્સમાં

ભાજપના ગુજરાત પ્રદેશ મીડિયા ઇન્ચાર્જશ્રી પ્રશાંતભાઈ વાળાએ સંવિધાન, લોકશાહી અને ડો.બાબાસાહેબ આંબેડકરના યોગદાન પર પ્રકાશ પાડ્યો



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩. સંવિધાન ગૌરવ દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ મીડિયા ઈન્ચાર્જશ્રી પ્રશાંતભાઈ વાળાએ જુનાગઢ ખાતે જીલ્લા મહાનગર ભાજપાની સંયુક્ત રીતે પત્રકાર મિત્રોની ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજી ભારતીય બંધારણ ની મહત્તા, ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાન, લોકશાહી મૂલ્યો તથા કેન્દ્ર અને ગુજરાત સરકારની જનકલ્યાણકારી પહેલો અંગે સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ભાજપ જુનાગઢ મહાનગર અધ્યક્ષ ગૌરવભાઈ રૂપારેલિયા, જિલ્લા અધ્યક્ષ ચંદુભાઈ મકવાણા, મીડિયા વિભાગના સુરેશ પાનસુરિયા તથા સંજય પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.પ્રશાંતભાઈ વાળાએ જણાવ્યું કે 26 નવેમ્બર, 1949ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ સ્વીકાર્યું હતું. આ દિવસ ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2015માં ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મ જયંતિના અવસરને અનુરૂપ 26 નવેમ્બરને સંવિધાન દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કરીને બંધારણ પ્રત્યે જનજાગૃતિ અને રાષ્ટ્રીય ગૌરવ વધારવાનો પ્રયાસ કર્યો હતો.તેમણે જણાવ્યું કે ડૉ.બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાના મૂલ્યોને સ્થાન આપીને દરેક નાગરિક ના અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કર્યું હતું. મહિલાઓના અધિકારો, શ્રમિકોના હિતો, સામાજિક ન્યાય, શિક્ષણ અને વંચિત વર્ગોના ઉત્થાન માટે તેમનું યોગદાન અવિસ્મરણીય છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં બાબાસાહેબના જીવન સાથે જોડાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે વિકસાવવામાં આવ્યા છે.જેમાં મહુની જન્મભૂમિ, લંડનની શિક્ષણભૂમિ, નાગપુરની દીક્ષાભૂમિ, દિલ્હીની મહાપરિનિર્વાણ ભૂમિ અને મુંબઈની ચૈત્યભૂમિનો સમાવેશ થાય છે. દિલ્હીના અલીપુર રોડ ખાતે મહાપરિનિર્વાણ સ્થળને રાષ્ટ્રીય સ્મારક તરીકે વિકસાવવામાં આવ્યું છે તથા ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર દ્વારા તેમના વિચારોને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બાબાસાહેબના સન્માનમાં ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થા નું નામ 'BHIM' રાખવામાં આવ્યું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.કોંગ્રેસ પર પ્રહાર કરતાં શ્રી પ્રશાંતભાઈ વાળા એ જણાવ્યું કે આજે કોંગ્રેસ બંધારણની નકલ હાથમાં લઈને લોકશાહી અને બંધારણના રક્ષણની વાતો કરે છે પરંતુ 25 જૂન, 1975ના રોજ દેશમાં લાગુ થયેલી કટોકટી દરમિયાન નાગરિકો ના મૂળભૂત અધિકારો પર પ્રતિબંધો મૂકવામાં આવ્યા હતા અનેક લોકો ને જેલમાં ધકેલવામાં આવ્યા હતા અને પ્રેસ તથા મીડિયાની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ભાજપના નેતૃત્વમાં ડૉ.બાબાસાહેબના યોગદાન ને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરવા અને તેમના વિચારોને સમાજ સુધી પહોંચાડવા અનેક પહેલ કરવામાં આવી છે.તેમણે વધુમાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્ર સાથે કાર્યરત છે. જનધન યોજના દ્વારા લોકોને બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવ્યા છે, ઉજ્જવલા યોજના દ્વારા મહિલાઓને ગેસ કનેક્શન, આયુષ્માન ભારત દ્વારા આરોગ્ય સુરક્ષા, પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા ગરીબ પરિવારોને પાકાં મકાનો અને સ્વચ્છ ભારત અભિયાન દ્વારા સ્વચ્છતા તથા મહિલાઓના ગૌરવને પ્રાથમિકતા આપવામાં આવી છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના શૈક્ષણિક, આર્થિક તથા સામાજિક ઉત્થાન માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. નવી શિક્ષણ નીતિ અને કૌશલ્ય વિકાસની પહેલો યુવાનો માટે નવી તકો ઊભી કરી રહી છે.અંતમાં તેમણે જણાવ્યું કે બંધારણ ભારતની એકતા, અખંડિતતા, સામાજિક સમરસતા અને લોકશાહીનો આધારસ્તંભ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરને સાચું સન્માન તેમના વિચારોને જીવનમાં ઉતારીને દરેક નાગરિકને સમાન અધિકાર, તક અને સન્માનપૂર્ણ જીવન મળે તે માટે કાર્ય કરવાથી જ આપી શકાય છે. સંવિધાન ગૌરવ દિવસ બંધારણીય મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતાને પુનઃદ્ઢ કરવાનો દિવસ છે. સંવિધાન ગૌરવ દિવસ' નિમિત્તે જૂનાગઢ ખાતે જિલ્લા અને મહાનગર ભારતીય જનતા પાર્ટીના સંયુક્ત ઉપક્રમે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના ગુજરાત પ્રદેશ મીડિયા ઈન્ચાર્જ પ્રશાંતભાઈ વાળાએ ઉપસ્થિત રહીને ભારતીય બંધારણની મહત્તા, ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાન, લોકશાહી મૂલ્યો તેમજ કેન્દ્ર અને ગુજરાત સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અંગે વિગતવાર સંબોધન કર્યું હતું. આ પ્રસંગે જૂનાગઢ મહાનગર ભાજપ અધ્યક્ષ ગૌરવભાઈ રૂપારેલિયા, જિલ્લા અધ્યક્ષ ચંદુભાઈ મકવાણા, મીડિયા વિભાગના સુરેશ પાનસુરિયા અને સંજય પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. બંધારણ દિવસની ઉજવણી અને 'પંચતીર્થ'નો વિકાસ જૂનાગઢ સંવિધાન ગૌરવ દિવસ પ્રશાંત વાળા ૨૦૨૬ ની આ પત્રકાર પરિષદમાં પ્રશાંતભાઈ વાળાએ જણાવ્યું હતું કે, ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ સ્વીકાર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૫માં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે ૨૬ નવેમ્બરને 'સંવિધાન દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લઈને બંધારણ પ્રત્યે રાષ્ટ્રીય ગૌરવ અને જનજાગૃતિ વધારવાનો પ્રયાસ કર્યો છે. બંધારણ દિવસ કોંગ્રેસ કટોકટી જનકલ્યાણકારી યોજનાઓ સંદર્ભે વિપક્ષ પર નિશાન સાધતા પ્રશાંતભાઈ વાળાએ જણાવ્યું હતું કે, આજે કોંગ્રેસ બંધારણની નકલ હાથમાં લઈને લોકશાહી અને બંધારણના રક્ષણની વાતો કરે છે, પરંતુ ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં લાગુ કરવામાં આવેલી કટોકટી દરમિયાન નાગરિકોના મૂળભૂત અધિકારો પર પ્રતિબંધો મૂકવામાં આવ્યા હતા.

20 વર્ષીય યુવતી પર દુષ્કર્મના ગુનામાં કોંગ્રેસનાં કદાવર નેતા સામે ફરિયાદ ..

ડાંગ | ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનમાં 20 વર્ષીય યુવતી પર બળાત્કાર ગુજારવાના ગંભીર આરોપસર 50 વર્ષીય કોંગ્રેસનાં આગેવાન વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આહવા પોલીસ સ્ટેશન માં નોંધાયેલી ફરિયાદમાં ફરિયાદી એ તહોમતદાર દીપકભાઈ અમૃતભાઈ પિંપળે (ઉ.વ. 50, રહે. મિશનપાડા, તા. આહવા, જિ. ડાંગ) સામે ગંભીર આક્ષેપો કર્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, આ ઘટના તા. ૨૨/૧૧/૨૦૨૬ ના રોજ બપોરે ૧૩/૧૫ કલાકથી સાંજના ૧૮/૦૦ કલાક દરમિયાન બની હોવાનું જણાવાયું છે, ફરિયાદની હકીકત અનુસાર, આહવા તાલુકાની એક 20 વર્ષીય યુવતી સંમતિ આપવા અસમર્થ અને માનસિક રીતે અશક્ત હોવા છતાં તેમજ તેની માનસિક રોગની દવા ચાલુ હોવાની જાણકારી હોવા છતાં, આરોપીએ તેની એકલતાનો ગેરલાભ ઉઠાવ્યો હતો.

બદઈરાદે વાંસદા ખાતે કપડાની ખરીદી કરવાના બહાને યુવતીને વાંસદા રોડની બાજુમાં આવેલી હોટલમાં લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં નોંધાયું છે, જે સ્થળ વાંસદા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે.ઉલ્લેખનિય છે કે, દીપકભાઈ પિંપળે અગાઉ ભાજપાના આગેવાન અને આહવા તાલુકા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન રહી ચૂક્યા છે,જ્યારે હાલમાં તેઓ ભાજપાને રામ રામ કરી કોંગ્રેસમાં જોડાયા છે.અને ડાંગ કોંગ્રેસનાં કદાવર આગેવાન હોવાનું પણ જણાવાયું છે.આ મામલે વધુ વિગતો અને તપાસની કામગીરી આહવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે. ચૌ

ગિરનારની લીલી પરિક્રમામાં માનવતાની મહેક: નાકોડા ખાતે GMERS જનરલ હોસ્પિટલના ICU સેન્ટરે ૯૯૪ શ્રદ્ધાળુઓની સારવાર કરી બન્યું 'જીવનરક્ષક'

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩. ગરવા ગિરનારની પાવનકારી લીલી પરિક્રમામાં 'જય ગિરનારી'ના નાદ સાથે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. કઠિન ડુંગરાળ રસ્તાઓ, ઠંડી અને થાક વચ્ચે જ્યારે યાત્રિકોના શ્વાસ રૂંધાયા કે સ્વાસ્થ્ય લથડ્યું, ત્યારે જૂનાગઢની GMERS જનરલ હોસ્પિટલ દ્વારા પરિક્રમા રૂટ પર 'નાકોડા' ખાતે ઊભું કરવામાં આવેલું ICU સેન્ટર ભક્તો માટે સાક્ષાત દેવદૂત સાબિત થયું છે. તારીખ ૧૯ નવેમ્બર થી ૨૨ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન આ સેન્ટરના તબીબો અને નર્સિંગ સ્ટાફે દિવસ-રાત જોયા વગર કુલ ૯૯૪ દર્દીઓની સારવાર કરીને માનવ સેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને સાર્થક કર્યું છે.જંગલની વચ્ચે 'સંજીવની' બન્યું નાકોડા ICU સેન્ટર, ગિરનાર લીલી પરિક્રમા અંતર્ગત નાકોડા ખાતે GMERS જનરલ હોસ્પિટલ, જૂનાગઢ દ્વારા અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ICU સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું હતું. પરિક્રમાના ચાર દિવસો દરમિયાન ૬૨૮ પુરુષો, ૩૧૩ મહિલાઓ તેમજ ૫૩ જેટલા નાના ભૂલકાંઓ (૨૧ બાળકો અને ૩૨ બાળકીઓ) મળીને કુલ ૯૯૪ શ્રદ્ધાળુઓને તાત્કાલિક અને સચોટ સારવાર પૂરી પાડવામાં આવી હતી. ગંભીર જણાતા ૧૫ દર્દીઓને પ્રાથમિક જીવનરક્ષક સારવાર આપી વધુ સારવાર અર્થે તાત્કાલિક જૂનાગઢ GMERS હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા, જેના કારણે અનેક અમૂલ્ય જિંદગીઓ બચી શકી છે.ચાર દિવસની અવિરત સેવાનો લેખાંજોખાં (તા.૧૯/૧૧/૨૦૨૬ થી ૨૨/૧૧/૨૦૨૬):

* પ્રથમ દિવસ (૧૯ નવેમ્બર): પરિક્રમાના પ્રારંભે જ સેન્ટર ધમધમતું થયું હતું. દિવસ દરમિયાન ૧૨૮ અને રાત્રિના સમયે ૬૩ મળી કુલ ૧૯૧ દર્દીઓને સારવાર અપાઈ હતી.

* બીજો દિવસ (૨૦ નવેમ્બર): યાત્રિકોનો પ્રવાહ વધતા દિવસે ૧૫૬ અને રાત્રે ૭૧ મળી કુલ ૨૨૭ શ્રદ્ધાળુઓની સારવાર કરાઈ, જેમાંથી ૩ ગંભીર દર્દીઓને GMERS રિફર કરાયા હતા.

* ત્રીજો દિવસ (૨૧ નવેમ્બર): જંગલના કઠિન ચઢાણ બાદ થાક અને બીમારીના કેસ વધતા દિવસે ૧૭૭ અને રાત્રે ૭૮ મળી કુલ ૨૫૫ દર્દીઓને નવજીવન મળ્યું, જેમાં ૩ દર્દીઓને વધુ સારવાર માટે રિફર કરાયા હતા.

* ચોથો દિવસ (૨૨ નવેમ્બર): પરિક્રમાના અંતિમ તબક્કામાં સૌથી વધુ ભીડ વચ્ચે દિવસે ૨૧૮ અને રાત્રે ૧૦૩ મળી કુલ ૩૨૧ દર્દીઓની સારવાર કરવામાં આવી હતી, જેમાંથી ૯ ગંભીર દર્દીઓને સમયસર GMERS હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.તબીબોની નિષ્ઠાને શ્રદ્ધાળુઓના વંદન, જ્યારે સમગ્ર જગત ભક્તિ ના રંગે રંગાયેલું હતું, ત્યારે GMERS જનરલ હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ અને કર્મચારીઓએ પોતાના પરિવાર અને આરામની પરવા કર્યા વિના રાત્રિની કડકડતી ઠંડીમાં પણ ખડેપગે રહીને દર્દીઓની સેવા કરી હતી. નાકોડા ICU સેન્ટરની આ કામગીરીએ સાબિત કરી દીધું છે કે ગિરનારની આ યાત્રામાં ભક્તોની રક્ષા માટે માત્ર ઈશ્વર જ નહીં, પરંતુ હોસ્પિટલ સ્ટાફના રૂપમાં 'ધરતીના ભગવાન' પણ સતત હાજર હતા.



'વડાપ્રધાન કોંગ્રેસની વાતનું જ પુનરાવર્તન કરે છે'

નવીદિલ્હી: કોંગ્રેસ સાંસદ જયરામ રમેશે વડાપ્રધાન મોદી પર નિશાન સાધતા કહ્યું કે, તેમણે રોજગાર અને વળતર અંગે કોંગ્રેસની વાતોની જ નકલ કરી છે. જયરામ રમેશે દાવો કર્યો કે વડાપ્રધાને પહેલા 'ન્યાયપત્ર'ની ટીકા કરી હતી, પરંતુ હવે કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાંથી મુદ્દા ઉઠાવી રહ્યા છે. આ મુદ્દે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ FICCIમાં વડાપ્રધાનના નિવેદનને સરકારની નિષ્ફળતાઓ માટે ઉદ્યોગપતિઓને જવાબદાર ઠેરવ્યા હોવાનું જણાવ્યું. સરકારી સેવાઓવડાપ્રધાને એક કાર્યક્રમમાં કરેલી ટીપ્પણીઓ સંદર્ભે કોંગ્રેસના સાંસદ જયરામ રમેશએ કેન્દ્ર સરકાર પર તીખો હુમલો કર્યો છે. જયરામ રમેશનો દાવો છે કે વડાપ્રધાન મોદીએ રોજગાર અને વળતર બાબતે કોંગ્રેસની વાતોની જ નકલ કરી છે. આ જ બાબતે એમણે પહેલા વિરોધપક્ષોની ટીકા કરી હતી. ૨૦૨૪ લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસે બહાર પાડેલા ચૂંટણી ઢંઢેરામાં 'ન્યાયપત્ર'ના નામે જાહેરાત કરી હતી. આ જાહેરાતમાં અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા પડકારો વિશે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ન્યાયપત્રમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૪થી વળતર, રોજગારી અને ખાનગી રોકાણમાં કોઈ વધારો થયો નથી. ૨૦૧૪ પછી અસમાનતા વધી ગઈ છે. વડાપ્રધાનએ એ વખતે ન્યાયપત્રની ટીકા કરી હતી. હવે વડાપ્રધાન કોંગ્રેસના જ ચૂંટણી ઢંઢેરામાંથી મુદ્દા ઉઠાવીને લોકો સમક્ષ રજુ કરી રહ્યા છે.અલ્હાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ જસ્ટીસ યશવંત વર્માના ઘરમાંથી કરોડો રૂપિયાની રોકડ મળી આવ્યા પછી એમણે રાજીનામું આપી દેવું પડ્યું હતું. હવે એમની સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ થઈ છે જેને કારણે એમને હોદ્દા પરથી હટાવવામાં આવશે. જોકે જસ્ટીસ યશવંત વર્માએ આ સંદર્ભે લોકસભાના ચીફ સેક્રેટરી ઉત્પલ કુમાર સિંહને એક પત્ર લખ્યો છે. એમણે મહાભિયોગની પ્રક્રિયાને બંધારણ વિરુદ્ધની ગણાવી છે. આ પત્ર સાંસદો વચ્ચે વહેચવામાં પણ આવ્યો છે. જસ્ટીસ વર્માએ ફરી એક વખત કહ્યું છે કે એમના પર મુકવામાં આવેલા આક્ષેપો ખોટા છે અને તેઓ સંપૂર્ણ રીતે નિર્દોષ છે. એમણે રાજીનામું આપ્યાનો મતલબ એ નથી કે, તેઓ દોષીત છે. પત્રમાં એમણે લખ્યું છે કે, એમને દુર કરવાની કાર્યવાહી આધાર વગરની છે. ૯મી એપ્રિલે એમણે રાજીનામું આપ્યું હતું અને ત્યાર પછી એમની સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી જે ગેરબંધારણીય છે.કર્ણાટકના મુખ્યમંત્રી ડી કે શિવકુમારએ કહ્યું છે કે એમના રાજ્ય પાસે પુરતું પાણી હોતે તો તેઓ તમિલનાડુને કાવેરીનું પાણી જરૂર આપતે. હમણા તો કર્ણાટક પોતાની પાણીની જરૂરિયાત માટે જ સંઘર્ષ કરી રહ્યું છે. સુપ્રિમ કોર્ટે તમિલનાડુ સરકારની બે અરજીઓ ફગાવી દીધા પછી શિવકુમારે આ નિવેદન આપ્યું છે. આ અરજીમાં કર્ણાટકને તમિલનાડુ માટે ૧૧,૦૦૦ મિલિયન ક્યુબીક ફીટ કાવેરી પાણી છોડવાનો હુકમ કરવાની માંગણી કરવામાં આવી હતી. શિવકુમારનું કહેવું છે કે, કર્ણાટક પાસે પીવાનું પાણી પણ નથી. મુખ્યમંત્રી તરીકે એમની ફરજ પોતાના રાજ્યની રક્ષા કરવાની છે. કર્ણાટકના ખેડૂતો જ પાણીની માંગણી કરી રહ્યા છે. તમિલનાડુની અરજી ફગાવી દેવામાં આવી છે એ જ સાચી હકીકત દર્શાવે છે. તમિલનાડુ, કર્ણાટક અને આખી દુનિયાને ખબર છે કે ક્યાં કેટલું પાણી ઉપલબ્ધ છે.કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપ કર્યો છે કે ફીક્કીના શતાબ્દિ કાર્યક્રમમાં આપેલું એમનું ભાષણ સરકારની નિષ્ફળતાઓ માટે ઉદ્યોગપતિઓને જવાબદાર ઠેરવે છે. જ્યારે વડાપ્રધાન મોદીએ બેરોજગારી અને પગાર વધારાના દર બાબતે ઉદ્યોગપતિઓને સવાલ કરીને એમને ઠપકાર્યા હતા ત્યારે ખડગેએ કહ્યું હતું કે, વડાપ્રધાન ૧૨ વર્ષ પછી જાગ્યા છે. એમણે કેન્દ્ર સરકાર પર કેટલાક ખાસ ઉદ્યોગપતિઓને મદદ કરતા હોવાનો આરોપ મૂક્યો હતો. સરકારની નીતિને કારણે નાના, અતિ નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગોને ખુબ નુકશાન થયું છે. ખડગેએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, આર્થિક ઉદારીકરણની શરૂઆત કોંગ્રેસ પક્ષે કરી હતી. દેશનો વિકાસ દર કોંગ્રેસ - યુપીએના કાર્યકાળમાં સૌથી વધુ રહ્યો હતો. જોકે પોતાની ટેવથી મજબુર મોદીએ ફીક્કીમાં પોતાની નિષ્ફળતાને ઉદ્યોગપતિઓની નિષ્ફળતા ગણાવી છે.દેશના કેટલાક શહેરોમાં બાઇક ટેક્સી સર્વિસ શરૂ થઈ છે. બાઇક ટેક્સી સર્વિસ એટલે બાઇક પર આવેલો ચાલક કોઈક એક વ્યક્તિને બાઇકની પાછળ બેસાડીને નિર્ધારીત સ્થળે ઉતારે. કોઈક એક વ્યક્તિએ મુસાફરી કરવી હોય તો આ સર્વિસ ટેક્સી કે રીક્ષા કરતા સસ્તી પડે છે. કર્ણાટકમાં પણ બાઇક ટેક્સી સર્વિસ થોડા સમય પહેલા ચાલુ થઈ હતી. જોકે કર્ણાટક સરકારે બાઇક ટેક્સી સર્વિસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો અને ત્યાર પછી આખો કેસ હાઇકોર્ટમાં ગયો હતો. હાઇકોર્ટે બાઇક ટેક્સી સર્વિસ ચાલુ રાખવાનો હુકમ કર્યો હતો. આ હુકમને સરકાર સુપ્રિમ કોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. સુપ્રિમ કોર્ટે પણ હવે બાઇક ટેક્સી સર્વિસની પરવાનગી ચાલુ રાખવાના હાઇકોર્ટના હુકમને યોગ્ય ઠેરાવ્યો છે અને સરકારની અપીલ ફગાવી દીધી છે. જસ્ટીસ સતીષ ચંદ્ર શર્મા અને જસ્ટીસ એન કોટ્ટીશ્વર સિંહની બેંચે આ ચૂકાદો આપ્યો છે. કર્ણાટક સરકારને બાઇક ટેક્સી સર્વિસ સામે શું વાંધો પડયો હતો એ જાણી શકાયું નથી.કલકત્તા હાઇકોર્ટે ન્યાયતંત્રના એક વર્ગ પર અપમાનજનક ટીપ્પણી કરવા અને પક્ષપાતી ગણવા માટે કારણ બતાવ નોટીસ બહાર પાડી છે.

વિશ્વ શૌચાલય દિવસ-૨૦૨૬ અંતર્ગત જૂનાગઢ જિલ્લાના તમામ ગામોમાં "સ્વચ્છ શૌચાલય- ગરિમામય ભવિષ્ય" અભિયાનનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૩ "સુરક્ષિત શૌચાલયો, સમાન ભવિષ્ય"ના સંદેશ સાથે જૂનાગઢ જિલ્લાના ગામોમાં શૌચાલયોની સ્વચ્છતા, સુલભતા અને જાળવણી માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા વિભાગ (DDWS) દ્વારા તા. ૧૯ નવેમ્બરે "વિશ્વ શૌચાલય દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે, જેની આ વર્ષની થીમ "સુરક્ષિત શૌચાલયો, સમાન ભવિષ્ય" રાખવામાં આવી છે. આ અવસરે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ તા.૧૯ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જિલ્લાના તમામ ગામોમાં "સ્વચ્છ શૌચાલય- ગરિમામય ભવિષ્ય" વિશેષ અભિયાન નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં વ્યક્તિગત, સામુદાયિક અને સંસ્થાકીય શૌચાલયોનું મૂલ્યાંકન, સમારકામ, પુનઃસ્થાપન અને યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવાનો છે, જેમાં ખાસ કરીને મહિલાઓ, કિશોરીઓ અને દિવ્યાંગજનો માટે સુરક્ષિત તેમજ સરળતાથી ઉપલબ્ધ શૌચાલય સુવિધાઓ ઊભી કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ અભિયાન દરમિયાન પંચાયત કક્ષાએ સામુદાયિક સ્વચ્છતા સંકુલો (CSCs), શાળાઓ, આંગણવાડી કેન્દ્રો અને પંચાયત ઘરો સહિતના સંસ્થાકીય શૌચાલયોનું કાર્યક્ષમતા અને સુલભતાના આધારે સઘન મૂલ્યાંકન કરી બિનકાર્યરત કે ક્ષતિગ્રસ્ત શૌચાલયોનું તાત્કાલિક ધોરણે સમારકામ તથા પુનઃસ્થાપન હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે વ્યાપક જાગૃતિ લાવવા માટે વિવિધ માહિતી, શિક્ષણ અને સંચાર (IEC) પ્રવૃત્તિઓ, શાળા કક્ષાના કાર્યક્રમો અને સ્વચ્છતા ઝુંબેશના માધ્યમથી સાબુથી હાથ ધોવાનું મહત્વ, માનવ મળના સુરક્ષિત નિકાલ તથા ઘન કચરા વ્યવસ્થાપન નિયમ-૨૦૨૬ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવશે. અભિયાનના અંતિમ તબક્કામાં તા. ૯ અને ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ જિલ્લા અને ગ્રામ પંચાયત કક્ષાએ સમાપન કાર્યક્રમો યોજાશે, જેમાં સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત શૌચાલયો ધરાવતા શ્રેષ્ઠ લાભાર્થીઓ તથા સંસ્થાઓને પ્રોત્સાહન રૂપે સન્માનિત કરવામાં આવશે. ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા વિભાગ (DDWS) દ્વારા ૧૯ નવેમ્બરે ઉજવાતા "વિશ્વ શૌચાલય દિવસ" નિમિત્તે આ વર્ષની થીમ "સુરક્ષિત શૌચાલયો, સમાન ભવિષ્ય" રાખવામાં આવી છે. આ સંદેશને સાર્થક કરવા માટે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા. ૧૯ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જિલ્લાના તમામ ગામોમાં "સ્વચ્છ શૌચાલય - ગરિમામય ભવિષ્ય" વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.જૂનાગઢ સ્વચ્છ શૌચાલય ગરિમામય ભવિષ્ય અભિયાન ૨૦૨૬ નો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં વ્યક્તિગત, સામુદાયિક અને સંસ્થાકીય શૌચાલયોનું મૂલ્યાંકન, સમારકામ, પુનઃસ્થાપન અને યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવાનો છે.સુલભ સુવિધાઓ: ખાસ કરીને મહિલાઓ, કિશોરીઓ અને દિવ્યાંગજનો માટે સુરક્ષિત તેમજ સરળતાથી ઉપલબ્ધ શૌચાલય સુવિધાઓ ઊભી કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સંસ્થાકીય શૌચાલયોનું સમારકામ: પંચાયત કક્ષાએ સામુદાયિક સ્વચ્છતા સંકુલો (CSCs), શાળાઓ, આંગણવાડી કેન્દ્રો અને પંચાયત ઘરો સહિતના સંસ્થાકીય શૌચાલયોનું સઘન મૂલ્યાંકન કરી બિનકાર્યરત કે ક્ષતિગ્રસ્ત શૌચાલયોનું તાત્કાલિક ધોરણે સમારકામ અને પુનઃસ્થાપન કરવામાં આવશે.

વડાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પોલિયો રસીકરણની સઘન કામગીરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડાલ હેઠળનાં આયુષ્માન આરોગ્ય મંદિરો અને સબ સેન્ટર વિસ્તારનાં ગામોમાં પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ગામડાં ઉપરાંત વાડી-ખેતરો, કારખાનાઓ, ઈંટોના ભઠ્ઠાઓ, ઝૂંપડપટ્ટીઓ તેમજ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા શ્રમિક પરિવારો સુધી પહોંચીને ૦થી ૫ વર્ષનાં બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. નિર્ધારિત રસીકરણ બુથ ઉપરાંત હોમ ટુ હોમ મુલાકાત દ્વારા પણ કામગીરી કરવામાં આવી હતી. ખાસ કરીને સ્થળાંતરિત શ્રમિકો અને ખેતમજૂરોના બાળકો રસીકરણથી વંચિત ન રહે તેની વિશેષ કાળજી રાખવામાં આવી હતી. કોઈપણ વિસ્તારનું એકપણ બાળક પોલિયોના ટીપાંથી વંચિત ન રહે તેવા ઉદ્દેશ્ય સાથે વડાલ આરોગ્ય કેન્દ્રની ટીમે ઉત્સાહપૂર્વક કામગીરી કરી પોલિયો નાબૂદી અભિયાનમાં યોગદાન આપ્યું હતું.

શુદ્ધ આહારની સુરક્ષા માટે તંત્ર સજ્જ: બનાસકાંઠામાં ભેળસેળના ૪ કેસમાં નિવાસી અધિક કલેક્ટરની કોર્ટે દ્વારા ₹૧૧ લાખનો દંડ

પાડોશી રાષ્ટ્રમાં રાજકીય અસ્થિરતા અને સત્તા સંઘર્ષના કારણે પરિસ્થિતિ સતત વણસી રહી છે. છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલો તણાવ શાંત પડવાને બદલે વધુ ને વધુ ઉગ્ર બની રહ્યો છે, જેના પરિણામે સમગ્ર દેશમાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ પામી છે. પ્રતિબંધિત જાહેર કરવામાં આવેલા રાજકીય પક્ષ આવામી લીગના સભ્યો અને તેમના સમર્થકો રસ્તા પર ઉતરી આવતા વર્તમાન શાસક પક્ષ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના કાર્યકરો સાથે તેમનો સીધો અને લોહિયાળ સંઘર્ષ શરૂ થયો છે. આ હિંસક અથડામણોમાં અત્યાર સુધીમાં કુલ ચાર લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેમાં શાસક પક્ષના ત્રણ સક્રિય કાર્યકરોનો પણ સમાવેશ થાય છે. રાજધાની ઢાકાના રસ્તાઓ પર શરૂ થયેલો આ હિંસાનો દાવાનળ હવે ધીમે ધીમે દેશના અન્ય મોટા શહેરો તેમજ અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં પણ ઝડપથી પ્રસરી રહ્યો હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે કથળી ગઈ છે.

આ લોહિયાળ રમખાણોની શરૂઆત શુક્રવારે બપોરના સમયે બંદરચાહ ગામેથી થઈ હતી, જે જોતજોતામાં આસપાસના વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી અને આખી રાત હિંસાનો દોર ચાલુ રહ્યો હતો. સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ, શુક્રવારે મોડી રાત્રે કાલિયા નગરપાલિકાના ભૂતપૂર્વ મેયર અને આવામી લીગના નેતા ફકીર એમ આર લીટનના નિવાસસ્થાન પર ઉશ્કેરાયેલા ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. રમખાણકારોએ તેમના મકાનમાં ઘૂસીને ભારે તોડફોડ



મચાવી હતી અને મકાનને આગ ચાંપી દીધી હતી. જોકે, અગ્નિશામક દળની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લેતા મોટી જાનહાનિ ટળી હતી. પરંતુ, આ હિંસક પ્રદર્શનો દરમિયાન તોફાની તત્ત્વોએ જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચાડ્યું હતું અને રસ્તા પર દોડતી ત્રીસથી ચાલીસ જેટલી બસોને આગ ચાંપીને ભસ્મીભૂત કરી દીધી હતી. ઢાકાના એક પ્રતિષ્ઠિત દૈનિક અખબારના અહેવાલ અનુસાર, સવારે અગિયાર વાગ્યે શરૂ થયેલા આ તોફાનો મોડી રાત સુધી અવિરતપણે ચાલુ રહ્યા હતા, જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું હતું.

દેશમાં સર્જાયેલી આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે રાજકીય આક્ષેપબાજીનો દોર પણ તેજ બન્યો છે. બાંગ્લાદેશના રાજ્ય કક્ષાના વિદેશ પ્રધાન હુમાયુ કબીરે આ સમગ્ર રમખાણો ભડકાવવા માટે શેખ હસીનાના પક્ષ આવામી લીગના નેતાઓને સીધા જવાબદાર ઠેરવ્યા છે. તેમણે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે આ તમામ તોફાનોનો દોરીસંચાર સરહદ પારથી કરવામાં આવી રહ્યો છે. આ નિવેદન દ્વારા તેમણે આડકતરી રીતે ભારત તરફ આંગળી ચીંધવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભારત સરકારે આ પાયાવિહોણા આક્ષેપોને ફગાવી દેતા અત્યંત સંયમિત અને સ્પષ્ટ પ્રતિક્રિયા આપી છે. ભારત તરફથી સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે પાડોશી દેશમાં ચાલી રહેલા આ તોફાનો સાથે ભારતને કોઈ જ લેવાદેવા નથી, તે તેમનો સંપૂર્ણપણે આંતરિક મામલો છે અને ભારતને આ વિષય પર કશું જ કહેવાનું નથી. બાંગ્લાદેશમાં અંધાધૂંધી અને અરાજકતાની સીધી અસર ભારત અને ખાસ કરીને ગુજરાતના વેપાર-ઉદ્યોગ પર પણ પડી રહી છે. ગુજરાતના સુરત અને અમદાવાદના કાપડ ઉદ્યોગનો બાંગ્લાદેશ સાથે મોટો વ્યાપારિક સંબંધ રહેલો છે. કાપડ, કપાસ અને રસાયણોની નિકાસ કરતા ગુજરાતના વેપારીઓ માટે પાડોશી દેશની આ કથળેલી પરિસ્થિતિ ચિંતાનો વિષય બની છે. પરિવહન સેવાઓ ખોરવાઈ જવાથી અને બસો સળગાવવાની ઘટનાઓના કારણે માલસામાનની હેરફેર અટકી પડી છે, જેનાથી આગામી દિવસોમાં નિકાસકારોના નાણાં ફસાઈ જવાની અને વ્યાપારિક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

ભાવમાં કડાકા વચ્ચે ચીનની સોનાની જંગી ખરીદીથી ખળભળાટ

(એજન્સી) લાહોર । તા. 23

આંતરરાષ્ટ્રીય બજારોમાં સોનાના ભાવમાં ભારે ઘટાડો નોંધાઈ રહ્યો હોવા છતાં ચીનની કેન્દ્રીય બેંકે સતત ચોવીસમા મહિને સોનાની જંગી ખરીદી ચાલુ રાખીને ઓક્ટોબર બે હજાર છવ્વીસમાં છવ્વીસ ટન પીળી ધાતુ પોતાના ખજાનામાં ઉમેરી છે, જેના પરિણામે ચીનનો કુલ સુવર્ણ અનામત ભંડાર બે હજાર ચારસો પાંત્રીસ ટનની વિક્રમી સપાટીએ પહોંચી ગયો છે અને આ વ્યૂહાત્મક પગલા પાછળ અમેરિકી ડોલર પરની નિર્ભરતા ઘટાડવાની લાંબા ગાળાની ગણતરી કામ કરી રહી છે.

સમગ્ર વિશ્વના નાણાકીય અને કોમોડિટી બજારોમાં અત્યારે એક અત્યંત રસપ્રદ અને વિરોધાભાસી ચિત્ર જોવા મળી રહ્યું છે. એક તરફ આંતરરાષ્ટ્રીય તેમજ સ્થાનિક બજારોમાં સોનાના ભાવમાં મોટો કડાકો બોલાઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતું ચીન આ તકનો ભરપૂર લાભ ઉઠાવીને મોટો આર્થિક ખેલ ખેલી રહ્યું છે. દુનિયાભરમાં પીળી ધાતુની કિંમતો તૂટવા છતાં ચીનની સર્વોચ્ચ બેંકે પોતાની ખરીદી અટકાવી નથી, બલ્કે સતત ચોવીસમા મહિને પણ તીવ્ર ગતિએ સોનું ખરીદીને પોતાની તિજોરીઓ ભરવાનું ચાલુ રાખ્યું છે. બજારના નિષ્ણાતો માને છે કે જ્યારે સામાન્ય રોકાણકારો ભાવ ઘટવાના ડરથી વેચવાલી તરફ વળે છે, ત્યારે ચીન જેવા દેશો નીચા ભાવનો ફાયદો ઉઠાવીને ભવિષ્યની આર્થિક સુરક્ષા માટે મજબૂત પાયો નાખી રહ્યા છે.

ચીનની કેન્દ્રીય બેંકે માત્ર ઓક્ટોબર મહિનામાં જ અંદાજે છવ્વીસ ટન સોનાની ખરીદી કરી છે. ઓક્ટોબર બે હજાર ત્રેવીસ બાદ ચીન દ્વારા એક જ મહિનામાં કરવામાં આવેલી આ સૌથી મોટી ખરીદી હોવાનું નોંધાયું છે.

લાહોર ફરી બન્યું વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર, પંજાબ પ્રાંતમાં ઝેરી ધુમ્મસનો કહેર, હવાની ગુણવત્તાનો સૂચકાંક અત્યંત જોખમી

(એજન્સી) લાહોર । તા. 23

પાકિસ્તાનના પંજાબ પ્રાંતની રાજધાની લાહોર બાવીસ નવેમ્બર બે હજાર છવ્વીસના રોજ સવારે નવથી દસ વાગ્યાની વચ્ચે હવાની ગુણવત્તાનો સૂચકાંક પાંચસો આડત્રીસ નોંધાતા ફરી એકવાર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર બન્યું છે, જ્યાં વાહનો અને ઈંટના ભઠ્ઠાઓના ધુમાડા તથા પ્રતિકૂળ હવામાનને કારણે સર્જાયેલા ઝેરી ધુમ્મસે લાખો નાગરિકોના સ્વાસ્થ્ય પર અત્યંત ગંભીર જોખમ ઊભું કર્યું છે.

પાડોશી દેશ પાકિસ્તાનમાં વાયુ પ્રદૂષણની સમસ્યા હવે સામાન્ય પર્યાવરણીય પડકાર મટીને જીવલેણ કટોકટી બની ગઈ છે. સ્વિત્ઝર્લેન્ડ સ્થિત હવાની ગુણવત્તા પર નજર રાખતા વૈશ્વિક મંચ દ્વારા જારી કરાયેલા તાજા આંકડાઓ મુજબ, રવિવારે સવારે નવથી દસ વાગ્યાના સમયગાળામાં લાહોર શહેરમાં હવાની ગુણવત્તાનો સૂચકાંક પાંચસો આડત્રીસના સ્તરે પહોંચી ગયો હતો. આ ભયાનક આંકડા સાથે લાહોર સમગ્ર વિશ્વના મોટા



શહેરોની યાદીમાં પ્રથમ ક્રમે આવી ગયું છે. હવાની ગુણવત્તાનો સૂચકાંક પાંચસોની સપાટી વટાવી જાય ત્યારે તે સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી શ્રેણીમાં ગણાય છે, જેમાં સ્વસ્થ વ્યક્તિને પણ શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે. વૈશ્વિક યાદીમાં લાહોરની સરખામણીએ અન્ય શહેરો ઘણા પાછળ રહ્યા હતા. આ જ સમયગાળામાં પાકિસ્તાનના અન્ય મોટા શહેર કરાચીમાં આ સૂચકાંક એકસો એંસી અને ઈજિપ્તના કૈરો શહેરમાં એકસો બાસઠ નોંધાયો હતો, જે દર્શાવે છે કે લાહોરની હવા કેટલી હદે ઝેરી બની ચૂકી છે. શિયાળાની ઋતુની શરૂઆત સાથે જ ઠંડી હવા અને પવનની ધીમી ગતિને કારણે પ્રદૂષિત રજકણો જમીનની સપાટી નજીક જમા થઈ રહ્યા છે, જેના પરિણામે સમગ્ર શહેર પર ગાઢ ઝેરી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી રહી છે. વાયુ પ્રદૂષણનો આ કહેર માત્ર લાહોર પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ સમગ્ર પંજાબ પ્રાંતના શહેરી અને ગ્રામીણ વિસ્તારોને તેણે પોતાની ઝપેટમાં લઈ લીધા છે. સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાનના દસ સૌથી વધુ પ્રદૂષિત શહેરોની યાદીમાં આઠ શહેરો એકલા પંજાબ પ્રાંતના જ છે. લાહોર જિલ્લાના કહના નૌ વિસ્તારમાં તો પરિસ્થિતિ સૌથી વધુ વિકટ બની હતી, જ્યાં દેશનો સૌથી ખરાબ એટલે કે છસો છનો સૂચકાંક નોંધાયો હતો. ત્યારબાદ લાહોરમાં પાંચસો આડત્રીસ, બહાવલપુરમાં પાંચસો છત્રીસ, સરગોધામાં ત્રણસો બાણું અને ગુજરાંવાલામાં ત્રણસો સુડતાલીસ જેટલું ઊંચું પ્રદૂષણ નોંધાયું હતું.

ચોરી | ચીનની જાસૂસી એજન્સીનું મોટું ષડયંત્ર, સેમીકન્ડક્ટર ચીપ્સની દાણચોરીનો પર્દાફાશ

ચીને ગુપ્ત રીતે તફડાવી એડવાન્સ એઆઈ ટેક્નોલોજી

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 23

કૃત્રિમ બુદ્ધિમત્તા ક્ષેત્રે વૈશ્વિક વર્ચસ્વ જમાવવા માટે ચીનની ગુપ્તચર સંસ્થાએ ત્રણ દશાંશ છ અબજ અમેરિકન ડોલરના જંગી ભંડોળની મદદથી બે વર્ષથી વધુ સમયમાં આંતરરાષ્ટ્રીય કંપનીઓનું વિશાળ જાળું બિછાવીને અમેરિકન પ્રતિબંધોને ઘોળીને પી જઈને અત્યંત આધુનિક એડવાન્સ એઆઈ ટેક્નોલોજી અને કમ્પ્યુટર ચીપ્સની ગુપ્ત રીતે તફડંચી કરી હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે.

વિશ્વભરમાં ટેક્નોલોજી ક્ષેત્રે ચાલી રહેલી શીતયુદ્ધ જેવી પરિસ્થિતિ વચ્ચે એક અત્યંત ચોંકાવનારી હકીકત સામે આવી છે. કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં ચીનને આગળ વધતું અટકાવવા માટે અમેરિકાએ અત્યાધુનિક ટેક્નોલોજી અને સેમીકન્ડક્ટર ચીપ્સની નિકાસ પર કડક પ્રતિબંધો લાદ્યા હતા. તેમ છતાં, ચીનની જાસૂસી એજન્સીએ અબજો ડોલરનું રોકાણ કરીને સમગ્ર વિશ્વમાં કંપનીઓનું એક ગુપ્ત માળખું ઊભું કર્યું હતું. આ



વ્યવસ્થિત જાળ દ્વારા પશ્ચિમી દેશોની આંખમાં ધૂળ નાખીને એડવાન્સ એઆઈ ટેક્નોલોજી હસ્તગત કરી લેવામાં આવી છે. અમેરિકન મીડિયા અહેવાલો અનુસાર, ચીનની ગુપ્તચર સંસ્થાના આ ગુપ્ત ઓપરેશન સામે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર પણ ઊંઘતું ઝડપાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ ઘટનાએ વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી સુરક્ષા અને બૌદ્ધિક સંપદાના રક્ષણ અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે, કારણ કે પ્રતિબંધો હોવા છતાં અત્યાધુનિક સાધનો સરહદ પાર પહોંચી ગયા હતા.

આ સમગ્ર પ્રકરણ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે ચીપની દિગ્ગજ કંપની એનવીડિયાના પૂર્વ મુખ્ય કાર્યકારી અધિકારી જેનસેન હુઆંગ અને ચીનની વ્યાવસાયિક મહિલા એલિસ હુઆંગ વચ્ચેના સંબંધો તથા વિવાદની તપાસ શરૂ થઈ હતી. અમેરિકન સુરક્ષા અધિકારીઓ જ્યારે એલિસ હુઆંગની ગતિવિધિઓની તપાસ કરી રહ્યા હતા, ત્યારે આ આંતરરાષ્ટ્રીય નેટવર્કના તાર ખુલવા લાગ્યા હતા. પ્રતિષ્ઠિત અમેરિકન અખબારો ધ ન્યૂયોર્ક ટાઈમ્સ અને વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલો મુજબ, એલિસ હુઆંગના પરિવાર સાથે જોડાયેલી વિવિધ કંપનીઓ અને ચીનના સરકારી સંરક્ષણ કોન્ટ્રાક્ટરો વચ્ચે ઊંડા અને વ્યાપક વ્યાવસાયિક સંબંધો હોવાનું બહાર આવ્યું છે. ચીન સરકાર દ્વારા પૂરા પાડવામાં આવેલા ત્રણ દશાંશ છ અબજ ડોલરના ભંડોળનો ઉપયોગ કરીને એલિસ હુઆંગના પરિવાર અને તેમની ભાગીદાર પેઢીઓ મારફતે અત્યંત શક્તિશાળી ગણાતી એનવીડિયાની ચીપ્સ અને સર્વર ખરીદીને ગુપ્ત માર્ગે ચીન પહોંચાડવામાં આવ્યા હતા.

યુદ્ધ અટકાવવા ઈરાન સાથે કાયમી સમજૂતી પર ભાર મૂક્યો

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 23

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે એક ખાનગી ટ

ભારતીય યુવતી સાથે પરણવા ઇંગ્લેન્ડથી જાન લઈને આવ્યા વરરાજા, હિન્દુ રીતિ-રિવાજોથી લગ્નગ્રંથીમાં જોડાયા

(એજન્સી) હિમાચલ પ્રદેશ | તા.23



હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં પ્રેમની એક એવી સુંદર મિસાલ જોવા મળી છે, જ્યાં દેશની સરહદો કે ભાષાનો ભેદ અવરોધરૂપ બન્યા નથી. મંડીના કરસોગની દીકરી નેહાને જીવનસાથી બનાવવા માટે ઇંગ્લેન્ડનો થોમસ સાત સમંદર પાર કરીને જાન લઈને હિમાચલ પહોંચ્યો હતો. કરસોગની સુંદર ખીણોમાં જ્યારે વિદેશી જાનનું આગમન થયું, ત્યારે સમગ્ર વિસ્તારના લોકોની નજર આ અનોખા લગ્ન પ્રસંગ પર ટકી ગઈ હતી.આ લગ્નની સૌથી ખાસ બાબત એ રહી કે કોઈ વિદેશી શૈલીને બદલે સંપૂર્ણપણે હિન્દુ રીતિ-રિવાજો અને પરંપરાગત પહાડી વિધિ-વિધાન મુજબ વિવાહ સંપન્ન થયા હતા. ઇંગ્લેન્ડથી આવેલા મહેમાનો પણ હિમાચલી સંસ્કૃતિ, સ્થાનિક વાનગીઓ અને પહાડી પરંપરાઓમાં સહભાગી બનીને ખૂબ જ ખુશખુશાલ જણાયા હતા. જર્મનીમાં નોકરી કરતી વખતે બંને વચ્ચે પાંગરેલી મિત્રતા પ્રેમમાં પરિણમી હતી અને અંતે નેહા તેમજ થોમસ હંમેશા માટે એકબીજાના જીવનસાથી બની ગયા છે. મંડી જિલ્લાના કરસોગ વિસ્તારના કુટ્ટી ગામની રહેવાસી નેહા અને ઇંગ્લેન્ડના થોમસની પ્રેમકહાની કોઈ ફિલ્મી વાર્તા જેવી જ છે. બંનેની પહેલી મુલાકાત જર્મનીમાં થઈ હતી, જ્યાં તેઓ બંને નોકરી કરતા હતા. એક જ સ્થળે કામ કરવા દરમિયાન બંને વચ્ચે વાતચીતનો દોર શરૂ થયો અને ધીમે-ધીમે તેમની મિત્રતા ગાઢ બની. સમય જતાં બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા અને આ દોસ્તી પ્રેમમાં બદલાઈ ગઈ. અલગ-અલગ દેશ અને સંસ્કૃતિ હોવા છતાં બંને વચ્ચેનો સંબંધ સતત મજબૂત બનતો ગયો અને અંતે તેમણે લગ્ન કરવાનો નિર્ણય લીધો, જેને બંને પરિવારોએ પણ સહર્ષ સ્વીકારી લીધો.નેહા સાથે લગ્ન કરવા માટે થોમસ એકલો નહીં, પરંતુ પોતાના પરિવાર અને સંબંધીઓ સાથે જાન લઈને ઇંગ્લેન્ડથી મંડીના કરસોગ પહોંચ્યો હતો. વિદેશી વરરાજા અને જાનૈયાઓને જોઈને સ્થાનિક લોકોમાં ભારે ઉત્સાહ અને કુતૂહલ જોવા મળ્યું હતું. નેહાના વતનમાં જાનનું પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને પરિવારજનોએ વિદેશી મહેમાનોનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું. નેહાના પરિવાર અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર વ્યક્ત કરતાં થોમસે હિન્દુ રીતિ-રિવાજ મુજબ લગ્ન કરવાનું પસંદ કર્યું હતું, જેણે આ પ્રસંગને વધુ યાદગાર બનાવી દીધો.કરસોગમાં યોજાયેલા આ લગ્ન સમારોહમાં હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ અને પહાડી પરંપરા અનુસાર તમામ રિવાજો પૂર્ણ કરવામાં આવ્યા હતા. બંને પરિવારો અને સંબંધીઓની હાજરીમાં નેહા અને થોમસે અગ્નિની સાક્ષીએ સાત ફેરા ફરીને નવા જીવનની શરૂઆત કરી. પહાડી રીતિ-રિવાજો સાથે સંપન્ન થયેલા આ વિવાહમાં બંને પક્ષે ભારે હર્ષોલ્લાસનો માહોલ જોવા મળ્યો હતો. વિદેશી વરરાજા અને ભારતીય કન્યાના આ અનોખા લગ્નને સ્થાનિક લોકોએ બે સંસ્કૃતિઓના સુંદર સંગમ તરીકે બિરદાવ્યા હતા.આ લગ્નમાં માત્ર વર-કન્યા જ નહીં, પરંતુ ઇંગ્લેન્ડથી આવેલા વિદેશી મહેમાનો પણ સૌના આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. વિદેશી જાનૈયાઓએ પહેલીવાર આટલી નજીકથી હિમાચલી સંસ્કૃતિ અને પહાડી પરંપરાઓને માણવાનો આનંદ લીધો હતો. પરંપરાગત વિધિઓ, સ્થાનિક રીતિ-રિવાજો અને પહાડી વાતાવરણ તેમના માટે એક નવો અને રોમાંચક અનુભવ બની રહ્યો.

જાપાન-રશિયા જેવા દિગ્ગજોને પછાડી ભારતની એશિયા પાવર ઇન્ડેક્સના ટોપ-3 દેશોમાં એન્ટ્રી

(એજન્સી) નવી દિલ્હી | તા.23

ઓસ્ટ્રેલિયાની 'ધ લોવી ઇન્સ્ટિટ્યૂટ' દ્વારા જાહેર કરાયેલા 'એશિયા પાવર ઇન્ડેક્સ 2026'માં ભારતે 40.5 સ્કોર સાથે ત્રીજું સ્થાન મેળવ્યું છે. આ યાદીમાં ભારતથી આગળ માત્ર અમેરિકા (78.9) અને ચીન (73.6) છે. જાપાન (38.6) અને રશિયા (32.2) જેવા દેશો ભારતથી પાછળ રહ્યા છે. પીએમ મોદી એશિયાના બીજા સૌથી પ્રભાવશાળી નેતા તરીકે ઉભરી આવ્યા છે. આ પ્રદર્શન ભારતની વધતી વૈશ્વિક તાકાત દર્શાવે છે. વૈશ્વિક સ્તરે ભારતની તાકાત અને પ્રભાવમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના પર હવે આંતરરાષ્ટ્રીય રેન્કિંગ એજન્સીઓએ પણ મહોર મારી છે. ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત સંસ્થા 'ધ લોવી ઇન્સ્ટિટ્યૂટ' (The Lowy Institute) દ્વારા જાહેર કરાયેલા 'એશિયા પાવર ઇન્ડેક્સ 2026'માં ભારત ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. આ યાદીમાં હવે ભારતથી આગળ માત્ર અમેરિકા અને ચીન જ છે, જ્યારે જાપાન અને રશિયા જેવા દિગ્ગજ દેશો પણ ભારતથી પાછળ રહી ગયા છે. ખાસ વાત એ છે કે ભારતનો સ્કોર વધીને 40.5 થયો છે અને વર્ષ 2018 પછી પહેલીવાર ભારત અને ચીન વચ્ચેની શક્તિનું અંતર સૌથી નીચલા સ્તરે પહોંચ્યું છે.લોવી ઇન્સ્ટિટ્યૂટની 2026ની રેન્કિંગ મુજબ, અમેરિકા 78.9 અંકો સાથે પ્રથમ સ્થાને અને ચીન 73.6 અંકો સાથે બીજા સ્થાને યથાવત છે. ભારતે 40.5 અંકો સાથે ત્રીજું સ્થાન હાંસલ કર્યું છે, જે ચોથા ક્રમે રહેલા જાપાન (38.6 અંક) અને પાંચમા ક્રમે રહેલા રશિયા (32.2 અંક) કરતાં ઘણું આગળ છે. આ પ્રદર્શન એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં ભારતની વધતી જતી વ્યૂહાત્મક અને રાજદ્વારી મજબૂતીને સ્પષ્ટપણે દર્શાવે છે.ઓસ્ટ્રેલિયાના સિડનીમાં આવેલી લોવી ઇન્સ્ટિટ્યૂટ એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય થિંક ટેન્ક છે, જેની સ્થાપના 2003માં સર ફ્રેન્ક લોવી દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થા વૈશ્વિક રાજનીતિ, વિદેશ નીતિ, સુરક્ષા અને અર્થવ્યવસ્થા પર સંશોધન કરે છે. વર્ષ 2018થી દર વર્ષે આ સંસ્થા દ્વારા એશિયા પાવર ઇન્ડેક્સ બહાર પાડવામાં આવે છે, જેમાં 131 જેટલા વિવિધ માપદંડોના આધારે એશિયાના 27 દેશો અને પ્રદેશોની શક્તિ તેમજ પ્રભાવનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

જનરલ મેનેજર, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે, દિબ્રુગઢ અને સિલાપથર ખાતે રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પેસેન્જર સુવિધાઓનું નિરીક્ષણ કરે છે







માલીગાંવ | 23 નવેમ્બર, 2026 ના રોજ, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી વિવેક ખરેએ દિબ્રુગઢ કોચિંગ ડેપો અને પીટ લાઇન, દિબ્રુગઢ રેલ્વે સ્ટેશન, બોગીબીલ બ્રિજ અને સીલાપથર રેલ્વે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. તેમણે જાળવણી સુવિધાઓ, ઓપરેશનલ સલામતી અને મુસાફરોની સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ચાલી રહેલા ટ્રેક નવીકરણ કાર્યોની પણ સમીક્ષા કરી. નિરીક્ષણ દરમિયાન જનરલ મેનેજરની સાથે તિનસુકિયા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર અને નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે હેડક્વાર્ટર અને તિનસુકિયા ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ હતા.

ડિબ્રુગઢ કોચિંગ ડેપો અને પીટ લાઇન ખાતે, શ્રી ખરેએ પેસેન્જર કોચના નિરીક્ષણ, જાળવણી અને સર્વિસિંગ માટેની વ્યવસ્થાની સમીક્ષા કરી. આ સુવિધાઓ રોલિંગ સ્ટોકની ઓપરેશનલ તૈયારી સુનિશ્ચિત કરવામાં અને સલામત અને વિશ્વસનીય ટ્રેન સેવાઓ ચલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ડિબ્રુગઢ અને સિલાપથ્થર રેલ્વે સ્ટેશનો પર, તેમણે સ્ટેશન સુવિધાઓ અને મુસાફરોની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું, જેમાં મુસાફરોના આરામ, સુવિધા અને એકંદર મુસાફરીના અનુભવ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો.

જનરલ મેનેજરે બોગીબીલ બ્રિજનું નિરીક્ષણ કર્યું અને ટ્રેક રિલે ટ્રેન દ્વારા હાથ ધરવામાં આવેલા પૂર્ણ થયેલા ટ્રેક નવીકરણ કાર્યોની સમીક્ષા કરી. સમીક્ષા દરમિયાન, વિશ્વસનીય ટ્રેન કામગીરી સુનિશ્ચિત કરવા માટે ટ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા અને મહત્વપૂર્ણ રેલ સંપત્તિઓની યોગ્ય જાળવણી પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું.

નિયમિત નિરીક્ષણો અને સમીક્ષાઓ દ્વારા, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે જાળવણી પ્રથાઓને મજબૂત કરવા, મુસાફરોની સુવિધાઓમાં સુધારો કરવા અને રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને આગળ વધારવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ પ્રયાસો સમગ્ર પ્રદેશમાં સલામત, આરામદાયક અને વિશ્વસનીય રેલ સેવાઓ પૂરી પાડવાની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

સીમાંકન બિલનું NDAનું સપનું અધૂરું રહેશે! 45 સાંસદો ખૂટ્યાનો વિપક્ષના સાંસદનો દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા.23

આગામી શિયાળુ સત્રમાં સરકાર દ્વારા પરિસીમન સંબંધિત બંધારણ સુધારા બિલ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે, પરંતુ તેને પસાર કરાવવા માટે બે-તૃતીયાંશ બહુમતીની જરૂર પડશે. આ દરમિયાન ત્રણ દિવસના વિશેષ સત્રની પણ ચર્ચાઓ ચાલી રહી છે, જોકે આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સંસદના શિયાળુ સત્રની તારીખો હજુ નક્કી થઈ નથી, ત્યારે પરિસીમન બિલ અને મહિલા અનામત બિલને લઈને નવી ચર્ચાઓ શરૂ થઈ છે. વિપક્ષી ગઠબંધન 'INDIA' તરફથી એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સરકાર પાસે 40થી 50 સાંસદો ઓછા પડી રહ્યા છે અને આ સંખ્યાબળ પૂરું કરવા પક્ષોને તોડવાની તૈયારી થઈ રહી છે.શિવસેના (યુબીટી)ના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે દાવો કર્યો છે કે જરૂરી સંખ્યાબળ ન મળવાના કારણે NDA શિયાળુ સત્રને જોખમમાં મૂકી રહી છે. તેમણે આક્ષેપ કર્યો કે સરકાર જીદ અને અહંકાર પર ઉતરી આવી છે તથા પરિસીમન બિલ પસાર કરાવવા માટે નાના પક્ષો અને સાંસદો પર દબાણ લાવવા અથવા તેમને તોડવાની રણનીતિ અપનાવવામાં આવી રહી છે.સંજય રાઉતે ગંભીર આરોપ લગાવ્યો છે કે સાંસદોને ખરીદવા માટે 150 કરોડ રૂપિયાની રકમ નક્કી કરવામાં આવી છે અને આ કામગીરી માટે મહારાષ્ટ્ર સરકારના એક મોટા મંત્રીને જવાબદારી સોંપવામાં આવી છે, જોકે તેમણે કોઈ નેતાનું નામ લીધું નથી. બીજી તરફ, મહારાષ્ટ્ર સરકારના મંત્રી સંજય શિરસાટે આ તમામ દાવાઓને ફગાવી દીધા છે અને રાઉતના આક્ષેપોને પાયાવિહોણા ગણાવી પુરાવા રજૂ કરવા પડકાર ફેંક્યો છે.આ બંધારણ સુધારા હેઠળ પરિસીમન દ્વારા લોકસભાની હાલની 543 બેઠકો વધારીને મહત્તમ 850 કરવાનો પ્રસ્તાવ છે, જેથી 2029ની લોકસભા ચૂંટણી પહેલાં સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામત લાગુ કરવાનો માર્ગ મોકળો થઈ શકે. અગાઉ એપ્રિલમાં થયેલા મતદાન દરમિયાન આ બિલને પૂરતો ટેકો મળી શક્યો ન હતો.આ બિલ પસાર કરાવવા માટે લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી જરૂરી છે.

શિખરજીની યાત્રાએથી પરત ફરતા ગુજરાતી જૈન યાત્રીઓનો ઝારખંડમાં અકસ્માત, દંપત્તીનું મોત અને 12 થી વધારે ઘાયલ

(એજન્સી) ઝારખંડ | તા.23

ગુજરાતના સુરતથી શિખરજીની યાત્રાએ ગયેલા શ્રદ્ધાળુઓને ઝારખંડના ગિરિડીહમાં અકસ્માત નડ્યો છે. યાત્રીઓના બસ કાફલામાં સામેલ એક બસ રાત્રે આશરે 10 વાગ્યે અસંતુલિત થઈને રસ્તા પરથી ખાડામાં ખાબકી હતી અને ઝાડ સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં બસમાં સૌથી આગળ બેઠેલા એક દંપતીનું મોત થયું છે, જ્યારે 12થી વધુ યાત્રીઓ ઘાયલ થયા છે. ઘાયલોને વધુ સારી સારવાર માટે હઝારીબાગ અને ધનબાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.મળતી માહિતી મુજબ, સુરતથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ શિખરજીની યાત્રા માટે ગયા હતા. યાત્રા પૂર્ણ કર્યા બાદ તમામ યાત્રીઓને ટાટા રેલવે સ્ટેશન પહોંચવાનું હતું. આ દરમિયાન બસ કાફલામાંથી એક બસ ગિરિડીહ વિસ્તારમાં અસંતુલિત થઈને ખાડામાં ઉતરી ગઈ હતી અને ઝાડ સાથે અથડાઈ હતી. બસમાં સૌથી આગળ બેઠેલા દંપતીને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત થયું હતું.



અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બંનેએ મળીને રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. બસમાં ફસાયેલા અને ઘાયલ થયેલા યાત્રીઓને બહાર કાઢીને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. ગિરિડીહના SDPO આબિદ ખાને જણાવ્યું હતું કે તેમને રાત્રે આશરે 10 વાગ્યે અકસ્માતની જાણ થઈ હતી. તેમના જણાવ્યા અનુસાર, બસમાં સવાર યાત્રીઓ ગુજરાતથી આવ્યા હતા અને ટાટા રેલવે સ્ટેશન તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન બસ અસંતુલિત થઈને ખાડામાં પડી ગઈ હતી. અકસ્માતની ગંભીરતા એટલી હતી કે બસનો આગળનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. ઘાયલોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારી સારવાર માટે હઝારીબાગ અને ધનબાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બસનો ડ્રાઈવર સુરક્ષિત હોવાનું SDPOએ જણાવ્યું હતું. ગુજરાતના સુરતથી શિખરજીની યાત્રાએ ગયેલા શ્રદ્ધાળુઓ સાથે બનેલી આ દુર્ઘટનાને પગલે તેમના પરિવારજનોમાં ચિંતા ફેલાઈ છે. હાલ પોલીસ દ્વારા અકસ્માતના કારણો અંગે તપાસ કરવામાં આવી રહી છે. બસ ઝાડ સાથે અથડાતાં તેનો આગળનો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થયો હતો.

અમરેલી જિલ્લામાં 30 નવેમ્બરથી ધો. ૧૦ અને ૧૨ની GSOS બોર્ડ પરીક્ષા યોજાશે



પરીક્ષાના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી, તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૬ - ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની GSOS બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં અભ્યાસ છોડી ગયેલા, રિપીટર, ખાનગી, પૃથક ઉમેદવારો ભાગ લેશે. પરીક્ષાના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડી.એમ. ગોહિલે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં તા. ૩૦ નવેમ્બરથી ૮ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન ધોરણ ૧૦ની પરીક્ષા સી.વી. ગજેરા યુનિટ-૩ વિદ્યાસભા, લાઠી રોડ, શ્રીમતી ટી.પી. એન્ડ એમ.ટી. ગાંધી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ, નાગનાથ મંદિર પાસે, અમરેલી તથા પાઠક સ્કૂલ, તારવાડી, મણિનગર, અમરેલી ખાતે યોજાશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા શ્રી બી.એન. વિરાણી સેકન્ડરી સ્કૂલ, યુનિટ-૨, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે યોજાશે.જિલ્લા કલેક્ટરશ્રીએ પરીક્ષાના સુચારુ સંચાલન માટે પોલીસ વિભાગને તમામ ચાર પરીક્ષા કેન્દ્રો પર પૂરતો સુરક્ષા બંદોબસ્ત જાળવવા સૂચના આપી હતી. પરીક્ષા કેન્દ્રો પર વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટે પી.જી.વી.સી.એલ.ને જરૂરી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. જ્યારે ગ્રામ્ય વિસ્તારો અને તાલુકા મથકોથી અમરેલી આવતા એસ.ટી. બસના રૂટ નિયમિત રહે તે સુનિશ્ચિત કરવા જી.એસ.આર.ટી.સીને સૂચના આપી હતી.આ બેઠકમાં પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલા જિલ્લાના ફરજ પરના અધિકારીઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમજ પરીક્ષા કેન્દ્રોના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની GSOS બોર્ડ પરીક્ષા નું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં અભ્યાસ છોડી ગયેલા (ડ્રોપઆઉટ), રિપીટર, ખાનગી તેમજ પૃથક ઉમેદવારો ભાગ લેશે. પરીક્ષાના સુચારુ અને શાંતિપૂર્ણ આયોજન માટે અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ ના અધ્યક્ષસ્થાને જિલ્લા સમિતિની બેઠક યોજાઈ હતી.

રામદેવે ધીરેન્દ્ર શાસ્ત્રીને લીધા આડેહાથ?:કહ્યું, 'ના વેદ વાંચ્યા, ના મહાભારત, બસ સનાતનના નામે પાખંડ', ભૂત-પ્રેતના નાટકની જાહેરમાં ઉડાવી મજાક!

(એજન્સી) નવી દિલ્હી | તા.23

બાગેશ્વર ધામના પીઠાધીશ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ ભગવાન શ્રીકૃષ્ણ પર આપેલા વિવાદાસ્પદ નિવેદન બાદ રાજકીય ગરમાવો વધ્યો છે, ત્યારે હવે આ વિવાદમાં યોગગુરુ બાબા રામદેવે પણ ઝંપલાવ્યું છે. એક કાર્યક્રમ દરમિયાન રામદેવે બાબા બાગેશ્વર પર સીધું નિશાન સાધતા લાગી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. તેમને 'ધૂર્ત' અને 'પાખંડી' ગણાવ્યા હતા, એટલું જ નહીં પરંતુ તેમની શૈલીની જાહેરમાં મજાક પણ ઉડાવી હતી.'ના શાસ્ત્રોનું જ્ઞાન, ના બંધારણની સમજ' બાબા રામદેવે આકરા શબ્દોમાં કહ્યું કે, 'કેટલાક લોકોએ ના તો વેદ વાંચ્યા છે, ના ઉપનિષદ કે દર્શનશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. ના રામાયણ વાંચી છે, ના મહાભારત. તેઓ ના તો બંધારણને જાણે છે કે ના લોકતંત્રને. બસ મંચ પર ઊભા થઈને કંઈ પણ બકવાસ કરતા રહે છે અને દાવો કરે છે કે અમે સનાતન અને હિન્દુ ધર્મને બચાવીશું. આવા લોકો પાખંડી અને ધૂર્ત છે.'ભૂત-પ્રેતના નામે ઠગાઈ અને દેવી-દેવતાઓની મજાક સામે નારાજગી રામદેવ આટલેથી જ નહોતા અટક્યા.

PM મોદીએ કહ્યું- ડ્રગ્સ મોટો પડકાર, પરિવારો વિખેરાઈ જાય છે:પ્રકાશ પર્વના એક દિવસ પહેલાં LG નિવાસ પહોંચ્યા





(એજન્સી) નવી દિલ્હી | તા.23

PM મોદીએ સોમવારે કહ્યું, 'જ્યારે કોઈ યુવાન નશાની લતનો શિકાર બને છે, ત્યારે તેની સાથે પરિવારનાં સપનાં પણ વિખેરાઈ જાય છે. દેશનો દરેક યુવાન નશામુક્ત બને, પોતાનાં સપનાં પૂરાં કરે અને આગળ વધે. આ પ્રયાસમાં પરિવારોની ભૂમિકા ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આપણી સંગત અને ગુરુદ્વારા સૌ સાથે મળીને યુવાનોને સાચો માર્ગ બતાવી શકે છે.'

પીએમએ આ વાત દિલ્હી ખાતે ઉપરાજ્યપાલ તરનજીત સિંહ સંધુના નિવાસસ્થાને આયોજિત પ્રકાશ પર્વ દરમિયાન કહી હતી. મોદીએ અહીં કીર્તનમાં ભાગ લીધો અને ગુરવાણી સાંભળી.

મોદી પહેલીવાર દિલ્હીના એલજી નિવાસસ્થાને પહોંચ્યા છે. ગુરુ નાનકનો પ્રકાશ પર્વ મંગળવારે ઉજવવામાં આવશે. પીએમનું પ્રકાશ પર્વમાં સામેલ થવું એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આવતા વર્ષે પંજાબમાં ચૂંટણી યોજાવાની છે.

મોદી પ્રકાશ પર્વમાં સામેલ થયા, 3 તસવીરોપીએમ મોદીએ કહ્યું કે ગુરુનાનક દેવજી કીર્તનને સાધના અને જ્ઞાનનો સાગર માનતા હતા. ગુરુદ્વારાઓમાં માથું ટેકવું, લંગરનો પ્રસાદ લેવો અને શીખ સંતોની સંગતમાં રહેવું તેમના જીવનનો સહજ હિસ્સો રહ્યું છે. તેમણે ગુરુ તેગબહાદુરજીની શહાદતને 350 વર્ષ પૂર્ણ થયાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે શીખ પરંપરા રાષ્ટ્ર અને સંસ્કૃતિ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરવાની પ્રેરણા આપે છે.પીએમએ કહ્યું કે યુવાનોને નશાથી બચાવવામાં ગુરુદ્વારા અને સંગત મોટી ભૂમિકા ભજવી શકે છે. જ્યારે કોઈ યુવાન નશાની લતનો શિકાર બને છે, ત્યારે તેની સાથે સમગ્ર પરિવારનાં સપનાં પણ વેરવિખેર થઈ જાય છે. પરિવાર, સંગત અને ગુરુદ્વારા મળીને યુવાનોને સાચો માર્ગ બતાવે, જેથી નવી પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે.25 સપ્ટેમ્બર: પીએમ મોદીની Gen-Z સાથે ભજન ક્લબિંગ, ખંજરી વગાડી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગયા મહિને 25 સપ્ટેમ્બરે દિલ્હીના દીનદયાળ પાર્કમાં Gen-Z વચ્ચે પહોંચ્યા હતા. પંડિત દીનદયાળની 110મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા ભજન ક્લબિંગ કાર્યક્રમમાં પીએમ સામેલ થયા હતા. અહીં તેમણે ખંજરી વગાડી હતી અને ભજનો સાથે ગણગણાવતા પણ જોવા મળ્યા હતા. ગુરુ નાનક દેવજીના પાવન પ્રકાશ પર્વની પૂર્વ સંધ્યાએ સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના ઉપરાજ્યપાલ (LG) તરનજીત સિંહ સંધુ ના નિવાસસ્થાને આયોજિત વિશેષ પ્રકાશ પર્વ કાર્યક્રમમાં સામેલ થયા હતા. વડાપ્રધાન મોદી પ્રથમ વખત દિલ્હીના LG નિવાસસ્થાને પહોંચ્યા હતા, જ્યાં તેમણે શ્રદ્ધાપૂર્વક કીર્તનમાં ભાગ લીધો હતો અને ગુરવાણીનું શ્રવણ કર્યું હતું. આગામી વર્ષે પંજાબમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની હોવાથી વડાપ્રધાનની આ ઉપસ્થિતિને સામાજિક અને રાજકીય દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

શ્રી પંકજ તિવારીએ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યો

(એજન્સી) મુંબઈ | તા.23

ભારતીય રેલ્વે ટ્રાફિક સર્વિસ (IRTS) ના 2017 બેચના અધિકારી શ્રી પંકજ તિવારીએ પશ્ચિમ રેલ્વેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન માટે સિનિયર ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે.શ્રી તિવારીએ ભારતીય રેલ્વે સાથે મધ્ય રેલ્વેના મુંબઈ ડિવિઝનમાં આસિસ્ટન્ટ ઓપરેશન્સ મેનેજર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, ત્યારબાદ મે 2021 માં પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં ગયા હતા.અમદાવાદ ડિવિઝનમાં તેમના કાર્યકાળ દરમિયાન, શ્રી તિવારીએ વિવિધ ભૂમિકાઓમાં - કોચિંગ ઓપરેશન્સ, ફ્રેઇટ ઓપરેશન્સ અને ટ્રાફિક સલામતી સહિત - બહોળો અનુભવ મેળવ્યો હતો અને વિવિધ ઓપરેશનલ પડકારોને સતત શ્રેષ્ઠતા સાથે સંભાળ્યા હતા. 2022-23 નાણાકીય વર્ષમાં ફ્રેઇટ ઓપરેશન્સનું નેતૃત્વ કરતી વખતે, તેમણે ડિવિઝનના અત્યાર સુધીના શ્રેષ્ઠ ફ્રેઇટ લોડિંગ પ્રદર્શનને પ્રાપ્ત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જે તેના ઇતિહાસમાં પ્રથમ વખત 50 મિલિયન ટનનો આંકડો વટાવી ગયો હતો. ઝીણવટભર્યા આયોજન અને ચોક્કસ અમલીકરણ દ્વારા, 2025-26 નાણાકીય વર્ષમાં 50 મિલિયન ટનથી વધુ ફ્રેઇટ લોડિંગનો આ ઐતિહાસિક સીમાચિહ્ન પુનરાવર્તિત થયો. વધુમાં, તેમના માર્ગદર્શન હેઠળ, માળખાગત સુવિધાઓ અને ક્ષમતા વૃદ્ધિના ક્ષેત્રમાં ઘણી મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ. આમાં NHSRCL (નેશનલ હાઇ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ) અને RLDA (રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી) ને લગતા પ્રોજેક્ટ્સ માટે જરૂરી ટ્રાફિક બ્લોક્સનું આયોજન અને સફળ અમલીકરણ, તેમજ ટ્રેક ડબલિંગ, ઈલેક્ટ્રિફિકેશન અને વિવિધ નોન-ઇન્ટરલોક્ડ (NI) કાર્યોનો સમાવેશ થાય છે.તેમની ઊંડી ઓપરેશનલ કુશળતા અને અનુકરણીય ટ્રેક રેકોર્ડ સાથે, શ્રી તિવારી મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં ઓપરેશનલ કાર્યક્ષમતા, સલામતી ધોરણો અને મુસાફરોની સેવાઓને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.



ડ્રગ્સ કેસના આરોપીના ઘર પર બુલડોઝર ફેરવાયું

અમદાવાદ | અમદાવાદના સરખેજમાં ગાંજાનો વેપાર કરતા દંપતી સુનિતા અને દીપક રાઠોડના ગેરકાયદે મકાન પર બુલડોઝર ફેરવી દેવાયું છે. બોડકદેવ પોલીસે 131 ગ્રામ ગાંજા સાથે રાજુ ભીલને પકડ્યા બાદ, આ દંપતીના ઘરેથી સવા બે કિલો ગાંજો અને 54 લાખ રોકડા મળ્યા હતા. અગાઉ પણ તોડાયેલું મકાન ફરી બાંધતા, AMC અને પોલીસે કાર્યવાહી કરી. દંપતી સામે 65થી વધુ ગુના નોંધાયા છે. ગુજરાતમાં નશાના કાળા કારોબારને ડામવા માટે હાલમાં પોલીસ એક્શન મોડમાં છે ત્યારે અમદાવાદના સરખેજ વિસ્તારમાં ગાંજાના વેપાર સાથે સંકળાયેલ દંપતીના ગેરકાયદે મકાન પર ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી છે.

સિટી એક્સપ્રેસ

TUESDAY 24 NOVEMBER-2026

AHMEDABAD

પોક્સોના 2 અલગ-અલગ કેસમાં દોષિતને 20 વર્ષની સજા

અમદાવાદ | અમદાવાદમાં પોક્સોના 2 કેસમાં 21 વર્ષીય હરેશ પટણીને 20 વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. શાહીબાગ અને મેઘાણીનગર પોલીસ મથકે નોંધાયેલા કેસમાં, આરોપીએ 13 વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ રાજકોટ સહિત અનેક સ્થળોએ દુષ્કર્મ આચર્યું હતું. કોર્ટે નોંધ્યું કે સગીરાની સંમતિ કાયદેસર ગણી શકાય નહીં. અમદાવાદના શાહીબાગ અને મેઘાણીનગર પોલીસ મથકે 21 વર્ષીય આરોપી હરેશ પટણી સામે પોક્સો અને IPCની કલમો અંતર્ગત ગુનો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં ચાલી જતા જજ એન.એચ.વસવેલિયાએ આરોપીને 20 વર્ષ સખત કેદની સજા ફટકારવાનો આદેશ કર્યો છે.

આગ લાગતા ફટાકડાવાળા સામે ફરિયાદ કરવા AMC કમિશનરનો આદેશ : નિકોલમાં બેસતા વર્ષે જાહેર રોડ ઉપર ફટાકડાના કારણે આગ લાગી હતી

(એજન્સી) અમદાવાદ | તા. 23

નવા વર્ષની વહેલી સવારે અમદાવાદના નિકોલ વિસ્તારમાં સીઝનલ અને ફટાકડા માર્કેટમાં આગ લાગવાની ઘટનાને લઈને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ પરવાનગી વિનાની લારી અને સ્ટોલ ધરાવનારા સામે પોલીસ ફરિયાદ કરવા માટેની સૂચના આપી છે. કમિશનરની સૂચના બાદ પૂર્વ ઝોનના એસ્ટેટ અને ફાયર વિભાગ દ્વારા તમામ વિગતો મેળવીને બે દિવસમાં જવાબદાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાની કાર્યવાહી કરવામાં આવશે.

પૂર્વ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આર.પી જોશીએ જણાવ્યું કે, નિકોલ વિસ્તારમાં ફટાકડાની લારી અને સ્ટોલમાં આગ લાગવાની ઘટનાને લઈ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પોલીસ ફરિયાદ કરવાની સૂચના આપવામાં આવી છે. ફટાકડાની લારીઓને કોઈપણ પ્રકારની ફાયર એનઓસી આપવામાં આવતી નથી, પરંતુ રોડ ઉપર ઉભા રહી વેચાણ કરે અને વ્યક્તિઓના જાનને જોખમ હોય તો આવા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરી દાખલો બેસાડવાના ભાગરૂપે પોલીસ ફરિયાદ કરવા માટે કહ્યું છે, જેથી એસ્ટેટ વિભાગ દ્વારા તમામ વિગતો મેળવીને બે દિવસમાં પોલીસ ફરિયાદ નોંધાવી દેવામાં આવશે.



ભર બજારમાં રાત્રે દોડધામ મચી ગઈ હતી. તેમ છતાં પણ ત્યાં ફરીથી ફટાકડાનું વેચાણ શરૂ થઈ ગયું હતું. ચાલુ વર્ષે પણ બેસતા વર્ષના દિવસે જ નિકોલ વિસ્તારમાં જાહેર રોડ ઉપર લારીમાં આગ લાગી અને ત્યારબાદ તેના ફટાકડાઓના કારણે સ્ટોલોમાં પણ આગ લાગી ગઈ હતી ત્યારે દર વર્ષે આ રીતે આગના બનાવ બનતા હોવા છતાં પણ પોલીસ તંત્ર અને કોર્પોરેશન આંખ આડા કાન કરે છે અને લોકોના જીવને જોખમમાં મૂકે છે.

બેસતા વર્ષના દિવસે વહેલી સવારે શહેરના નિકોલ વિસ્તારમાં શુકન ચાર રસ્તા તરફ જવાના રોડ ઉપર આવેલી ઉમા સ્કૂલની સામે કાચા મંડપ ઊભા કરી ફળ, ડ્રાયફ્રુટ, ચંપલ, ફૂલો અને ફટાકડા સહિતની ચીજ વસ્તુઓના સ્ટોલની આગળના ભાગે પણ ફટાકડાના નાના સ્ટોલ અને લારીઓ ઉભી રાખવામાં આવેલી હતી. જેમાં આગ લાગી ત્યારબાદ આગે ધીમે ધીમે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું અને આજુબાજુના તમામ સ્ટોલમાં આગ લાગવા લાગી હતી. ફટાકડા સહિતના અલગ અલગ વસ્તુના સ્ટોલ સુધી આગ પહોંચી ગઈ હતી.

ફટાકડાના સ્ટોલમાં આગ લાગતાની સાથે જ ફટાકડા ફૂટવા લાગ્યા હતા અને રોકેટ તેમજ સ્કાય શોટ જેવા ફટાકડા ઉડી આખા રોડ ઉપર તેમજ સામેના ભાગે આવેલી દુકાનો સુધી પહોંચી ગયા હતા. રોડ ઉપર વહેલી સવારે પસાર થતા લોકોમાં નાશભાગ મચી ગઈ હતી. ટોલના આગળના ભાગે પણ નાના ફટાકડાના જે સ્ટોલ લગાવેલા હતા તેમાં આગ લાગી હતી. જેના કારણે વધુ ફેલાઈ હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા નિકોલ, ગોમતીપુર અને નરોડા ફાયર સ્ટેશનની ટીમો સ્થળ ઉપર પહોંચી હતી. ફાયરની ટીમો દ્વારા બંને તરફ પાણીનો મારો ચલાવી આગ મહા મહેનતે કાબૂમાં લીધી હતી.

કાચા મંડપ ઊભા કરી જાહેર રોડ ઉપર સ્ટોલ લગાવી ફટાકડાનું વેચાણ કરવા ઉપર પ્રતિબંધ હોવા છતાં પણ નિકોલ વિસ્તારમાં જાહેર રોડ ઉપર લારીઓ ઉભી રાખી નાના સ્ટોલ ઉભા કરી દીધા હતા જેના કારણે વધારે આગ ફેલાઈ હતી. પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગ અને કૃષ્ણનગર પોલીસ દ્વારા આંખ આડા કાન કરવામાં આવ્યા હતા. જ્યાં સૌથી વધુ લોકોની અવર-જવર હોય એવા બજારના મુખ્ય બજારના રોડ પર લોકોના જાનને જોખમ હોય એ પ્રમાણે આવા ગેરકાયદેસર સ્ટોલ અને લારીઓ ઉભી રાખી દેવામાં આવી હતી તેમ છતાં પણ એસ્ટેટ તેમજ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા હવે મ્યુનિસિપલ કમિશનરે આ બાબતે ગંભીર નોંધ ફરિયાદ નોંધવા સૂચના આપવી પડી હતી. દર વર્ષે જાહેર રોડ ઉપર ફટાકડા માટે લારીઓ અને પાછળના તેમજ ગેરકાયદેસર સ્ટોલ ઉભા કરી ફટાકડાઓનું વેચાણ કરવામાં આવતું હોય છે, જેના કારણે આગ લાગવાના બનાવ બનતા હોય છે. ગત વર્ષે શહેરના લાલ દરવાજા વિસ્તારમાં રાયખડ ચાર રસ્તા નજીક ફૂટપાથ ઉપર ફટાકડાઓ વેચવામાં આવી રહ્યા હતા.

અમદાવાદ રેલવે સ્ટેશન પર એલિવેટેડ રોડ બંધ, પાર્કિંગની સુવિધા સાઉથ MMTH ભવનમાં ખસેડવામાં આવી



અમદાવાદ | અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ કાર્ય અંતર્ગત મુસાફરોની અવરજવર સરળ બનાવવા તેમજ પ્રીમિયમ પાર્કિંગ સુવિધા સુધી સરળતાથી પહોંચી શકાય તે હેતુથી એલિવેટેડ રોડનું નિર્માણ કરવામાં આવ્યું હતું. હાલમાં સ્ટેશનના પુનર્વિકાસના આગામી તબક્કા અંતર્ગત નોર્થ મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ (North MMTH)નું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. આ બાંધકામની કામગીરી સરળતાથી અને સુચારુ રીતે પૂર્ણ કરી શકાય તે માટે એલિવેટેડ રોડ બંધ કરવામાં આવ્યો છે. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને એલિવેટેડ રોડ સાથે સંકળાયેલી પાર્કિંગ સુવિધાઓ હવે સાઉથ મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ (South MMTH) ભવનમાં ખસેડવામાં આવી છે.મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પાર્કિંગ માટે સાઉથ MMTH ભવનમાં ઉપલબ્ધ સુવિધાઓનો ઉપયોગ કરે.અમદાવાદ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ તેને આધુનિક અને વિશ્વસ્તરીય પરિવહન કેન્દ્ર તરીકે વિકસાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આગામી નોર્થ MMTH અને અગાઉથી વિકસિત સાઉથ MMTH દ્વારા મુસાફરોને વધુ સારી સુવિધાઓ, સરળ કનેક્ટિવિટી, આધુનિક પાર્કિંગ વ્યવસ્થા તેમજ વધુ આરામદાયક મુસાફરીનો અનુભવ ઉપલબ્ધ થશે. આ વ્યવસ્થાઓ સ્ટેશનને અત્યાધુનિક માળખાકીય સુવિધાઓ અને મુસાફરલક્ષી સેવાઓથી સજ્જ કરવાની વ્યાપક યોજનાનો એક ભાગ છે.મુસાફરોને વિનંતી છે કે પુનર્વિકાસની કામગીરી દરમિયાન રેલવે પ્રશાસનને સહયોગ આપે તેમજ સ્ટેશન પરિસરમાં લગાવવામાં આવેલી સૂચનાઓ અને દિશાનિર્દેશોનું પાલન કરે.

ફાયર સેફ્ટીની બેદરકારી નહીં ચલાવી લેવાય : ગાંધીનગરમાં ફાયર સેફ્ટી સર્ટિ. વિનાના એકમો પર તંત્રની તવાઈની તૈયારી, NOC મેળવી લેવા તાકીદ

(એજન્સી) ગાંધીનગર | તા. 23

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આવેલા રહેણાંક અને વ્યવસાયિક સહિતના તમામ એકમોને ફરીવાર ફાયર સેફ્ટી સર્ટિફિકેટ પ્રાપ્ત કરી લેવા માટે મનપા તંત્ર તરફથી કડક આદેશ આપવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ફાયર વિભાગની વિવિધ ટીમો શહેરના અલગ-અલગ વિસ્તારોમાં જઈને ફાયર એનઓસીની તપાસ માટે સઘન ઝુંબેશ શરૂ કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં રહેતા નાગરિકો, વ્યાપારીઓ અને વિવિધ સંસ્થાઓને આગથી સુરક્ષાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા ફરી એકવાર સૂચના આપી છે. રાજ્ય સરકારના જાહેરનામા મુજબ દરેક પ્રકારની બિલ્ડિંગ માટે ફાયર સેફ્ટી પ્રમાણપત્ર મેળવવું, તેને કાર્યરત રાખવું અને નિયત સમયે તેનું નવીનીકરણ કરાવવું અનિવાર્ય છે.



આ નિયમો હેઠળ હોટેલ, ફ્લેટ-એપાર્ટમેન્ટ જેવી રહેણાંક ઈમારતો ઉપરાંત શાળા-કોલેજ, હોસ્પિટલ, નર્સિંગ હોમ, થિયેટર, પાર્ટી પ્લોટ, મોલ્સ, કોમર્શિયલ બિલ્ડિંગ, માર્કેન્ટાઈલ બિલ્ડિંગ, ગોડાઉન અને જોખમી સામગ્રી ધરાવતા એકમોનો સમાવેશ થાય છે. ફાયર સેફ્ટી સંબંધિત તમામ અરજીઓ, જેમાં ફાયર પ્લાન મંજૂરી, ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મંજૂરી, સર્ટિફિકેટ રિન્યુઅલ અને હંગામી સ્ટ્રક્ચર માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મંજૂરી સામેલ છે તે ગુજરાત સરકારના ઓનલાઈન પોર્ટલ પર કરવાની રહેશે.

વિવિધ ઈમારતોમાં ફાયર સિસ્ટમ અંગે નિયમિત તાલીમ અને મોકડ્રીલ યોજવી પણ ફરજિયાત બનાવવામાં આવી છે. ફાયર સેફ્ટી સર્ટિફિકેટનું નવીનીકરણ રાજ્ય સરકાર દ્વારા તાલીમ પામેલા ક્વોલિફાઈડ ફાયર સેફ્ટી ઓફિસર મારફતે ઓનલાઈન પોર્ટલ દ્વારા જ કરાવી શકાશે.ફાયર વિભાગ દ્વારા સ્પષ્ટ ચેતવણી અપાઈ છે કે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવાની, ફાયર સિસ્ટમ ચાલુ સ્થિતિમાં રાખવાની અને તેનું રિન્યુઅલ કરાવવાની સંપૂર્ણ જવાબદારી જે-તે ઈમારતના માલિકો, હોદ્દેદારો, સંચાલકો કે કબજેદારોની રહેશે.

જો આ જોગવાઈઓના પાલનમાં કોઈ ખામી જણાશે, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વ્યક્તિ કે સંસ્થાની ગણાશે અને તેમની સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.ફાયર બ્રિગેડની ટીમો આગામી દિવસોમાં વિવિધ વિસ્તારોમાં સર્ટિફિકેટની ચકાસણી કરશે.

ગુજરાતમાં મતદાર નોંધણી માટે 3 રવિવારે ખાસ ઝુંબેશ : 18 વર્ષના યુવાનોને નામ નોંધાવવાની તક

(એજન્સી) ગાંધીનગર | તા. 23

ગુજરાતમાં મતદારયાદીને વધુ અદ્યતન અને સર્વસમાવેશી બનાવવા માટે ચૂંટણી તંત્ર દ્વારા રાજ્યવ્યાપી ખાસ ઝુંબેશ યોજવામાં આવશે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની કામગીરી પૂર્ણ થયા બાદ સતત સુધારણા પ્રક્રિયા હેઠળ મતદારયાદીમાં નામ નોંધાવવાથી બાકી રહી ગયેલા નાગરિકો અને પ્રથમ વખત મતદાન કરવા માટે પાત્ર બનનારા યુવાનોને તક આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. નવેમ્બર અને ડિસેમ્બરમાં ત્રણ ખાસ રવિવારે રાજ્યનાં તમામ મતદાન મથકો પર વિશેષ કેમ્પ યોજાશે. ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં 29 નવેમ્બર, 6 ડિસેમ્બર અને 13 ડિસેમ્બર, 2026ના રોજ ખાસ ઝુંબેશ યોજાશે. આ ત્રણેય રવિવારે સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી તમામ મતદાન મથકો પર ડેઝિગ્નેટેડ ઓફિસર અને બૂથ લેવલ ઓફિસર (BLO) હાજર રહેશે. આ દરમિયાન મતદારયાદીમાં નામ ઉમેરવા સહિત હક્ક-દાવા અને વાંધા સંબંધિત અરજીઓ સ્વીકારવામાં આવશે.

મતદાર નોંધણી નિયમો, 1960 હેઠળ પાત્રતા ધરાવતા નાગરિકો ફોર્મ-6 ભરીને મતદારયાદીમાં પોતાનું નામ સામેલ કરાવવા અરજી કરી શકશે. ખાસ કરીને અગાઉ કોઈ કારણસર મતદારયાદીમાં નામ નોંધાવી ન શકેલા નાગરિકો માટે આ ઝુંબેશ ઉપયોગી સાબિત થશે. 18થી 19 વર્ષના પ્રથમ વખતના યુવા મતદારોને પણ આ કેમ્પમાં નામ નોંધાવવાની તક મળશે.

આ ઝુંબેશની ખાસ બાબત એ છે કે આગામી સમયમાં 18 વર્ષ પૂર્ણ કરનારા યુવાનો પણ અગાઉથી અરજી કરી શકશે. 1 જાન્યુઆરી, 2027ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનારા યુવાનો ઉપરાંત વર્ષ 2027ની આગામી ત્રણ લાયકાતની તારીખો એટલે કે 1 એપ્રિલ, 1 જુલાઈ અને 1 ઓક્ટોબર, 2027ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનારા ભાવિ મતદારોની એડવાન્સ અરજીઓ પણ સ્વીકારવામાં આવશે.

ખાસ ઝુંબેશ દરમિયાન કામગીરી યોગ્ય રીતે થાય તે માટે સુપરવાઈઝરો મતદાન મથકોની સતત મુલાકાત લેશે. આ ઉપરાંત જિલ્લા ચૂંટણી અધિકારીઓ, ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર (ERO) અને આસિસ્ટન્ટ ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર (AERO) દ્વારા પણ રેન્ડમ નિરીક્ષણ કરવામાં આવશે.

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરોને આ ઝુંબેશના આયોજન અને અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શિકા સાથે સૂચનાઓ આપવામાં આવી છે. ચૂંટણી તંત્રએ તમામ પાત્ર નાગરિકો, ખાસ કરીને પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોને આ તકનો લાભ લઈને મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવવા અપીલ કરી છે.

29 નવેમ્બર સુધી વિરોચનનગર-જખવાડા સ્ટેશનો વચ્ચે આવેલું રેલવે ફાટક નં. 37 (સચાણા રેલવે ફાટક) બંધ રહેશે



અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર જખવાડા-વિરોચનનગર સ્ટેશનો વચ્ચે સ્થિત રેલવે ફાટક નં. 37 (સચાણા રેલવે ફાટક), કિ.મી. 546/34-36 પર સમારકામ અને જાળવણીની કામગીરીને કારણે તા. 24 નવેમ્બર 2026ના રોજ સવારે 08:00 વાગ્યાથી તા. 29 નવેમ્બર 2026ના રોજ રાત્રે 20:00 વાગ્યા સુધી અવરજવર માટે બંધ રહેશે.આ સમયગાળા દરમિયાન ભારે વાહનો રેલવે ફાટક નં. 39 (સોકલી રેલવે ફાટક) અને રેલવે ફાટક નં. 29 (ખોડા રેલવે ફાટક) મારફતે તેમજ હળવા વાહનો રેલવે ફાટક નં. 35 (વિરોચનનગર રેલવે ફાટક) મારફતે અવરજવર કરી શકશે.

વટવામાં વરઘોડામાં ડાન્સ બાબતે 4 શખસે મારામારી કરી પથ્થરમારો કર્યો

(એજન્સી) અમદાવાદ | તા. 23

અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં સદભાવનાનગર ચાર રસ્તા નજીક વરઘોડામાં ડાંસ કરતી વખતે યુવતીને ધક્કો વાગતા શખસને જોઈને ડાન્સ કરવાનું કહેતા ચાર શખ્સોએ માતા-પુત્ર પર છરીથી હુમલો કરી પથ્થરમારો કર્યો હતો. આ અંગે વટવા પોલીસે ચાર શખસ સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

વટવાના ઈન્સાનીયતનગર ચાર માળીયામાં રહેતા 30 વર્ષીય મોહસીન શબ્બિરભાઈ કુરેશી તેમની માતા શેહનાજબાનુ અને બહેન ફાતમા 21 નવેમ્બરે રાત્રે સામેના બ્લોકમાં રહેતા સૌરાબ સૈયદના લગ્નની દાવતમાં ગયા હતા. બાદમાં વરઘોડો નીકળ્યો હતો. જેમાં સદભાવનાનગર ચાર રસ્તા ખાતે વરઘોડો પહોંચ્યો ત્યારે બધા ડાન્સ કરી રહ્યા હતા. તે સમયે શ્યામાપ્રસાદ મુખરજીનગર ચાર માળીયા ખાતે રહેતો શાહરૂખ ઉર્ફે કાણીયા ગફાર અંસારીથી ફાતમાને ધક્કો વાગ્યો હતો. ફાતમાએ જોઈને ડાંસ કરવાનું કહેતા શાહરૂખ ઉર્ફે કાણીયાએ જાહેરમાં અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. જેથી બહેનને બચાવવા મોહસીન અને તેની માતા વચ્ચે પડતા શાહરૂખે ઝઘડો કરી મોહસીનને માર માર્યો હતો. આટલું જ નહીં શાહરૂખ ઉર્ફે કાણીયાએ છરીથી મોહસીનની ગરદન પર હુમલો કર્યો હતો. તેમજ વચ્ચે પડેલી માતા શેહનાજબાનુને પણ છરીનો ઘા માર્યો હતો. બૂમાબૂમ થતાં શાહરૂખના પિતા ગફાર અંસારી અને અન્ય બે અજાણ્યા શખ્સો પણ ત્યાં આવી પહોંચ્યા હતા. બાદમાં આરોપીઓએ વરઘોડા પર છૂટા પથ્થર ફેંકીને ફરાર થઈ ગયા હતા .

પરિણીતાના શંકાસ્પદ મોત મામલે અમદાવાદ સિવિલમાં હોબાળો

પિયર પક્ષની જાણ બહાર પોસ્ટમોર્ટમ કરી દેવાયાનો આરોપ, હત્યાનો આક્ષેપ કરી પેનલ પીએમની માગ

(એજન્સી) અમદાવાદ | તા. 23

અરવલ્લીના મોડાસામાં પરિણીતાના શંકાસ્પદ મોત મામલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. દધાલીયા ગામનાં વતની અને હંસપુરામાં રહેતાં નીલમબેન હરેશભાઈ પંચાલનો મૃતદેહ તેમના ઘરેથી મળી આવ્યો હતો. 22 નવેમ્બરની સાંજે 7 વાગ્યે પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ સિવિલમાં ખસેડાયો હતો. પોલીસે મહિલાએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી હોવાનું જણાવ્યું હતું.

જોકે, મૃતક મહિલાના પિયર પક્ષે પતિ અને સાસરિયાઓ પર હત્યા કરી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. સાથે જ પરિવારની જાણ બહાર પોસ્ટમોર્ટમ કરી દેવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરતાં પરિવારજનોએ સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ બહાર એકઠા થઈ હોબાળો મચાવ્યો હતો.સાથે જ ફરીથી પોસ્ટમોર્ટમ કરવાની માગ કરી હતી. પરિવારની માગ અને અસંતોષને ધ્યાનમાં રાખીને મૃતક મહિલાનું પેનલ પોસ્ટમોર્ટમ એટલે કે રી-પીએમ શરૂ કરાયું છે.

આ અંગે મૃતકના ભાઈ દર્શન પંચાલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, મારી બહેનના સાસરીવાળા એવું કહી રહ્યા છે કે તેણે આત્મહત્યા કર્યું છે, પણ આ સુસાઈડ નથી, આ મર્ડર છે. કારણ કે, દતાલિયા ગામમાં રહેતા મારા બનેવી હરેશભાઈ પંચાલને સામેના બંગલામાં રહેતી એક મહિલા સાથે છેલ્લા એક વર્ષથી અફેર હતું. આ કારણે તેઓ મારી બહેન સાથે બહુ ખરાબ વ્યવહાર કરતા, દારૂ પીતા અને રોજ ટોર્ચરિંગ કરતા હતા, પણ મારી બહેન બધું સહન કરતી હતી. દસ દિવસ પહેલાં તેમનું આ કૌભાંડ બહાર આવ્યું હતું અને પરમ દિવસે જ્યારે અમે તેમના ઘરે ગયા હતા, ત્યારે બહેને અમને આ વાત કહી હતી. તે સમયે મારા બનેવી ઘરે નહોતા, ત્યારે મારી બહેનના દિયરે એવું કહ્યું હતું કે, 'ભાભી, તમે અફેરની વાતો બધાને કરશો તો હરેશ તમને મારી નાખશે. અને કાયદેસર કાલે આ લોકોએ મારી બહેનને મારી નાખી છે.'

'મારી બહેનને લગ્ન કર્યાને 15 વર્ષ થયા છે અને 13 વર્ષનું એક જ સંતાન છે. છેલ્લા એક વર્ષથી તે સતત ટોર્ચરિંગ કરી જ રહ્યો હતો. જ્યારથી આ લફરામાં પડ્યો હતો, ત્યારથી તેણે અમારી સાથેના સંબંધો પણ ઓછા કરી દીધા હતા. મારી બહેનને તે ખૂબ મારતો પણ હતો, પણ અમારે બહેનનાં ભાણીયાં હતાં, એટલે અમે તેને સમજાવીને ત્યાં રાખતા હતા અને તે બિચારી રહેતી હતી.

હેતુ બદલાયો તો પરત લેવાશે, 5 વર્ષ સુધી નિયમોમાં છૂટછાટ; 11 પ્રકારની સુવિધા ઊભી કરી શકાશે

ગુજરાતની નવરચિત 9 મહાનગરપાલિકાઓને વિના મૂલ્યે ફાળવાશે સરકારી જમીન

(એજન્સી) અમદાવાદ । તા. 23

ગુજરાતમાં નવી રચાયેલી 9 મહાનગરપાલિકાઓના માળખાકીય વિકાસને વેગ આપવા રાજ્ય સરકારે મોટો નિર્ણય કર્યો છે. હવે આ મહાનગરપાલિકાઓને વિવિધ નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે. મહેસૂલ વિભાગે જમીન ફાળવણીના પ્રવર્તમાન નિયમોમાં પાંચ વર્ષ માટે ખાસ છૂટછાટ આપતો ઠરાવ કર્યો છે.

આ નિર્ણયથી નવી મહાનગરપાલિકાઓને જમીન ખરીદવા પાછળ થનારા કરોડોના સંભવિત ખર્ચમાંથી રાહત મળશે અને વિકાસકાર્યો માટે જમીન મેળવવાની પ્રક્રિયા સરળ બનશે. અગાઉ સરકારે જાહેરાત કરી હતી, ત્યારે આજે 23 નવેમ્બરે ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે.

મહેસૂલ વિભાગના ઠરાવ મુજબ, નિર્ધારિત હેતુઓ માટે એક હેક્ટર સુધીની સરકારી જમીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તબદીલ કરી શકાશે. જોકે, એક હેક્ટરથી વધુ જમીનની જરૂરિયાત હોય તો રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે. જમીન ફાળવણી માટે સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે i-ORA પોર્ટલ મારફતે કલેક્ટર સમક્ષ અરજી કરવાની રહેશે.



જાહેર સુવિધાઓ ઊભી કરવા માટે ગૌચર જમીનની જરૂર પડે તો ગૌચર નીતિ મુજબ કાર્યવાહી કરવી પડશે. ગૌચર જમીન ફાળવવામાં આવે તેવા કિસ્સામાં તેટલી જ અન્ય સરકારી પડતર જમીન ગૌચર હેડ હેઠળ અનામત રાખવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. ગૌચર જમીન મેળવવા માટે રાજ્ય સરકારની મંજૂરી લેવી ફરજિયાત રહેશે. સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે, પરંતુ તેની માલિકી સરકારની જ રહેશે. ફાળવાયેલી જમીનનો ઉપયોગ માત્ર મંજૂર કરાયેલા જાહેર હેતુ માટે જ કરવાનો રહેશે. જમીનના ગામ નમૂના નંબર 7માં કબજેદાર તરીકે 'શ્રી સરકાર' અને અન્ય હક્કમાં 'શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ' નોંધવામાં આવશે. જો જમીનનો નિર્ધારિત હેતુ માટે ઉપયોગ નહીં થાય અથવા સરકારને અન્ય જાહેર હેતુ માટે તેની જરૂર પડે તો સરકાર જમીન પરત લઈ શકશે.

મહેસૂલ વિભાગ દ્વારા આપવામાં આવેલી આ ખાસ છૂટછાટ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન નવરચિત મહાનગરપાલિકાઓ જાહેર સુવિધાઓ માટે જમીન મેળવવાની પ્રક્રિયા આ ખાસ જોગવાઈઓ હેઠળ કરી શકશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી નવી મહાનગરપાલિકાઓને વહીવટી કચેરીઓ, પાણી-ગટર વ્યવસ્થા, અગ્નિશમન સેવા અને સામાજિક સુવિધાઓના વિકાસ માટે જમીન મેળવવામાં સરળતા રહેશે. સાથે જ જમીન ખરીદવા પાછળનો ખર્ચ બચાવીને શહેરોના માળખાકીય વિકાસ માટે નાણાંનો ઉપયોગ કરી શકાશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...